# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦/-



નવેમ્બર
૨૦૦૮

**આધ્યાત્મિક ભૂખ રાખો**

તમને સાચેસાચ આધ્યાત્મિક ભૂખ છે? તમારે ખરેખર ભગવાન જોઈએ છે? પ્રહ્લાદ જેવા આવેશથી પ્રાર્થના કરો, રાધાની માફક ગાઓ, વાલ્મીકિની જેમ નામજપ કરો. આ જ સેકંડે તમને દર્શન થશે.

\- સ્વામી શિવાનંદ



ૐ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૫ અંક : ૧૧ નવેમ્બર-૨૦૦૮


ૐ

**देहेन्द्रियमनोबुद्धिप्रकृतिभ्यो विलक्षणम् ।**
**तद्वृत्तिसाक्षिणं विद्यादात्मानं राजवत्सदा ॥**

**व्यापृतेष्विन्द्रियेष्वात्मा, व्यापारीवाविवेकिनाम् ।**
**दृश्यतेऽभ्रेषु धावत्सु, धावन्निव यथा शशी ॥**

**आत्मचैतन्यमाश्रित्य, देहेन्द्रियमनोधियः ।**
**स्वकीयार्थेषु वर्तन्ते, सूर्यालोकं यथा जनाः ॥**

आत्मबोधः-१८,१९,२०

શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રકૃતિથી વિલક્ષણ અને તેની વૃત્તિના સાક્ષી આત્માને રાજાની જેમ સર્વદા જાણવો જોઈએ.

જેમ વાદળાં દોડવાથી ચંદ્ર દોડતો હોય એમ અવિવેકીઓને જણાય છે તેમ ઈન્દ્રિયો ક્રિયા કરતી હોય તેમાં જાણે આત્મા ક્રિયા કરતો હોય એમ અવિવેકીઓને જણાય છે.

જેમ મનુષ્યો સૂર્યના પ્રકાશ વડે પોતપોતાના વ્યવહારો કરે છે તેમ આત્મચેતનાનો આશ્રય કરીને શરીર, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે.

## શિવાનંદ વાણી

ધ્યાન બ્રાહ્મમુહૂર્તમાં (ચાર વાગે) શરૂ કરવું જોઈએ. આ ખાસ સમયે મન ઘણું શાંત અને ગંભીર હોય છે. તે દુન્યવી વિચારો, બેચેની અને ચિંતાઓથી મુક્ત હોય છે. મન તુલનાની દૃષ્ટિએ સાંસારિક સંસ્કારો વિનાનું અને કોરા કાગળ જેવું હોય છે. આ સમયે મનમાં દુન્યવી વ્યાકુળતાઓ પ્રવેશે તે પહેલાં મનને ઘણી સરળતાથી વળાંક આપી શકાય છે. વધુમાં આ ખાસ સમયે વાતાવરણ પણ સત્ત્વગુણથી ભારિત-ચાર્જ્ડ હોય છે. તેથી ધ્યાન શરૂ કરો અને પુષ્કળ આધ્યાત્મિક પાક લણો. **- સ્વામી શિવાનંદ**

ૐ

## નૂતન વર્ષાભિનંદન

સર્વે શુભેચ્છકો, સાધકો, જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓને વિક્રમ સંવત ૨૦૬૫ના વર્ષના હાર્દિક અભિનંદન ! નૂતન વર્ષમાં સદૈવ શ્રી શ્રી પ્રભુ અને સદ્‌ગુરુદેવના અમોઘ આશીર્વાદ બહુવિધ માંગલ્ય કરો, એ જ શુભાકાંક્ષા.

-સંપાદક મંડળ


**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**

•

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

•

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

•

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org


### લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૦૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૨૫૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૦/- |

**વિદેશ માટે :**
વાર્ષિક $ 12 અથવા £8 (એર મેઈલ)
પેટ્રન $ 250 અથવા £160 (એર મેઈલ)
ફેક્સ ડ્રાફટ (અમદાવાદ) દ્વારા


**પ્રકાશક-મુદ્રક :** શ્રી સુમંતરાય સી. દેસાઈ વતી માલિક ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય | ૧ |
| ૨. અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. શ્રીમદ્ ભાગવત-૨ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| ૫. આચારાંગ સૂત્ર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી | ૬ |
| ૬. ભજ ગોવિંદમ્ | શ્રી સ્વામી ચિદાનંદજી | ૭ |
| ૭. ભક્તિયુગ-૫ . | શ્રી સ્વામી સત્યાનંદજી | ૯ |
| ૮. સિદ્ધિ વિશે-૪ | શ્રી યોગેશ્વરજી | ૧૧ |
| ૯. યોગ એ જ જીવન | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૩ |
| ૧૦. બ્રહ્મલીન પ.પૂ. શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની સ્મૃતિગાથા | અનુ. ડૉ. મફતલાલ પટણી | ૧૬ |
| ૧૧. ઉપનિષદ-યાત્રા | શ્રી ગુણવંતભાઈ શાહ | ૧૮ |
| ૧૨. વિષ્ણુ-ષટ્પદી | શ્રી રમણલાલ સોની | ૨૧ |
| ૧૩. શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૨૩ |
| ૧૪. શ્રીચૈતન્ય મહાપ્રભુજી-જીવન પ્રસંગો | શ્રી કનૈયાલાલ મ. પંડ્યા | ૨૫ |
| ૧૪. અસતો મા સદ્ગમય | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૭ |
| ૧૫. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૮ | | ૨૯ |
| ૧૭. વૃત્તાંત | | ૩૧ |


## તહેવાર સૂચિ

**નવેમ્બર, ૨૦૦૮**

| તા. | તિથિ | (કારતક સુદ) |
|---|---|---|
| ૪ | ૬ | શ્રી સ્કન્દ ષષ્ઠી |
| ૬ | ૮ | ગોપાષ્ટમી |
| ૯ | ૧૧ | એકાદશી (પ્રબોધિની) |
| ૧૧ | ૧૩ | શ્રી તુલસી પૂજા, ઉત્થાન દ્વાદશી, ચાતુર્માસ વ્રત પૂરું, પ્રદોષપૂજા |
| ૧૧ | ૧૩ | શ્રી વૈકુંઠ ચતુર્દશી |
| ૧૨/૧૩ | ૧૪-૧૫ | પૂર્ણિમા |
| ૧૩ | ૧૫ | શ્રી ગુરુનાનક જયંતી |
| | | **(કારતક વદ)** |
| ૨૩ | ૧૧ | એકાદશી |
| ૨૪ | ૧૨ | પ્રદોષપૂજા |
| ૨૫ | ૧૩ | શ્રી જ્ઞાનેશ્વરજી મહારાજની પુણ્યતિથિ |
| ૨૭ | ૩૦ | અમાવાસ્યા |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

છેલ્લો વિચાર મનુષ્યોની મહાનતાને પ્રમાણિત કરે છે. મહાત્મા ગાંધીજીએ છેલ્લી પળે 'હે રામ !' બોલીને પ્રાણ તજ્યા હતા. રાજા રામમોહન રૉય 'ઓમ્' બોલ્યા હતા. શ્રીરામકૃષ્ણ પરમહંસ માતા કાલીનું પવિત્ર નામ બોલ્યા હતા. વિવેકાનંદ પણ ગાયત્રી બોલ્યા હતા. જ્યાં સુધી સર્વકાળ ભગવન્નામ અંદરથી ન લેવાતું હોય, તો અંત સમયે તે હોઠ ઉપર કદાપિ નહિ આવે.

**- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- રવાનગી સરળતા માટે આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ઇચ્છનીય છે.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**ભક્તિયોગ વિશે ગીતાનો ઉપદેશ :** શ્રીરામે શબરીનાં ઘણા પ્રેમથી સંઘરેલાં અને ચાખેલાં બોર ધ્યાનથી ખાધાં. શ્રીકૃષ્ણે સુદામાજીની ચિંથરાની પોટલીમાં બાંધેલા તાંદુલ ઘણા પ્રેમથી ખાધા. ગીતામાં ભગવાન કહે છે : 'પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ । તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥' 'જે મને પત્ર, પુષ્પ, ફળ કે જળ ભક્તિથી આપે છે, તે શુદ્ધ ચિત્તવાળાનું ભક્તિપૂર્વક આપેલું હું સ્વીકારું છું.' તેથી તમે ભગવાનને તમારું હૃદય આપો. તેમને કીમતી ભેટો કે બીજું કંઈ જોઈતું નથી, તેમને તો માત્ર ગંભીર ભક્તિ જોઈએ છે.'- **સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

વૈદિક મંત્રોચ્ચાર કહે છે,

'ન કર્મણા ન પ્રજયા ધનેન ત્યાગેનૈકે અમૃતત્વમાનશુઃ ।' 'ત્યાગેન એકે' એકમાત્ર ત્યાગથી જ અમૃત તત્ત્વની પ્રાપ્તિ થાય છે. યુધિષ્ઠિર ધર્મપુત્ર હતા. શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ પાંડુ હતા; પરંતુ ભારતમાં કે ભારત બહાર તેમનાં ક્યાંય દેરી દેવળ ખાંભી મૂકાયાંની જાણ નથી. જ્યારે જલારામ બાપાનાં મંદિર અધધધધ ! ક્યાં નથી ? લંડનના બ્રીસ્ટોલથી સુદૂર જંગલમાં પહાડ ઉપર મહાકાળીનું મંદિર ઇંગ્લિશ લોકો જ ચલાવે છે, પણ ત્યાં આ જલીયો બાપો બેઠો જ છે. મા વીરબાઈનું સાધુ સેવામાં દાન આપવાનું અને સાધુ જ્યારે તેમને પાછાં મૂકી ગયો ત્યારે 'હવે તમે ભગવાનની અનામત' એવું કહીને ઈશ્વરની થાપણ જાણીને સન્માનપૂર્વક રાખવાનું આ સો વર્ષ પહેલાં એક ગામડાં ગામનો ગમાર માણસ આવી જબરી-ધીંગી હિંમત દાખવી શકે, તે યુગો સુધી જનમાનસ વાગોળશે.

આ નવેમ્બર મહિનાની પાંચમી તારીખે કારતક સુદ સાતમના પવિત્ર દિવસે સંત જલારામ જયંતી છે. સાતમી તારીખે શ્રી રંગ અવધૂતજીનો પ્રાકટ્ય દિવસ છે અને સત્તાવીસ તારીખે તેમનો સમાધિ દિવસ છે. આ સિવાય તેરમી તારીખે કારતક પૂર્ણિમાના પવિત્ર દિવસે શ્રી ગુરુનાનક જયંતી, અઢાર તારીખે પૂજ્ય ડોંગરે મહારાજ, ચોવીસ તારીખે ગુરુ તેગબહાદુરજી તથા પચ્ચીસ તારીખે સંત જ્ઞાનેશ્વરના સમાધિ દિવસો છે.

આ સંતો પચ્ચીસ પચાસથી પાંચસો વર્ષ પૂર્વે સુધી થયા છે, હજુ પણ આપણે હૈયે જાગ્રત છે. તેનું કારણ તેમનાં સર્વેનાં હૈયાં સેવા, પરોપકાર અને પ્રભુપ્રેમથી ધબકતાં હતાં.

માનવનો જન્મ થાય. મૃત્યુને પણ માનવ વરે. પરંતુ આ બંને વચ્ચેના અવકાશને જીવન કહી શકાય કે કેમ ? એક પ્રશ્ન છે - આ યાત્રા થશે; મૃત્યુ ભણી. જીવન તો શોધવું પડશે. આપણને જન્મ મળે છે. જીવન પામવાનો વિષય વિકટ છે, જીવન સંઘર્ષ છે. જીવન કવનની વાટે જેમણે પણ સંઘર્ષ કર્યો છે, તે સૌ જીવનને જીવી જાણ્યા. તેમને જીવન મળ્યું. તેમણે બીજાં અનેકાનેક ઇતરજનોને જીવન જીવવાનો માર્ગ ચીંધ્યો. તેઓ જે કંઈ પામ્યા, તેની તેઓએ લહાણી કરી. અહીં જ જીવનનું સાર્થક્ય.

જીવન એક સંગીત છે. આનંદનો સ્રોત છે. ઉમંગ અને ઉલ્લાસનો અસ્ખલિત પ્રવાહ છે. તેમાં કંઈ વ્યવધાનો હોય કે વિસંવાદિતા હોય; તો તે આપણો વ્યક્તિગત સ્વભાવ - Our personal attitude - છે ! આ attitude જ aptitudeનું જનક છે. માટે વર્તમાનમાં જીવવું. ભૂતકાળને ફંફોસવાની કંઈ આવશ્યકતા નથી. વર્તમાન જ ભવિષ્યનાં મંડાણ કરે છે. જીવનની પ્રત્યેક પળેપળ આ મારું શરીર, મારો વિચાર, મારો વ્યવહાર વ્યક્તિગત નથી, સમષ્ટિગત છે. એમ જાણી શકાય-માણી શકાય. તો ખરા અર્થમાં જીવનને પામી શકાય.

કુદરતે આપણાં સૌનાં જીવનમાં દેહ ગેહ વિચાર અને સંસ્કાર સમૃદ્ધિ એક સરખાં આપ્યાં નથી. તેનો શોક કરવાનું પણ કારણ નથી. જ્યાં છીએ, ત્યાંથી જ આનંદમાર્ગના યાત્રી બનવું. પ્રત્યેક સર્જન તેના પ્રારંભમાં શૂન્ય જ હોય છે. આપણે શૂન્ય થતાં શીખવાનું છે. આ શૂન્ય એટલે અહંકાર રહિત, નિષ્કપટ, નિષ્પાપ, સરળ અને સહજ. શ્રીકૃષ્ણની બંસરી ! ખાલી થઈ ગઈ. તેનો પોતાનો કોઈ સ્વર નહીં. હૃદય વીંધી નાખ્યું. ગ્રંથીઓ ભેદી નાખી. ગ્રંથીરહિત, નિર્મળ હૃદય, સંપૂર્ણ શરણાગતિ. પ્રભુએ જે સ્વર સાંભળવો હોય, તેવી ફૂંક ઈશ્વર મારે... મારું કંઈ જ નહીં. 'હે નાથ ! હું તારો છું. તું મારો છે. તારી ઇચ્છા પ્રમાણે જ બધું થાઓ. આપણે ત્યાગ કરી જ શું શકીએ ? 'ત્યાગેન એકે' આપણી પાસે આપણું કહેવાય તેવું વ્યક્તિગત, પોતીકું કંઈ હોય તો તે છે, આપણા નીજી અહંકાર, ગર્વ, મદ, માનની કામના, ઇચ્છા, તૃષ્ણા અને ઈર્ષ્યાનો ત્યાગ. વૈદની દવા સાથે, ખાનપાનની પરેજી પાળવી પડે, તેવું હરિભજન અને સેવા સાથે નૈતિક જીવનના હિમાયતી પણ થવું જ પડે તો જ આ જીવન ત્રિવેણીનું કારતક સ્નાન સાર્થક થાય. ૐ શાંતિ.'- **સંપાદક**

# શ્રીમદ્ ભાગવત-૨

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

[સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ પ્રકાશિત શ્રી સ્વામી શિવાનંદજીનાં લખાણો અને ઉપદેશો પર આધારિત 'યોગના પાઠો'માંથી સાભાર - સૌજન્ય : ધી ડિવાઈન લાઈફ સોસાયટી - સાઉથ આફ્રિકા]

**પરીક્ષિતની ભવિતવ્યતા (ભાવિ) :**

સમય જતાં ધર્મનિષ્ઠ અને પવિત્ર રાજા પરીક્ષિતનું લગ્ન થયું અને તેને ચાર પુત્રો થયા. બ્રાહ્મણોએ તેનું ભાખેલું ભવિષ્ય યથાર્થ નીવડ્યું.

એક વાર તે ભલો રાજા શિકારે ગયો. તે દિવસ તેને માટે સારો ન નીવડ્યો કારણ કે બધાં જ પ્રાણી છટકી ગયાં. તે ઘણો નાસીપાસ થયો. ખૂબ ગરમી પડતી હતી અને તેને તરસ લાગી હતી. ઘણું લાંબુ ચાલીને તે થાકી ગયો હતો. એવામાં તેણે એક આશ્રમ જોયો. તે ઉતાવળે ત્યાં પહોંચી ગયો. આ આશ્રમ શમિક ઋષિનો હતો.

શમિક ઋષિએ મૌન વ્રત ધારણ કર્યું હતું અને તે સમયે તે ધ્યાનસ્થ હતા.

રાજાએ તેમને બોલાવ્યા અને કહ્યું, 'હે ઋષિ ! હું થાકી ગયો છું અને તરસ્યો છું. મને કૃપા કરીને પાણી આપો.'

ઋષિ તરફથી કોઈ ઉત્તર ન મળ્યો. રાજાએ વારંવાર વિનંતી કરી છતાં ઋષિ ન હાલ્યા. તરસ્યો રાજા ખિજાયો. તેની જિંદગીમાં પહેલી વાર તેણે પવિત્ર માણસ પ્રત્યે ગુસ્સાની અને વેરની ભાવનાને સ્થાન આપ્યું.

તે મોટેથી બોલ્યો, 'આ ઋષિ ધ્યાન કરતો નથી, તે ઢોંગ કરે છે.'

પછી તેણે પાસે પડેલા મરેલા સર્પને તેના ધનુષની અણીથી ઊંચકીને ઋષિની ડોકમાં નાખ્યો. આમ છતાં ઋષિએ નેત્રો ન ખોલ્યાં. રાજા ચાલ્યો ગયો.

જ્યારે ઋષિના પુત્ર શૃંગીએ રાજાએ તેના પિતા પ્રત્યે કરેલા આ પાપકર્મને જાણ્યું ત્યારે તેની આંખો ક્રોધથી લાલ થઈ ગઈ. શૃંગીના મનમાં એક ઋષિપુત્રને છાજે તેવી મહાન શક્તિ હતી. તેને એક ક્ષણ પણ ચેન પડતું ન હતું. તેનાં મન, શરીર, શબ્દો, કર્મો અને ઈચ્છાઓ તેને વશ હતાં. માત્ર એક બાબતમાં તે લાયક ન હતો - તેનો મિજાજ તેના પિતાની માફક તેણે વશ કર્યો ન હતો. છતાં તે એટલો મહાન હતો કે તેનું બોલેલું, ભલે તે ગુસ્સામાં બોલાઈ ગયું હોય, સત્ય થતું- પિતા પ્રત્યેના પ્રેમ અને તેમની વૃદ્ધાવસ્થામાં તેમનું રક્ષણ કરવાની ઈચ્છાએ તેને અત્યંત ક્રોધિત કર્યો.

ધીરેથી દાંત કચકચાવીને બોલ્યો, 'જે માણસે મારા પિતાના ગળામાં આ મૃત સર્પ નાખ્યો છે તેને સર્પોનો રાજા તક્ષક કરડશે અને સાત દિવસ-રાતના ગાળામાં તેનું મૃત્યુ થશે.'

આ શાપનું ઉચ્ચારણ થતાં જ જંગલ ઉપરથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. અતિ દૂર સર્પના સિંહાસન ઉપર બેઠેલા ભયંકર તક્ષકે આ બાળ ઋષિના ક્રોધની હાકલ અનુભવી. ધીરેથી પોતાનાં ગૂંચળાં ઉકેલી મનુષ્યોના જગત તરફ સરકવા લાગ્યો.

બોધ : સ્વામી શિવાનંદ આપણને ચેતવે છે : 'ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે અને સ્વપ્ને પણ ન વિચાર્યું હોય તેવાં કર્મો કરાવે છે. તે માનસિક નબળાઈની નિશાની છે. તેની મૂર્ખતાથી શરૂઆત થાય છે અને તેનો અંત પશ્ચાત્તાપ અને શોચમાં આવે છે.'

**રાજા પરીક્ષિતનું વ્રત-પ્રતિજ્ઞા**

શમિક ઋષિનો પુત્ર આવ્યો ત્યારે તેમનું મૌન વ્રત પૂરું થયું હતું. જ્યારે તેમને શાપની વાત કહેવામાં આવી ત્યારે તેઓ ખૂબ દુઃખી થયા. તેમણે કહ્યું, 'ઓ મારા પુત્ર ! આપણા રાજા મહાત્મા છે. માત્ર તેમના રક્ષણ હેઠળ આપણે શાંતિથી જીવી શકીએ છીએ. ભગવાનના ભક્ત તરીકે આપણે આપણું અપમાન થાય કે આપણને ઈજા પહોંચાડવામાં આવે તોપણ બદલો ન લેવો જોઈએ. આપણે ક્ષમા કરવાનું શીખવું જોઈએ.'

રાજા પરીક્ષિતને પણ હૃદયમાં ખૂબ દુઃખ થયું. તેણે સ્વગત કહ્યું, 'અરે પવિત્ર માણસનું અપમાન કરીને મેં અજ્ઞાની જેવું વર્તન કર્યું છે. ભગવાન મને આ મહાન પાપ બદલ સજા કરશે.'

જ્યારે પરીક્ષિતે શમિક ઋષિના શિષ્યો મારફત શાપ વિશે જાણ્યું ત્યારે તેણે કહ્યું, 'આ શાપ નથી. તે

આશીર્વાદ છે. તે ચોક્કસ પરમાત્માની ઈચ્છા હોવી જોઈએ કે મારે આ સાત દિવસની પ્રત્યેક પળ ભગવાનના ચિંતનમાં ગાળવી જોઈએ.'

ત્યાર પછી પરીક્ષિતે પોતાના પુત્ર જનમેજયને તથા એક વૃદ્ધ બ્રાહ્મણને બોલાવ્યા. તેણે પોતાના પુત્ર જનમેજયના માથા ઉપર મુગટ મૂક્યો અને આ યુવાન રાજાને વૃદ્ધ ગુરુને સોંપી ખુલ્લા પગે તથા પહેર્યે કપડે ગંગાકિનારે ચાલ્યો ગયો. તેણે મૃત્યુપર્યંત ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો.

આ સમાચાર મિનિટોમાં આસપાસ ફેલાઈ ગયા. આ મહાન રાજાને શ્રદ્ધાંજલિ આપવા એક પછી એક ઋષિઓ આવી પહોંચ્યા. વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરશુરામ, વેદ વ્યાસ અને સ્વર્ગીય મહાત્મા નારદ પણ તેમાં હતા. રાજાએ તે સૌને આદર આપી સૌની પૂજા કરી.

એકાએક અલૌકિક પ્રકાશથી દીપતા મુખવાળી એક યુવાન વ્યક્તિ ત્યાં આવી અને ઉચ્ચાસને બિરાજમાન થઈ. બધા જોનારા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. બાહ્ય દેખાવ ઉપરથી લાગતું હતું કે તે મહાન ઋષિનો પુત્ર હોવો જોઈએ. તેનાં ઊભા રહેવાની છટા, અંગવિન્યાસ અને સમતુલા તથા વ્યક્તિત્વ ઉપરથી દૃઢપણે પ્રગટ થતું હતું કે તે જ્ઞાની ગુરુ હતો. તેની ઉંમર ખૂબ નાની હતી છતાં તેની આસપાસ દિવ્ય તેજનું વર્તુળ હતું. તે બીજા કોઈ નહીં પણ વેદ વ્યાસનો પુત્ર શુકદેવ હતો. રાજાને તેમનું લાવણ્ય કામદેવ જેવું લાગ્યું. તેમની આંખો તેજસ્વી હતી અને તેમના હોઠ પરથી આનંદના બિંદુ ઝરતાં હતાં. ત્યાં હાજર રહેલા ઋષિઓ તેમને એક દિવ્ય વ્યક્તિ તરીકે ઓળખી ગયા અને તેમનું સ્વાગત કરવા પોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા.

મહાનોમાં પણ મહાન એવા શુકદેવજીએ સ્થાન ગ્રહણ કર્યું ત્યારે પરીક્ષિતે અતિ માનથી નમસ્કાર કર્યા અને કહ્યું, 'અમારી વચ્ચે આપને મેળવીને અમે કૃતાર્થ થયા છીએ. કૃપા કરી મને કહો કે મરણોન્મુખ વ્યક્તિનું કર્તવ્ય શું છે ?'

હોઠ ઉપર ફરકતા સ્મિત સહિત શુકદેવજીએ કહ્યું, 'તમે જે પ્રશ્ન પૂછ્યો છે તે અને તમે જે શંકા વ્યક્ત કરી છે તે આખા સંસાર માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. આ પ્રશ્નનો ઉત્તર માત્ર તમારા એકલા માટે નથી. સાંભળો. જો તમે સર્વ ભયને દૂર કરવા માગતા હો અને મૃત્યુ પછી શ્રીહરિને પામવા ઈચ્છતા હો તો અનુસરવા યોગ્ય એક જ માર્ગ છે. શ્રીહરિની અદ્‌ભુત કથાઓનું શ્રવણ કરો અને ભગવાનના દરેક કાર્યના અર્થ ઉપર ઊંડું મનન કરો. પછી એકાગ્રતાથી તેમનામાં મન સ્થાપી દો. આ સ્થિતિમાં તમારું મન પવિત્ર થઈ જશે અને તેમાં પ્રેમનાં પૂર પ્રગટશે.'

રાજાએ કહ્યું, 'હું શેની ઉપર ધ્યાન કરું અને કઈ રીતે ધ્યાન કરું ?'

શુકદેવજીએ કહ્યું, 'ઓ મહારાજ ! સૌથી પ્રથમ તમે દૃઢતાથી બેસો. અનેક ઈચ્છાઓને કારણે શરૂઆતમાં મન અસ્થિર રહેશે. સર્વ કામનાઓનો ત્યાગ કરો. જ્યારે તમે ટટ્ટાર બેસો ત્યારે તમારા શ્વાસોચ્છ્‌વાસનું નિયમન કરો. તમારું મન પછી શાંત થશે અને તમને સારું ધ્યાન લાગશે. આખું બ્રહ્માંડ માત્ર ઈશ્વર જ છે. બીજું કંઈ નહીં. તેથી તમે ભગવાનના સ્થૂળ રૂપનું ધ્યાન કરો.'

શુકદેવજીએ આગળ કહ્યું, 'ધ્યાનની બીજી રીત એ છે કે તમે તમારા હૃદયમાં શ્રીકૃષ્ણના સુંદર રૂપનું ધ્યાન કરો. હૃદયની અંદર તેમનું ચતુર્ભુજ મોહક રૂપ ધારી ધારીને જુઓ. તેમનાં મધુર દીપ્તિમાન હાસ્ય અને સુંદર વિશાળ નેત્રોનું ચિત્ર ખડું કરો. તેમના કટિપ્રદેશની આસપાસ પીતાંબર છે. તેમના વક્ષઃસ્થળ ઉપર તેજસ્વી મણિ છે. તેમના સુંદર કંઠમાં કદી ન કરમાય તેવાં પુષ્પોની માળા છે. મન ભટકવાનું બંધ કરે ત્યાં સુધી આ સ્વરૂપનું ધ્યાન કરો. ભગવાનનું દિવ્ય સ્વરૂપ ભક્તને બીજી કોઈ પણ વસ્તુને જોવાની ઈચ્છામાંથી મુક્ત કરે છે.'

**ભગવાન તેજ છે. ભગવાન તપ છે**

રાજા શુકદેવજીના મુખને ભક્તિપૂર્ણ પ્રશંસાથી અનિમેષ દૃષ્ટિથી જોવા લાગ્યો. તે વ્યાસનંદન શુકદેવજીના મુખથી નીકળતી કથાનું પાન કરવા લાગ્યો. તેના જિજ્ઞાસુ મને પ્રશ્નો પૂછવાના ચાલુ રાખ્યા. તેણે ભગવાન સૃષ્ટિનું રક્ષણ અને પાલન કઈ રીતે કરે છે તે જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. શુકદેવજીએ જે કથા બ્રહ્માજીએ નારદજીને કહી હતી તે કથા પરીક્ષિતને કહેવા માંડી.

બ્રહ્માએ નારદને કહ્યું, 'ભગવાને મને ઉત્પન્ન કર્યા પછી એક દિવસ હું સૃષ્ટિસર્જન કરવા માગતો હતો

પણ સર્જન કેવી રીતે કરવું તે હું જાણતો ન હતો. જ્યારે હું ગૂંચવાઈને બેઠો હતો ત્યારે મેં એક અવાજ સાંભળ્યો, 'તપ, તપ.' મેં આસપાસ જોયું પણ મને કોઈ જોવા ન મળ્યું. પછી મેં તે આજ્ઞાનું પાલન કરવાનો નિશ્ચય કર્યો. મેં ઘણાં વર્ષો સુધી તપ કર્યું. ધ્યાનમાં મને ભગવાને મારે સર્જનના કાર્યમાં કેવી રીતે આગળ વધવું તે સમજાવ્યું.'

'ભગવાન મારી ઉપર ખૂબ ખુશ થયા એટલે તેમણે મને તેમના ધામની ઝાંખી કરાવી. હું ભગવાન નારાયણના અવર્ણનીય સૌંદર્યને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. તે એટલા બધા સુંદર પ્રકાશથી સભર હતું કે મારી આંખો અંજાઈ ગઈ. તે સહસ્ર સૂર્યો કરતાં પણ વધુ તેજસ્વી હતું. અહીં સંપૂર્ણ અસ્તિત્વ શાંતિ અને સુખમાં તરબોળ બની જતું હતું. ભગવાનના ભવ્ય મહેલમાં ન ભય હતો કે ન મૂંઝવણ.'


'પછી મેં હોઠ ઉપર કૃપાળુ સ્મિતવાળા સર્વશક્તિમાન પરમાત્માનાં દર્શન કર્યાં. જેમનું દર્શન પણ મોહક હતું એવા પચીસ પાર્ષદોથી વીંટળાયેલા સિંહાસન ઉપર બેસીને ભગવાને મને તેમનાં વિશાળ, તેજસ્વી, લાલ નેત્રો વડે કૃપાવંત અનિમેષ દૃષ્ટિથી જોયો. હું મંત્રમુગ્ધ થઈ ગયો.'

'હે નારદ ! તેમની સુંદરતા, પ્રેમાર્દ્રતા અને દિવ્ય પ્રતિભાનું હું શબ્દોમાં વર્ણન કરી શકતો નથી. પછી ભગવાને મને કહ્યું : હે બ્રહ્મા, હું તારા તપથી પ્રસન્ન થયો છું. આ તપ કરવા માટે મેં જ તને પ્રોત્સાહિત કર્યો હતો. તપ મારું હૃદય છે. હું જ તપનો આત્મા છું. હું તપની જ આ જગતનાં સર્જન, પાલન અને લય કરું છું. તપ જ મારી શક્તિ છે.'

'પછી ભગવાન અંતર્ધાન થયા અને હું ઘણા દીર્ઘ કાળપર્યંત તેમનામાં તલ્લીન રહ્યો.'

**બોધ** : જો આપણે ભક્તિથી તપ અથવા આધ્યાત્મિક સંયમનો અભ્યાસ કરીએ તો આપણે મન અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરી શકીશું. આપણા હૃદયમાં ભક્તિનો વિકાસ થશે. ભગવાન આપણી સમક્ષ પ્રગટ થઈને આપણી શંકાઓ દૂર કરશે. પૂ. સ્વામી શિવાનંદ કહે છે : 'ભક્તિ વિના જ્ઞાન નથી. ભક્તિ ફૂલ છે અને જ્ઞાન તેનું ફળ છે.'

'યોગના પાઠ'માંથી સાભાર



कामा
अल्पसत्त्वैरनवाप्तपुण्योपचयैरुल्लङ्घयितुं
दुष्करम् ।

## આચારાંગ સૂત્ર

### આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી

**ખાડો માત્ર પાંચ ફૂટનો જ હતો અને યુવક પચ્ચીસ વરસની વયનો હતો. શરીરનો એ તંદુરસ્ત હતો પણ મનનો એ માયકાંગલો હતો. અને એટલે જ એ પોતાની પાછળ આવી રહેલા ગુંડાઓને જોવા છતાં નાનકડો પણ ખાડો કૂદી ન શક્યો. ગુંડાના હાથમાં પકડાઈ ગયો અને પોતાની પાસે રહેલી તમામ સંપત્તિ ગુમાવી બેઠો.**

**એની નેકલેસ ખરીદવાની તીવ્ર ઇચ્છા છતાં એમાં એને સફળતા ન મળી; કારણ કે નેકલેસની કિંમત રૂપિયા ૫૦,૦૦૦ હતી અને એની પાસે રૂપિયા હતા માત્ર ૫,૦૦૦.**

**જેની પાસે સત્ત્વ ઓછું છે એ પોતાની ઇચ્છાઓને કાબૂમાં નથી રાખી શકતો, જેનું પુણ્ય ઓછું છે એ પોતાની ઇચ્છાઓને સફળ બનાવી નથી શકતો.**

**પ્રભુ ! આ જ સ્થિતિ છે અમારી. સત્ત્વ અને પુણ્ય બંને ઓછાં છે. પુણ્યની કચાશને કારણે જે મેળવવું છે તે મળતું નથી અને સત્ત્વની કચાશને કારણે ઇચ્છાઓને નિયંત્રિત કરી શકાતી નથી.**

## પ્રભુ !

**પુણ્ય ન વધે તો કાંઈ નહીં, આપ અમારું સત્ત્વ વધારી દો. સામગ્રી ન વધે તો કાંઈ નહીં, સામગ્રી ઘટાડવાનું સત્ત્વ તો અમારામાં પેદા થવું જ જોઈએ.**


'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર



ૐ શ્રી સદ્‌ગુરુપરમાત્મને નમઃ

# ભજ ગોવિંદમ્

**પ્રવક્તા : શ્રી સ્વામી ચિદાનંદજી**



[જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્યજીએ જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરતું 'ભજ ગોવિંદમ્' સ્તોત્ર રચ્યું. પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજીએ સંગીત કલામંદિર ટ્રસ્ટ કોલકતા તરફથી ગોઠવાયેલા વાર્ષિક જ્ઞાન-સત્રમાં તે સ્તોત્ર પર પ્રવચનો આપેલાં. તે પ્રવચનોનું સંકલન એટલે 'ભજ ગોવિંદમ્' પુસ્તિકા. સ્વામીજી આપણને સંસારમાં રહીને જીવન-લક્ષ્ય કેવી રીતે સાધી શકાય તેની પ્રવચનો દ્વારા સમજણ આપે છે. -સંપાદક]

પ્રસન્ન અમર આત્મા! દિવ્યનાં વહાલાં અને ભાગ્યશાળી બાળકો! ભગવાનના ભક્તો! મુક્તિ આપનાર ડહાપણ અને ઉન્નત કરનાર જ્ઞાનની આતુરતાપૂર્વક ઇચ્છા રાખતા જિજ્ઞાસુઓ, જન્મમૃત્યુ જરા વ્યાધિ દુઃખ - જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, માંદગી અને દુઃખ- જે કાળ અને દેશની સીમિત પરિસ્થિતિમાં સમાવિષ્ટ આ દુન્યવી જીવનનાં લક્ષણો છે તેમાંથી સાચા દિલથી મુક્ત થવા માગતા મુમુક્ષુઓ!

તે સર્વોપરી તાત્ત્વિકતા, શાશ્વત વૈશ્વિક દિવ્ય આત્મા, અનાદિ અને અનંત, શાશ્વત અને અમર્યાદ ગહન શક્તિ, જે બધાં જ નામ અને રૂપોમાં અને કાળ તથા દેશમાં વ્યાપ્ત છે - તેને પૂજ્યભાવથી પ્રણામ. તે આપણા પર અહૈતુકી અનુગ્રહ કરી મહાન જગદ્‌ગુરુ પૂર્ણાવતાર ભગવાન કૃષ્ણ રૂપે પ્રગટ થયેલી. ભગવાન કૃષ્ણ આપણને આપણું જીવન યજ્ઞના મહાન આદર્શ પ્રમાણે જીવવાનું, તેના સર્જનના લાભ માટે જીવી જવાનું અને મુક્તિની પ્રાપ્તિ માટે યોગસાધના કરવા માટે નિર્માયું છે તે સ્પષ્ટ રીતે સમજાવવા અવતરેલા.

ભગવદ્-આચાર્ય જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્યને પ્રણામ. તેઓ આ ચોથા યુગ-કળિયુગ-માં ભગવાન કૃષ્ણના મહાન સંદેશને ફરીને યાદ કરાવવા માટે અવતરેલા. તે સંદેશ તેમણે આપણને ભગવાન કૃષ્ણના ભગવદ્‌ગીતાના જ્ઞાનોપદેશ પર પ્રબુદ્ધ અને સરળ ટીકા અને 'ગીતા જ્ઞાન ઉપદેશ'નો ગર્ભ અને સાર તેમના જાણીતા 'દ્વાદશ મંજરિકા' અથવા 'મણિ-રત્નમાળા' જે 'ભજ ગોવિંદમ્'ના નામે જાણીતો છે તે લખીને આપ્યો. આવા મહાન જગદ્‌ગુરુઓને વંદન. તેઓ માનવજાતનું કલ્યાણ કરનારા છે, તેમનો સ્વભાવ બધાનું કલ્યાણ કરવાનો છે. જેવી રીતે વસંતઋતુ કારણ વગર, માગ્યા વગર શિયાળાના વેરાન ઠંડા દિવસો પછી દુનિયા પરની બધી વનસ્પતિ અને બધાં પ્રાણીઓ પર પોતાનો સુખદ પ્રભાવ વર્તાવે છે, તેમ આ મહાન ગુરુઓ સમગ્ર માનવજાતનું શુભ કરનારા છે.

### આપણો મહાન વારસો

બદલાતા ઉપરછલ્લા દેખાવોની પાછળ અને તેમનાથી પર ન જોએલી **તાત્ત્વિકતા**ની દઢનિશ્ચયી શોધને જોરે જેમણે સભાનતાની ખૂબ ઊંચાઈ સર કરી છે અને સત્-ચિત્-આનંદ ચૈતન્યનો વિશાળ અનુભવ પ્રાપ્ત કર્યો છે. તેમણે ખાતરીપૂર્વક જણાવ્યું છે : 'તે જ **તાત્ત્વિકતા** છે, તે **એક જ તાત્ત્વિકતા** છે. પરમાનંદ એક **તાત્ત્વિકતા** છે. પરમાનંદ એકલાનું જ અસ્તિત્વ છે, પરમાનંદ સિવાય બીજું કોઈ પરિબળ છે જ નહીં. તે આદિકાળથી ફક્ત અદ્વૈત એક તરીકે અસ્તિત્વ ધરાવે છે. **એકમેવાદ્વિતીયં બ્રહ્મ** - બ્રહ્મ એક છે, બીજું કંઈ જ નથી. **આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત્** (તેણે) પરમસુખને જ બ્રહ્મ જાણ્યો છે. - તૈતિ. ઉપ. ૩.૬

મારા વહાલા મિત્રો ! આ દિવ્ય અનુભવના તમે વારસ છો. જો આપણી માતૃભૂમિ, આપણી વહાલી પુણ્યભૂમિને ભારત વર્ષને, સમસ્ત માનવતાને જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર ગગનમાં પ્રકાશે છે ત્યાં સુધી સદા કોઈ અમૂલ્ય વસ્તુ, જો તેને કોઈ મહામૂલો અજોડ કોઈ પણ ઠેકાણેથી ન મળી શકે તેવો ખજાનો આપવાનો હોય તો તે આ અપરોક્ષ - અનુભૂતિ છે.

આ(અપરોક્ષ) અનુભવ-નિરપેક્ષ, મહાન તાત્ત્વિકતા, બ્રહ્મનો છે, જે પરમસુખ - નિરપેક્ષ છે. તમે આ અજોડ અને અતુલ્ય **અનુભવ**ના વારસ છો. તે તમારી પાસે તમારા સાંસ્કૃતિક વારસાના અતિ કિંમતી ભાગ તરીકે, તમારા દેદીપ્યમાન ભૂતકાળના વારસાગત મળેલા અમૂલ્ય ખજાનાનો અતિ અમૂલ્ય ભાગ તરીકે આવેલો છે. તે માટે પ્રાચીન કાળના નિર્ભય જિજ્ઞાસુઓ, શોધકો, યોગીઓ, મુમુક્ષુઓ અને સાધુઓનો ખૂબ ખૂબ આભાર.

તેમણે દર્શાવ્યું : **'યદ્ દશ્યમ્ તદ્ નશ્યમ્'** જે દેખાય છે તે બધું નાશવંત છે, અસાર છે. આ સારું નથી. કંઈ જ સ્થિર નથી. તે તો નામ અને રૂપનો લોપ પામતો દેખાવ માત્ર છે. આનાથી આપણને સંતોષ ન થવો જોઈએ. દેખાતી દુનિયાની પેલી પાર કંઈક હોવું જ જોઈએ અને તેઓ તેની શોધમાં કૂદી પડ્યા. ઇન્દ્રિયોથી પેલી પારના અદશ્ય પ્રદેશોમાંનાં તેમનાં હિંમતભર્યા અને પહેલ કરતાં સંશોધનોના પરિણામે તેમણે કરેલી મહાન શોધ, તેમણે મેળવેલા અલૌકિક અનુભવના આપણે ભાગ્યશાળી વારસ બન્યા છીએ. તેમણે આપણને જાહેર કર્યું અને પછી તેમના અનુભવની નોંધ પાછળ મૂકતા ગયા. તે બધું આપણાં ઉપનિષદોમાં છે.

માટે, આ તો તમારું મહાન ઉજ્જ્વળ નસીબ છે. દૃષ્ટાઓ, ઋષિઓ, ગુરુઓ, યતિઓ અને સંન્યાસીઓની લાંબી પરંપરાએ જો કોઈ એક વસ્તુ કહી હોય તો તે છે તમારો જેની પર જન્મસિદ્ધ હક છે તે કીમતી ખજાનાની સભાનતા તમને પાછી આપવાની વાત; ઉદ્દેશ, તમે કેટલા ભાગ્યશાળી છો તેવી સભાનતા કરાવવાનો છે અને આ વિશિષ્ટ જ્ઞાનની સંપત્તિથી તમે કેટલા સંપત્તિવાન બન્યા છો તેનાથી સભાન બનાવવાનો પણ છે. ફરી ફરીને તેઓ કહે છે : 'તમે અહીં રડવા કકળવા આવ્યા નથી કે આ અસ્તિત્વમાંથી મૃત્યુ દ્વારા થોડા સમય પછી નષ્ટ થવા પણ આવ્યા નથી. તમે નાશ પામવા આવ્યા નથી પણ તમે સદા અવિનાશી, અનાશવંત છો તે ભૂલાયેલા સત્યથી સભાન થવા માટે આવ્યા છો. તમે અવિનાશી છો તે જાણવા માટે તમે આવ્યા છો.'

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥**
**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમ્ અક્લેદ્યોઽશોષ્યએવ ચ ।**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુર્ - અચલોઽયં સનાતનઃ ॥**

શસ્ત્રો તેને છેદતાં નથી, અગ્નિ તેને બાળતો નથી, પાણી તેને પલાળતું નથી, પવન તેને સૂકવતો નથી. આ આત્મા છેદી શકાતો નથી, બાળી, ભીંજવી કે સૂકવી શકાતો નથી. તે નિત્ય, સર્વવ્યાપી, સ્થિર, અવિચળ અને સનાતન છે. ગીતા ૨-૨૩,૨૪.

તમે એવા છો જેને શસ્ત્રો કાપી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, વાયુ સૂકવી શકતો નથી. તમે છો અજન્મા, શાશ્વત, સ્થાયી, કાળાતીત તમે છો **નિત્યશુદ્ધ નિત્યમુક્ત નિત્યબુદ્ધ નિત્યપરિપૂર્ણ અજર અમર અવિનાશી આત્મતત્ત્વ.** તું તે છે - **તત્ત્વમસિ** છાંદો. ઉપ.૬,૮,૭.

જ્યારે તમારી આ તાત્ત્વિકતા હોય તો તમારે તમારાં બંધનોને નકામાં શા માટે લંબાવી રાખવાનાં જોઈએ ? જો આ તમારી તાત્ત્વિકતા હોય, તમે ખરેખર આ જ હો તો તમે તમારી રાહ જોઈ રહેલા અપરોક્ષ અનુભવથી શા માટે તમારી જાતને વંચિત રાખો છો ? અંદરની તરફ દૃષ્ટિ કરો અને ત્યાં આ ખજાનો રહેલો છે તે જાણી લો. બધા જ અંધકારની પેલી પાર બધા પ્રકાશોનો પ્રકાશ તમારી હૃદયગુહામાં તમારી શાશ્વત ઓળખ આપતો પ્રકાશી રહ્યો છે.

**જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્તમસઃ પરમુચ્યતે ।**
**જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ॥**

તે સર્વ પ્રકાશોનો પ્રકાશ અંધકારથી પર કહેવાય છે. સર્વના હૃદયમાં રહેલો તે જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનથી જાણવાનું સાધ્ય છે. (ગીતા ૧૩,૧૭)

આપણી પવિત્ર ભાગ્યશાળી માતૃભૂમિ દરેક પેઢીમાં મહાન ગુરુઓ પામી લાભાન્વિત બની છે. આખા ભારતમાં હંમેશાં સુખ્યાત તેજસ્વી દીપકો પથરાયેલા છે. તેમાંથી મોખરાના શંકરાચાર્ય છે. તેમને હંમેશાં વચગાળાના સમયના શ્રેષ્ઠ સંતોમાંના એક તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

**સદાશિવ સમારમ્ભાં શંકરાચાર્ય મધ્યમામ્ ।**
**અસ્મદાચાર્ય-પર્યન્તાં વન્દે ગુરુપરમ્પરામ્ ॥**

હું ગુરુઓની પરંપરાને વંદન કરું છું, તેની શરૂઆત સદા પવિત્ર ભગવાન શિવથી વચ્ચે શ્રી આદિ શંકરથી અને પછી મારા પોતાના ગુરુથી થયેલી છે. (ક્રમશઃ)

# ભક્તિ યુગ-૫

- શ્રી સ્વામી સત્યાનંદજી

[શ્રી સ્વામી સત્યાનંદ સરસ્વતી (જન્મ ૧૯૨૩) પૂજ્ય ગુરુદેવ સ્વામી શિવાનંદજીના અનન્ય શિષ્ય છે. ૧૯૫૬માં તેમણે મુંગેર-બિહારમાં આંતરરાષ્ટ્રીય યોગમિત્રમંડળની સ્થાપના કરી. હાલ તેઓ રિખિયા (બિહાર)માં વસ્યા છે. ઈશ્વર તેમને સુદીર્ઘ નિરામય આયુષ્ય આપે. -**સંપાદક**]

**मकतबे इश्क का दुनिया में निराला है उसूल ।**
**उसको छुट्टी न हुई जिसको सबक याद हुआ ॥**

*પ્રભુ પ્રેમનો પંથ ન્યારો છે. ભક્તિ તો કરવી જ પડશે. અન્યથા મુક્તિ સંભવ નથી.*

ભક્તિનો પૂજા-પાઠની સાથે કોઈ સંબંધ નથી. પૂજા તેના સ્થાને છે, પૂજા ચોક્કસ કરો. ભક્તિ ભાવનાનું નામ છે, કર્મ-કાંડનું નહિ. જે લોકો કર્મ-કાંડ કરે છે, તેમનામાં ભક્તિ પણ હોવી જોઈએ એ જરૂરી નથી. પૂજારી લોકો મંદિરોમાં પૂજા કરે છે, પણ તેમની અંદર ભાવના છે ? મા ઘરમાં પોતાના બેટા માટે, પતિ માટે ભોજન બનાવે છે તો શું ભોજન બનાવતી વખતે તે બધાનાં નામ જપતી હશે ? છતાં તેના મગજમાં ક્યાંક તો ખ્યાલ રહેલો હોય જ છે, તેને કહે છે 'સજાગતા'. તેની અંદર ગુણ રૂપથી એવી ભાવના રહેલી હોય છે કે હું પોતાના પુત્ર અને પતિ માટે ભોજન બનાવી રહી છું. આમ ભક્તિ ક્રિયા નથી, ભગવાન પ્રતિ એક ભાવના છે.

**इश्क पाबन्दे वफा है न पाबन्दे रसूम ।**
**सर को झुकाने को नहीं कहते है सिजदा करना ॥**

*પ્રેમ તો સત્યનો પર્યાય છે, મોહ કે વાસનાનો નહિ. માથું ઝુકાવીને બેસી રહીએ, તેને ભક્તિ કરીએ છીએ એમ માનવાની કંઈ જરૂર નથી.*

આ કોઈ ધાર્મિક કૃત્ય નથી, જે તમે લોકો મંદિર-મસ્જિદોમાં કરો છો, પણ તે આવશ્યક છે. હું તેની ટીકા કરતો નથી, તે પણ જરૂરી છે, પણ તે એક ધાર્મિક કૃત્ય છે. તે એક શારીરિક કર્મ છે, જે કોઈ કારણવશ જરૂરી થઈ શકે છે, પણ તે ભક્તિની સીમા નથી. માની બાળક તરફ તીવ્ર ભાવના હોય છે, પ્રેમીની પ્રેમિકા પ્રત્યે તીવ્ર ભાવના હોય છે, એક શત્રુની પોતાના શત્રુ તરફ તીવ્ર ભાવના હોય છે, તમે શત્રુને એટલો ધિક્કારો છો કે દરેક સમયે તેના વિશે વિચારતા જ હો છો, તેને ભૂલી શકતા નથી, ખાતાં, પીતાં, સૂતાં તમારા દિમાગમાં હંમેશાં તે છવાયેલો રહે છે. ભાવનાની આ તીવ્રતા ભક્તિમાં પણ હોય છે. જ્યારે ભક્તની ભાવના તીવ્ર બની જાય છે, ત્યારે તે પરાભક્તિમાં બદલાઈ જાય છે. પરાભક્તિ અને જ્ઞાન એક જ ચીજ છે. ભાવનામાં કેવા પ્રકારની તીવ્રતા હોય છે ? પ્રેમ એટલો તીવ્ર હોય છે કે તે સિવાય તમારા મનમાં કંઈ જ બીજું હોતું જ નથી.

જ્યારે તમે તમારો અહંકાર તેની સામે બિલકુલ વ્યક્ત કરતા નથી ત્યારે ભગવાન તરફની આ ભાવના સર્વોત્તમ છે. હું સદાચારી છું, હું તારો પ્રેમી છું. હું તારા માટે બધું જ કરી શકું છું આવું કહેતો નથી. બકરીનું બચ્ચું મૈં-મૈં વારંવાર બોલ્યા કરે છે, તો તેનું ગળું કપાય છે. એટલા માટે વધું મૈં-મૈં કરવું નહીં. ભક્તિમાં મૈં-મૈં બોલવું નહીં.

માધુર્યભાવમાં જો ભગવાનની કૃપા હોય તો જ સફળતા મળે છે. તેના વધુ ઉદાહરણ મળતાં નથી, કારણ કે તેમાં પતન થવાની ઘણી શક્યતા છે. કેટલાયે સાધુ-મહાત્મા લોક વ્રજ અને મથુરામાં માધુર્યભાવની સાધના કરે છે અને નિષ્ફળ જાય છે. જો તેનામાં સ્ત્રીભાવ આવ્યો, તો સાથે સાથે તેના મનમાં કુદરતી રીતે હાવભાવ પણ આવશે. મીરાંબાઈ અને ચૈતન્ય મહાપ્રભુની વાત છોડો, તેમના જેવા કેટલા થયા છે ? માધુર્યભાવ ખૂબ ઓછા લોકો માટે છે. તેમાં મર્યાદિત સ્થાન મળી શકે છે. બધાં સ્થાન સ્વરક્ષિત છે. જે બહુ સરળ હોય છે, જે ખૂબ ભોળા હોય છે. જેના હૃદયમાં છળ-કપટ હોતું નથી. તેમને માટે સ્થાન આરક્ષિત છે. પોતાને સ્ત્રી માની લીધી તો માની લીધી, પછી અંદર પાપ, છળ-કપટ નહિ હોવું જોઈએ.

મીરાંબાઈ રાજકુટુંબની હતી, તેની સમજમાં આ મૂર્તિ મારો પતિ કેવી રીતે બની શકશે તે આવ્યું નહિ. હું તમને મૂર્તિ આપું અને કહું કે તે મૂર્તિ તમારો પતિ છે, તો તમે માનશો ? છતાં મીરાંબાઈ કહેતી હતી : 'जाके सिर मोर मुकुट मेरो पति सोई ।' ચિતોડની રાણી

એક મૂર્તિને પોતાના પતિ માને છે. આવું તે કરી શકે છે જેનું હૃદય પવિત્ર છે, જેનું હૃદય બાળક સમાન છે. નાનું બાળક જ્યારે તેનું રમકડું તૂટી જાય છે ત્યારે રુવે છે, દુઃખી થાય છે, કારણ કે તેને માટે રમકડું સત્ય છે. આમ જેનું હૃદય બાળકના જેવું કોમળ અને નિર્દોષ હોય છે, જેના મનમાં અપરાધ-ભાવના હોતી નથી, એવા લોકો માટે માધુર્યભાવ છે. તમે તમારા માટે માધુર્ય ભાવનો વિચાર નહિ કરતા.

હવે ભગવાનને પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ રહે છે - ન ત્યાગ, ન તપ; ન વ્રત, ન યોગ - ફક્ત ભગવાનના નામનું સ્મરણ, ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ. આવતી સદીમાં આ વિષય પર ચર્ચાઓ થશે. વીસમી સદી રાજનૈતિક સંસ્કૃતિની સદી હતી. દરેક કાળમાં રાજનેતા જ આગળ હતા. પણ હવે જે નવી પેઢી છે તે રાજનેતાઓ પર વિશ્વાસ કરશે નહિ. રાજનૈતિક સંસ્કૃતિ દેખાવની સંસ્કૃતિ છે તે કદી ન મનુષ્યની રક્ષા કરશે કે તેની સમસ્યાઓનું સમાધાન કરશે. તે યુદ્ધનો કદી અંત લાવી શકશે નહીં. આપણી સદીમાં બે વિશ્વયુદ્ધ થયાં અને ત્રીજાની તૈયારી આપણે કરી રહ્યા છીએ. હવેની સદીમાં વૈજ્ઞાનિક પોતાની દૃષ્ટિનું ક્ષેત્ર બદલશે. અત્યાર સુધી તેમણે પદાર્થ પર સંશોધન કરી તેની ટેકનોલોજી-તકનીકિ-નો વિકાસ કર્યો છે, પણ હવે આ સદીમાં ભાવનાઓ, વિચારો, સંવેદનાઓ અને સમર્પણના ક્ષેત્રમાં કાર્ય કરશે. યોગ અને ભક્તિ પર શોધ કરશે. સમગ્ર સંશોધન કાર્યને એક નવી દિશા પ્રાપ્ત થશે. એવું થવા પણ માંડ્યું છે. અનેક દેશોમાં આવું થઈ રહ્યું છે.

ભક્તિ શું છે ? મનુષ્યના મગજના વીજ-ચુંબકીય તરંગો પર તેનો શું પ્રભાવ પડે છે ? ભક્તિ એન્ઝાઈમો (enzymes)ને કેવી રીતે પ્રભાવિત કરે છે ? ભક્તિથી હૃદયના તંત્રમાં શું સુધારો કે બગાડ થાય છે ? વૈજ્ઞાનિકો હવે આ બધી વસ્તુઓ પર શોધ કરી રહ્યા છે. વૈજ્ઞાનિકોએ પદાર્થની મહત્તાને સિદ્ધ કરી હતી, પણ હવે તેઓ પદાર્થ પર મન અને ભાવનાઓની શ્રેષ્ઠતા સિદ્ધ કરશે. હવેની શતાબ્દીમાં લોકો તેને જોશે, આ સદીએ ઘણી વસ્તુઓ ખોઈ છે, પણ હવેની સદી તેમને ખોશે નહીં. જો હવેની સદી પણ તે તેમને ખોશે તો વિનાશ અવશ્ય થશે, કારણ કે મનુષ્ય બહુ શક્તિશાળી થઈ ગયો છે. આજે તેની પાસે પોતાનો વિનાશ કરવાની પણ શક્તિ છે. તેનું પણ મહત્તમ તકનીકિ જ્ઞાન તેની પાસે છે. આવતી સદીમાં સંત-મહાત્માઓની સંખ્યા વધશે.

જ્યાં જ્યાં ભોગની અતિશયતા થઈ, ત્યાં લોકોમાં તેની અરુચિ થઈ ગઈ છે. વીસમી સદીએ આપણને ભોગવાદ આપ્યો છે. સાહિત્યમાં, સંગીતમાં, નાટકોના દશ્યોમાં, બધી જગાએ ભોગવાદ જ દેખાય છે, અધ્યાત્મ કોઈ ઠેકાણે નહિ. સ્વામી વિવેકાનંદે, સ્વામી રામતીર્થે, રામકૃષ્ણ પરમહંસે જે ઓછોવત્તો મકરધ્વજ (શક્તિની દવા) આપીને જીવંત રાખ્યા છે, પણ હવેની એકવીસમી શતાબ્દી ભક્તિની શતાબ્દી છે. વૈજ્ઞાનિકોની માનસિકતા બદલાઈ ચૂકી છે. તેઓ અહીં આવે છે અને બોલે છે કે હવે ઘણું થઈ ગયું. અમે જેટલા પ્રયોગ કરી રહ્યા છીએ, દુનિયા તેનો ઉપયોગ પોતાના વિનાશ માટે કરી રહી છે. મનુષ્ય તેને વિકૃત કરી રહ્યો છે, તેનો દુરુપયોગ કરી રહ્યો છે.

હા, ભોગ પણ જરૂરી છે. પણ ભોગની અતિશયતા નહિ. અતિશયતા અરુચિ ઉત્પન્ન કરે છે. જ્યારે ભોગની અતિશયતા થાય છે ત્યારે મનુષ્યની તેનામાં રુચિ ખતમ થઈ જાય છે. ભોગની સદી હવે જઈ રહી છે. ઉદ્યોગ-પ્રયોગની સદી હવે જઈ રહી છે. તેની પછી ભક્તિનો યુગ આવે છે. વૈજ્ઞાનિક હવે ભક્તિ પર પ્રયોગ કરશે, કારણ કે ભક્તિનો એક પ્રભાવ હોય છે, જે સંસ્કૃતિઓને પ્રભાવિત કરશે, સભ્યતાઓને પ્રભાવિત કરશે, મનુષ્યોના સંબંધોને પ્રભાવિત કરશે. આ સદીમાં તમે જોઈ લીધું છે. તમે ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦ વર્ષના હશો. એક તરફ કહી રહ્યા છીએ કે ઉન્નતિ થઈ રહી છે અને આપણે જોઈ રહ્યા છીએ કે અવનતિ થઈ રહી છે. આવું કેમ ? એટલા માટે કે ઉન્નતિનો આધાર મનુષ્યની પોતાની આંતરિક સભ્યતા ઉપર છે અને તે સભ્યતાનો નાશ થઈ ગયો છે. વીસમી સદી રાજકારણીઓની સદી રહી છે. ભૌતિકવાદી વૈજ્ઞાનિકોની સદી રહી છે. તે અધ્યાત્મમાર્ગીઓની સંસ્કૃતિ અને સભ્યતાની સદી રહી નથી. આ વીસમી સદીમાં મહત્ત્વ હતું વૈજ્ઞાનિકોનું, રાજનેતાઓનું.

સો વર્ષ વીતતાં વીતતાં આપણને જણાયું કે તેમણે આપણને કંઈ પણ આપ્યું નથી. ગરીબી તો દૂર ન થઈ પણ ગરીબોની સંખ્યા ચોક્કસ વધી ગઈ. માટે હવે જે

(અનુસંધાન પાન-૧૫ પર)

# સિદ્ધિ વિશે-૪

શ્રી યોગેશ્વરજી

હવે પ્રશ્ન એ થાય છે કે સિદ્ધિ દ્વારા પતન થાય છે કે કેમ ? ઉત્તર સ્પષ્ટ જ છે. અગ્નિ દઝાડી પણ શકે છે ને જો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તેની મદદથી અન્ન રાંધવા જેવા જુદા જુદા લાભ પણ મેળવી શકાય છે. તલવાર સારી છે કે ખરાબ, આશીર્વાદરૂપ છે કે શાપરૂપ, તે મોટે ભાગે વાપરનાર પર આધાર રાખે છે. જો ગમે તેવાના હાથમાં આવી જાય તો તે શાપરૂપ બને પણ પરગજુ માણસના હાથમાં આવે તો બીજાની રક્ષાના કામમાં આવે છે. સંસારની લગભગ બધી જ વસ્તુ વિશે એવું સમજવાનું છે. કેટલીક વસ્તુઓ ખૂબ ઝેરી હોય છે છતાં ઔષધિ તરીકે તેમનો ઉપયોગ કરવાથી અમૃતમય બની જાય છે. એટલે સિદ્ધિથી જેમ પતન થઈ શકે છે તેમ સિદ્ધિની પ્રાપ્તિથી ઉન્નતિમાં મદદ પણ મળી રહે છે. જેનું મન ચંચળ છે, જે સંસારના ક્ષણિક પદાર્થો માટે જ તલસે છે, તથા જે સિદ્ધિનો ઉપયોગ કેવળ સ્વાર્થ ને બીજાના અહિતને માટે જ કરે છે, તેને માટે સિદ્ધિ પતન કે વિનાશનું કારણ થઈ પડે છે. તેથી ઊલટું, જેનું મન એક ઈશ્વરના જ ચરણોમાં આનંદ માને છે, જે આત્માનંદમાં મગ્ન છે, ને સ્વાર્થ તથા લૌકિક વાસનાથી પર છે, તેને સિદ્ધિ બાંધી શકતી નથી. તેવા પુરુષને ઈશ્વરની કૃપાને લીધે કે સાધનાના સહજ ફળરૂપે સિદ્ધિની પ્રાપ્તિ થાય તો તેને માટે તે પતનકારક થવાને બદલે ભૂષણરૂપ જ થાય છે. તેવો પુરુષ બીજાના હિત માટે તેનો ઉપયોગ કરે તો તે અનેકને માટે આશીર્વાદરૂપ થઈ પડે છે. વિજ્ઞાનની શોધોના વિચારથી આ વાત સહેલાઈથી સમજી શકાશે. વીજળીથી પ્રકાશ મળે છે ને કેટલાંય ઉપયોગી કામ થાય છે, પણ માણસ જો સાવધાન ન રહે તો તેને અડવાથી મરણ પણ પામે છે. એટમ ખૂબ ઉપયોગી વસ્તુ છે. તેનો ઉપયોગ કરીને માનવજાતિનાં કેટલાંય દુઃખદર્દો દૂર કરી શકાય તેમ છે. પણ યુદ્ધના ઉન્માદમાં આવેલો માણસ તેમાંથી જ બોમ્બ બનાવે છે. તે કરોડો પ્રાણીઓનો નાશ કરે છે ને સંસ્કૃતિ અને સમાજના શત્રુનું કામ કરે છે. છતાં અષ્ટ સિદ્ધિ દ્વારા બનતાં સુધી કોઈનું અહિત થતું નથી. કેમ કે કોઈનાય અહિતની ભાવના દિલમાં વાસ કરતી હોય ત્યાં સુધી તે સિદ્ધિ મળતી નથી. વશીકરણ જેવી સાધારણ શક્તિથી માણસ બીજાનું નુકસાન કરી શકે છે. પણ તે તો સાધારણ શક્તિ છે. જેનું મન શુદ્ધ થયું નથી તે તેવી શક્તિનો ઉપયોગ સ્વાર્થ ને કામના માટે કરે છે ને પોતાનો ને બીજાનો વિનાશ નોતરે છે.

ત્યારે શાસ્ત્રો ને કેટલાક મહાપુરુષોએ સિદ્ધિઓ પ્રત્યે ઉદાસીન રહેવાનું કેમ કહ્યું છે ? સાચો જ્ઞાની પુરુષ સિદ્ધિથી દૂર રહે છે એમ કેમ કહેવામાં આવ્યું છે ? કેટલેક ઠેકાણે તો સિદ્ધિઓને સાધકનું પતન કરનારી કહી છે એમ કેમ ? તેનું એક કારણ તો ઉપર કરેલા વિચારમાં આવી જાય છે. બીજું કારણ એ છે કે સાધારણ મનોબળના માણસો સિદ્ધિના મોહમાં ફસાઈને પોતાનો સાચો માર્ગ ચૂકી જાય છે. આમ ન બને તેથી શાસ્ત્રોએ સિદ્ધિનો ત્યાગ કરવાનું કહ્યું છે. પણ એવાંય કેટલાંક શાસ્ત્રો છે જેમાં સિદ્ધિનું મહત્ત્વ માનેલું છે. આ વાત વધારે સારી રીતે સમજવા માટે શરીર વિશે વિચારીએ. શાસ્ત્રોમાં અનેક ઠેકાણે શરીરને કુરૂપ તથા ગંદકીના ઘર જેવું કહેવામાં આવ્યું છે. તે ઉપરાંત, શરીર ઈશ્વરનું મંદિર છે, બહુ જ ભાગ્યથી મળનારું ને મુક્તિના દ્વારરૂપ છે, એમ કહીને તેની પ્રશંસા પણ કરવામાં આવી છે. શરીરને ગંદકીનું ઘર કહીને તેનું ખરાબ લાગે તેવું શબ્દચિત્ર દોરવાનું કારણ એ જ છે કે માણસ શરીરના મોહને દૂર કરે, શરીર પ્રત્યેની મમતામાંથી મુક્ત બને, ને શરીર તરફ વૈરાગ્યબુદ્ધિ

ધારણ કરીને શારીરિક વિલાસમાં ન ફસાય. શરૂઆતમાં એની જરૂર ખૂબ હોય છે. તે જ પ્રમાણે સિદ્ધિ વિશે પણ સમજી લેવાનું છે. સિદ્ધિના જ મોહમાં પડીને સાધક સિદ્ધિથી પણ વધારે મૂલ્યવાન ને સિદ્ધિના સ્વામી પરમાત્માને ભૂલી ન જાય, ને સાધારણ સિદ્ધિના મોહથી અંધ બનીને ભોગી તથા વિલાસી ન બની બેસે તે માટે સિદ્ધિઓથી સાવધ ને દૂર રહેવાનો ઉપદેશ શાસ્ત્રો ને મહાપુરુષોએ આપ્યો છે. પણ તે ઉપદેશ મોટે ભાગે સાધકોને જ લાગુ પડે છે. સાધનાના ક્રમમાંથી પસાર થઈને જે સિદ્ધાવસ્થાએ પહોંચી ગયા છે તેમને માટે તો સિદ્ધિ શોભારૂપ થઈ જાય છે. સિદ્ધિથી તેમનું પતન થતું નથી. તેવા પુરુષો સિદ્ધિઓની લાલસા રાખતા નથી. તોપણ, વિકાસના સ્વાભાવિક નિયમ પ્રમાણે, તેમને સિદ્ધિ મળે છે. જેમ બીજમાંથી અંકુર, તેમાંથી ડાળી, પછી કળી ને ફૂલ ને છેવટે ફળ સહજ વિકાસ પ્રમાણે થયા કરે છે તેમ સાધનાના બીજમાંથી સિદ્ધિ, શાંતિ, મુક્તિ કે ઈશ્વરકૃપા પ્રકટ થાય છે. ફૂલની શક્તિ જેમ ફોરમ અને સૂર્યની સિદ્ધિ પ્રકાશ છે તેમ સાધનસિદ્ધિ પુરુષમાં સ્વાભાવિક રીતે જ શક્તિ રહે છે. સાચો જ્ઞાનીપુરુષ સિદ્ધિથી દૂર રહેવા માગશે તોપણ રહી શકશે નહિ. એક યા બીજી રીતે, વત્તા કે ઓછા પ્રમાણમાં તપ કે ઈશ્વરની કૃપાના ફળરૂપે, તેના જીવનમાં સિદ્ધિ પ્રકટશે જ. સિંધુ શું ખારાશથી મુક્ત રહી શકે છે ? વીજળી કદી પ્રકાશ વિના બની શકે છે ? ચંદ્ર ચાંદની વિના ઊગી શકે છે ? રામકૃષ્ણ પરમહંસદેવ સિદ્ધિથી દૂર રહેવાનું કહેતા. પણ તેમના જીવનના અનેક પ્રસંગોમાં શું સિદ્ધિનું દર્શન નથી થતું ? તેવી જ રીતે ચૈતન્ય મહાપ્રભુનું જીવન પણ સિદ્ધિના પ્રસંગોથી ભરપૂર છે. એટલે સિદ્ધિઓનો સંપૂર્ણ ત્યાગ કરવાનો કે સિદ્ધિ તરફ ઉદાસીન રહેવાનો ઉપદેશ સાધક દશાના માણસો માટે તેમની સલામતીના વિચારથી કરવામાં આવ્યો છે. સિદ્ધ પુરુષોએ સિદ્ધિનો ત્યાગ કરવો એવા કથનનો એ જ અર્થ લેવાનો છે કે તેમણે સિદ્ધિને સર્વસ્વ માનવાની વૃત્તિથી દૂર રહેવું ને સિદ્ધિના ગુલામ નહિ પણ સ્વામી બનવું.

'સાધના'માંથી સાભાર

## દિવ્ય સંદેશ

**- શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી**

ભગવાન શ્રી સ્વામી રામાનંદજીએ આપણને બધાને બતાવી દીધું છે કે પરમાત્માની પ્રાપ્તિ માટે, પરમાત્માના સાક્ષાત્કાર માટે ઘણાં ધનદોલતની જરૂર નથી. પદ-પ્રતિષ્ઠાની જરૂર નથી, ઊંચા શિક્ષણની જરૂર નથી, ઊંચા કુળની જરૂર નથી.

સ્વામીજીના દરબારમાં કબીર સાહેબ તો પોતે પહોંચી ગયા હતા; પણ રવિદાસજી માટે તો ભગવાન સ્વામીજી પોતે મળવા માટે પહોંચી ગયા હતા. રવિદાસજીમાં એવી કઈ યોગ્યતા હતી ? તે સમયની તત્કાલીન જાતિ વ્યવસ્થા પ્રમાણે તેમને અસ્પૃશ્ય માનવામાં આવતા હતા, અછૂત માનવામાં આવતા હતા એવા રવિદાસજીના દ્વાર પર આપણા ભગવાન શ્રી સ્વામી રામાનંદજી પહોંચી ગયા હતા.

તેમણે બતાવી દીધું કે આ પરમાત્માને મેળવવા માટે ફક્ત એક મુમુક્ષા (મોક્ષ માટેની ઇચ્છા) જોઈએ. તે માટેની તડપન-તરસ જોઈએ. તે પરમાત્માને મેળવવા માટે બીજી કોઈ યોગ્યતાની જરૂર નથી. ફક્ત આ એક જ યોગ્યતા પૂરતી છે.

જ્યારે આપણે આપણી અંદર જોઈશું તો જણાશે કે હજી તે તરસ આપણી અંદર પેદા થઈ નથી. તે પરમાત્માને પ્રાપ્ત કરવાની જે તડપન છે - વ્યાકુળતા છે તે આપણી અંદર પેદા થઈ નથી.

ભગવાન સ્વામીજી બતાવી રહ્યા છે કે જ્યાં સુધી તે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આપણી અંદર તે તરસ નહિ પ્રગટે ત્યાં સુધી ભલે બ્રહ્મા કે સાક્ષાત્ પરમાત્મા કેમ ન આવે પણ તેઓ તેને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકશે નહિ; સ્વયં પ્રગટ થઈને આવે તોપણ. તેને માટે તો એક તડપન-તરસ જોઈએ.

'પ્રજ્ઞાન નિર્ઝર'માંથી સાભાર

# યોગ એ જ જીવન

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

[ન્યૂયોર્ક (અમેરિકા)થી 'ગુજરાત ટાઈમ્સ' નામનું સાપ્તાહિક પ્રગટ થાય છે તેના મેગેઝિન વિભાગ સપ્તકમાં પૂ.સ્વામીજી લિખિત 'યોગ એ જ જીવન'ની લેખશ્રેણી પ્રગટ થાય છે. તેમાંથી નીચેનો લેખ આપણે 'દિવ્ય જીવન'માં સાભાર લઈએ છીએ. -સંપાદક]

## મહાપ્રાણની આરાધના

પ્રાણાયામનું પ્રકરણ ગગનસદૃશ છે. તેની સીમાઓ અસીમ છે. છતાં આપણે અત્યાર સુધી જે કંઈ ચર્ચા કરી છે, તેનું ફરીથી એક વાર વિહંગાવલોકન કરી લઈએ.

આપણે વાત પ્રાણશક્તિથી કરી હતી. પ્રાણાયામના અભ્યાસનો પ્રારંભ વસંત અથવા તો પાનખર (Fall) ઋતુઓમાં કરવો જોઈએ, તો સફળતા વધુ મળે છે. આરંભમાં સવારે અને સાંજે, એમ કુલ બે વાર પ્રાણાયામનો અભ્યાસ કરો. જેમ જેમ આંતરચેતનામાં જાગૃતિ આવતી જાય તેમ તેમ ક્રમે ક્રમે ધીરે ધીરે આ બંને બેઠકોનો સમય વધારો. છએક મહિનાના અભ્યાસ પછી બપોરે ભોજન પહેલાં પણ (before lunch also) ફરીથી પ્રાણાયામનો અભ્યાસ કરો. એકાદ વર્ષના અભ્યાસ પછી રાત્રે પણ ચોથી બેઠક પ્રાણાયામના અભ્યાસની કરી શકો છો.

આપણે આ પૂર્વે ખોરાકની વાત કરી હતી. બને તેટલો હળવો ખોરાક લેવાની ટેવ પાડવી. તાજાં શાકભાજીનાં સલાડ, બાફેલાં શાકભાજી, તેના તાજા સૂપ, ફળ અને ઝીરો ફેટનું દૂધ કે દહીં (ઘરમાં જમાવેલું કે તાજું) અથવા છાશ વગેરેનો ખોરાક લેવો. અંકુરિત કરેલા મગ, મેથી, મઠ, ઘઉં, તલ અથવા તો આલ્ફા, તદુપરાંત પાંદડાંવાળી તાજી ભાજીનું સલાડ ખાવાનો અભ્યાસ શરીરને હળવું ફૂલ જેવું રાખશે. મનની ચંચળતા જશે. ક્રોધનું શમન થશે.

જે આસનમાં સુખપૂર્વક લાંબા સમય સુધી બેસી શકાતું હોય તે આસનમાં સ્થિર બેસવું. મોં ઉત્તર, પૂર્વ કે પશ્ચિમ તરફ; કમર અને મેરુદંડ સીધાં રાખીને બેસવું. પ્રાણાયામના અભ્યાસથી નાડીઓનું શુદ્ધીકરણ થશે. નાડીઓના શુદ્ધીકરણ પછી જ માનસિક એકાગ્રતા, ધ્યાનમાં તલ્લીનતા અને દૈનિક જીવનમાં પણ સમત્વ પ્રાપ્ત થશે. અદ્વૈત તત્ત્વજ્ઞાનના ભારતના સર્વશ્રેષ્ઠ પ્રણેતા આદિ શંકરાચાર્યજી શ્વેતાશ્વતર ઉપનિષદની પોતાની વિશ્વવિખ્યાત ટીકામાં કહે છે, 'જેના મનનો અહંકાર પ્રાણાયામ વડે દૂર કરવામાં આવ્યો છે તે બ્રહ્મમાં સ્થિર થાય છે.' માટે પ્રાણાયામના અભ્યાસ વડે પહેલાં નાડીશોધન કરવું જોઈએ. ત્યાર પછી જ પ્રાણાયામ કરવાની ખરી ક્ષમતા ઉજાગર થશે.

નાડીશોધન ક્રિયા અથવા અનુલોમ-વિલોમનો આરંભ હંમેશાં ડાબા નાકથી શ્વાસ લઈને કરવો. પહેલાં જમણા નાકને અંગૂઠા વડે (જમણા હાથના) બંધ કરીને ડાબા નાક વડે પૂરક કરવો. ત્યાર પછી વિલંબ કર્યા વગર ડાબું નાક બંધ કરીને જમણા નાકથી રેચક કરવો. ત્યાર પછી સત્વરે જ જમણા નાકથી શ્વાસ લઈને (પૂરક) ડાબા નાકથી રેચક કરવો. અહીં કુંભક કરવાનો નથી. શ્વાસ રોકવાનો નથી. ચાળીસેક દિવસ આ પ્રમાણે આરંભમાં વીસથી આરંભ કરી પછી એંશી સુધીનાં આવર્તન દિવસમાં ચાર વખત કરીએ તો સમગ્ર શરીરની નાડીઓનું શોધન થાય છે. આવર્તન એટલે ડાબેથી શ્વાસ ભરીને જમણે છોડવો અને જમણેથી શ્વાસ લઈ ડાબે છોડવો તે એક આવર્તન થયું.

મહર્ષિ પતંજલિની વ્યાખ્યા પ્રમાણે (પ્રાણાયામની) 'શ્વાસનું નિયમન અથવા પ્રાણનું નિયંત્રણ એ તો શ્વાસ લેવાની અને શ્વાસ બહાર કાઢવાની ક્રિયાનો નિરોધ છે, જે આસન સ્થિર કર્યા પછી જ થઈ શકે છે.' પરંતુ આસન પર તમે પ્રભુત્વ (Mastery) મેળવો ત્યાં સુધી પ્રાણાયામના અભ્યાસ માટે થોભવાની જરૂર નથી.

તમે આસન અને પ્રાણાયામ બંનેનો અભ્યાસ એકસાથે કરી શકો છો. નાડીઓનું શુદ્ધીકરણ થતાં જ શરીરના મિથ્યા મેદનો ક્ષય થશે. વજન ઓછું થશે. આંખોમાં તેજ અને ચહેરાની આસપાસ વિશિષ્ટ ક્ષમતાસંપન્ન આભા દૃશ્યમાન થાય છે. તમારો અવાજ મધુર અને વાણીમાં ઓજસ, તેજસ અને પ્રજ્ઞા ત્રણેયની અનુભૂતિ થશે. ધીરે ધીરે અનુલોમ-વિલોમની સાથે કુંભકનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ રીતે સંભળાય તેવી

રીતે તમારા હૃદય ગહરમાંથી અનાહતનાદનું પણ શ્રવણ કરી શકાશે. તમારો જઠરાગ્નિ પ્રશાંત થશે. તમે સુખદ સ્વાસ્થ્ય અને સદૈવ પ્રસન્ન, હસમુખા અને ખુશખુશાલ થશો.

તમે જે સ્થળે બેસીને પ્રાણાયામનો અભ્યાસ કરતા હો તે સ્થળ પૂરતાં હવાઉજાસવાળું અને ભેજમુક્ત હોવું જોઈએ. નદીકિનારે, સરોવરતટે, પર્વતના શિખર પર, પર્વતની તળેટીમાં, ખુશનુમા અને સુંદર બગીચાના એકાંત ભાગ અથવા તો આધ્યાત્મિક સ્પંદનોને કારણે જ્યાં વ્યગ્ર મન સરળતાથી એકાગ્ર થઈ શકે તેવા કોઈ પણ સ્થળે તમે યોગાભ્યાસ અથવા પ્રાણાયામનો અભ્યાસ કરી શકો છો. જે સ્થળ પસંદ કરો તે ઠંડી વગરનું, પ્રબળ વાયુ વગરનું, મચ્છરો, માખીઓ, કીડીઓ અને બીજાં જીવજંતુઓ વગરનું હોવું જોઈએ. જો તમે તમારા પોતાના જ ઘરમાં ધ્યાન, જપ કે પ્રાણાયામનો અભ્યાસ કરવા માગતા હો તો એક તાળાંકૂંચીવાળો ઓરડો પસંદ કરો. તે ઓરડામાં કોઈને પ્રવેશ કરવા દેશો નહિ. ભારતમાં ગંગા, યમુના અને કાવેરી નદીના કિનારાઓ પહેલાં ધ્યાન-જપ માટે શ્રેષ્ઠ કહેવાતા. હજુ પણ જ્યાં યાતાયાત-અવરજવર, વાહનોનો ઘોંઘાટ, કર્કશતા વગેરે નથી ત્યાં જઈને યોગ-ધ્યાનનો અભ્યાસ અવશ્ય કરી શકાય છે. દુર્ભાગ્યે હવે હૃષીકેશ, વૃંદાવન, વારાણસી, ઉત્તર કાશી કે અયોધ્યા વગેરે યાત્રાધામો પણ ઘોંઘાટભર્યાં થઈ ગયાં છે; માટે શ્રેષ્ઠ સ્થાન પોતાના ઘરમાં પોતાનો વ્યક્તિગત ધ્યાન-જપનો કક્ષ જ શ્રેષ્ઠ ઓરડો કે સ્થાન છે.

વિશ્વની શક્તિ કે તાકાતનું મૂળ પ્રાણ છે, તે જીવિત શક્તિ છે. તે સર્વવ્યાપી છે. તે સ્થિતિ અથવા તો ગતિશીલ સ્થિતિ હોઈ શકે છે. નીચામાં નીચાથી ઊંચામાં ઊંચા પ્રત્યેક પદાર્થમાં, કીડીથી આરંભીને હાથીમાં, નાના જંતુથી માંડીને માણસમાં, પ્રાથમિક વનસ્પતિના જીવનથી આરંભીને વિકસિત પ્રાણીના જીવનના રૂપમાં બધે જ પ્રાણ જ વિલસી રહ્યો છે. તમારી આંખોમાં પ્રકાશ પ્રાણ છે. પ્રાણશક્તિથી જ તમારા કાન સાંભળે છે. આંખો જુએ છે. ચામડી સ્પર્શ અનુભવે છે. જીભની સ્વાદક્ષમતા, નાકની ઘ્રાણશક્તિ, મગજ અને બુદ્ધિની કાર્યક્ષમતા આ પ્રાણશક્તિના કારણે જ સંભવ બની શકે છે. કોઈ પણ વ્યક્તિના વદન પરનું સ્મિત, સંગીતનું માધુર્ય, પ્રવચનકારના અવાજનો રણકો, પુરુષ અને પ્રકૃતિની વચ્ચેનું સંમોહન, આ બધું જ અને બીજું બધું જ પ્રાણનું ઉદ્ભવસ્થાન છે. નદીઓનું વહન, ઝરણાંનું સૌંદર્ય, પહાડોની સ્થિરતા, સમુદ્રનાં ઊછળતાં મોજાંઓ અને લાવારસનો ભભૂકતો ધખધખતો પ્રવાહ બધું જ પ્રાણ દ્વારા જ સંભવ બને છે. પ્રાણ પ્રોટોન છે. પ્રાણ ન્યુટ્રોન છે - અણુ-પરમાણુ બધું જ દૃશ્ય જગત પ્રાણ થકી જ છે. પ્રાણ પરમ શક્તિ છે. પ્રાણ ચુંબકત્વ છે. પ્રાણના કારણે જ આપણે એકમેકના પ્રત્યે આકર્ષાઈએ છીએ. પ્રાણની શક્તિના કારણે જ હૃદયમાંથી નાડીઓમાં રક્તસંચાર થાય છે. પ્રાણથી જ પાચન, ઉત્સર્ગ કે મળમૂત્રત્યાગ અથવા અંતઃસ્રાવ ગ્રંથિઓ કાર્યશીલ બને છે.

આપણા વિચારોમાં, ઈચ્છામાં, ક્રિયામાં, ચાલવા, ફરવા, બોલવા, લખવામાં કે તમારા વાંચવામાં પ્રાણનો જ વિનિમય છે. તંદુરસ્ત અને શક્તિશાળી માણસમાં પ્રાણ એટલે નાડીતંત્રની શક્તિ કે વીર્યશક્તિ પુષ્કળ પ્રમાણમાં હોય છે. અન્ન, જળ, હવા અને સૂર્યની શક્તિમાંથી પ્રાણ મળે છે. નાડીતંત્ર પ્રાણનો પુરવઠો સાચવે છે. શ્વાસોચ્છ્વાસ દ્વારા પ્રાણ અંદર લેવાય છે. મગજ અને નાડીઓમાં પ્રાણનો (વધારાના પ્રાણનો) સંગ્રહ થાય છે. જ્યારે વીર્યશક્તિનું ઊર્ધ્વીકરણ થાય ત્યારે શરીરતંત્રને તે પુષ્કળ પ્રાણ પૂરો પાડે છે.

બેટરી જેમ વિદ્યુતનો સંચય કરે તેવી રીતે યોગી પણ પ્રાણાયામના નિયમિત અભ્યાસથી પૂરતા પ્રમાણમાં અને વધારે પ્રાણનો સંગ્રહ કરે છે. જે યોગીના સંગ્રહમાં આશ્ચર્ય પમાડે તેટલો વિપુલ પ્રાણનો પુરવઠો હોય છે તે યોગી બધી બાજુએ ચોપાસ બળ અને સત્ત્વનો પ્રચારપ્રસાર કરે છે. તે પોતે શક્તિનો મહાન સ્રોત બની જાય છે. જેઓ તેમના સંપર્કમાં આવે છે તેઓને પણ તેની પ્રાણશક્તિનો લાભ મળે છે, અને બળ, શૌર્ય, સત્ત્વ તથા સાત્વિક વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરે છે. જેમ તેલ એક વાસણમાં રહે અને પછી તેને બીજા નીચેના વાસણમાં રેડવામાં આવે તો સત્વરે તે પ્રવાહ પ્રવાહિત થાય તેવી જ રીતે સિદ્ધયોગી તરફથી મુમુક્ષુઓ પ્રત્યે આકસ્મિક રીતે જ પ્રાણશક્તિનો પ્રવાહ પ્રવાહિત થાય છે. જેણે પોતાની આંતરિક યૌગિક દૃષ્ટિ વિકસાવી છે તેવા જ યોગી આવા વહેણને નરી આંખે જોઈ શકે છે.

પ્રાણાયામના દીર્ઘ કાળ સુધીના નિયમિત અભ્યાસ પછી પ્રાણ પર આધિપત્ય મેળવી શકાય તો દુન્યવી,

ભૌતિક અને આધ્યાત્મિક એવાં બધાં જ વિશ્વબળો પર નિયંત્રણ મેળવી શકાય છે. ચુંબકત્વ, વિદ્યુત, ગુરુત્વાકર્ષણ, રક્તપ્રવાહ, સાત્ત્વિક બળ અથવા વિચારકંપનો અને હકીકતમાં તો વિશ્વનાં બધાં જ બળો જેમાંથી ઉદ્‌ભવે છે તેની સર્વવ્યાપક શક્તિ પર પણ કાબૂ મેળવી શકાય છે.

જો આપણે શ્વાસ અથવા પ્રાણ પર નિયંત્રણ કેળવી શકીએ તો આપણે મન ઉપર ખૂબ જ સરળતાથી નિયંત્રણ મેળવી શકીએ છીએ. જેણે પોતાનું મન નિયંત્રણમાં લીધું છે તેણે પોતાના શ્વાસ પર પણ કાબૂ મેળવ્યો જ છે. જો મન અને પ્રાણ બંને ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરવામાં આવે તો જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, દુઃખ, દોષના ચક્રવ્યૂહમાંથી પણ મુક્તિ મેળવી શકાય છે.

મન, પ્રાણ અને વીર્ય વચ્ચે પ્રગાઢ સંબંધ છે. જો તમે તમારી વીર્યશક્તિ ઉપર નિયંત્રણ મેળવી શકો તો તમે તમારા મન અને પ્રાણ ઉપર પણ નિયંત્રણ-કાબૂ પ્રાપ્ત કરી શકો છો.

પ્રાણના કંપનને કારણે જ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો કામ કરે છે. પ્રાણ પર અવરોધ મૂકી શકાય તો બધી જ ઇન્દ્રિયો પર પ્રતિબંધ સહેજે જ આવી શકે. કૌષીતકી અને છાંદોગ્ય ઉપનિષદમાં ઉદ્‌બોધનો છે.

સંત રામદાસના 'મનાચે શ્લોક'માં કહ્યું છે કે,

*સદા સર્વદા સજ્જનાચેનિ યોગે । ક્રિયા પાલટે ભક્તિ ભાવાર્થ લાગે ॥*
*ક્રિયેવીણ વાચાળતા તે નિવારી । તૂટે વાદસંવાદ તો હિતકારી ॥*

સદા સર્વદા સજ્જન લોકોના સંગમાં રહેવું (યોગમાં રહેવું). ક્રિયાથી જ ભક્તિભાવની ઉપલબ્ધિ થાય છે. ક્રિયા વગર આંતરિક ક્ષમતાની પ્રાપ્તિ શક્ય નથી. ક્રિયાથી જ મનની શંકાકુશંકાઓ અથવા તો મળ, વિક્ષેપ આવરણનો હ્રાસ થાય છે.

જ્યારે સાધનો ઓછાં થાય ત્યારે સાધના વધે. જ્યારે સુખભોગની લાલસામાં ન્યૂનત્વ આવે ત્યારે જ આત્મકલ્યાણની વૃત્તિ જાગે. ખરું સુખ બાહ્ય ભોગવિલાસ કે સમૃદ્ધિમાં નથી જ. સુખની ચાવી આત્મસ્થ થવામાં જ છે. સમૃદ્ધિની ગંગોત્રી આપણા પ્રત્યેકના અંતઃસ્તરમાં સદૈવ પ્રવાહિત થઈ રહી છે. તે સ્રોતનું સંપર્કસૂત્ર છે - પ્રાણાયામનો નિત્ય, નૈમિત્તિક પદ્ધતિસરનો અને નિષ્ઠાપૂર્વકનો અભ્યાસ. એક વાર જેણે આ સ્વાદ ચાખ્યો છે, તેને પછી બાહ્ય વાતાવરણમાં અને જગતની ઝાકઝમાળમાં ગૂંગળામણ થશે, કારણ કે તેને આતમ હીરો હાથ લાગ્યો છે.

**(ભક્તિ યુગ-૫...અનુસંધાન પાન-૧૦ પરનું ચાલુ)**

આવનારી સદી છે તેમાં તે લોકોનું વર્ચસ્વ ઘટી જશે. ભૌતિકવાદી વૈજ્ઞાનિકોનું વર્ચસ્વ ઘટી જશે. લોકોને ભક્તિ માર્ગમાં જવાની વધુ ને વધુ પ્રેરણા મળશે. તેમાં વૈજ્ઞાનિક લોકોનો પણ સહયોગ મળશે. તેમને એ માલૂમ થઈ ચૂક્યું છે કે તેમણે જે કંઈ સંશોધન કર્યાં તેનો દુરુપયોગ જ થયો છે. માનવતાના સંહાર માટે તેનો ઉપયોગ થયો છે.

એક એવો ખ્યાલ મારા મનમાં બેસે છે કે ફક્ત એક જ માર્ગ છે બીજો કોઈ માર્ગ નથી. તે માર્ગનાં કેટલાંક પગથિયાં છે. કર્મયોગ એક પગથિયું છે, રાજયોગ એક બીજું છે, જ્ઞાનયોગ એક ત્રીજું પગથિયું છે, પણ ભક્તિ તો એક પૂર્ણ માર્ગ છે અને તે ભગવાન તરફ દોરી જાય છે. હું એક યાત્રી છું, તમે પણ એક યોગી છો. તે એક જ સત્ય છે. આ સિવાયની બીજી કોઈ વિચારધારા હોય તો તે અસંગત અને અપ્રયોજનયુક્ત છે. આપણે બધા એક જ ભાગ્ય લઈને પેદા થયા છીએ. મનુષ્ય તો એક પ્રયોગ છે અને આ પ્રયોગનું પરિણામ છે ભગવાનની અનુભૂતિ - ઈશ્વર સાક્ષાત્કાર. ઘણા લોકોને તે અનુભૂતિ થઈ છે, જોકે તેનાથી ઘણી મોટી સંખ્યાને તે અનુભૂતિ હવે થશે. હું સ્પષ્ટ રૂપથી જોઈ રહ્યો છું કે સંસારના વિવિધ વિભાગોમાં મહાન પરિવર્તન થઈ રહ્યું છે, પશ્ચિમ ગોળાર્ધમાં વિશેષ કરીને.

ભક્તિમાર્ગ સમાજ માટે, જીવન માટે તથા પરિવાર માટે ખૂબ સુંદર માર્ગ છે. સંપૂર્ણ સભ્યતા માટે તે જીવનનો માર્ગ છે. હું એમ ઇચ્છું કે માતાપિતા, બાળકો સંધ્યા સમયે એકી સાથે બેસીને હારમોનિયમ લઈને, ગિટાર લઈને, સિતાર લઈને પ્રેમથી થોડોક સમય ગાય 'શ્રીમન્ નારાયણ - નારાયણ-નારાયણ'. તે સુખી સંસાર છે. પછી તમે કોઈ સારાં પુસ્તક વાંચો. સંત-મહાત્માઓનાં જીવનચરિત્રો વાંચો. તેનાથી તમારી અંદર આનંદ ઉદ્‌ભવશે, વધુ ને વધુ પ્રેમ, સંતોષ, ભગવાનની કૃપા મળશે. આપને નવા વર્ષની શુભકામનાઓ.

I J

# મહાન તેજસ્વી તારા સમાન પરમ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંજી મહારાજની સ્મૃતિગાથા

K અનુવાદ : ડૉ. મફતલાલ પટણી L

સમસ્ત દુનિયાના કરોડો લોકો જેને તેઓ અતિશય ચાહતા હતા તેમ જ પૂજતા હતા એવો એક મહાન તેજસ્વી તારો હવે ભૌતિક રીતે આપણી પાસે રહ્યો નથી, પરંતુ તે હંમેશ માટે તેમના હૃદયમાં જતનપૂર્વક જડાયેલો રહેશે. આપણા વહાલા પ્રમુખ, પરમ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મહાસમાધિના શોકપૂર્ણ સમાચાર અમે તા.૨૮-૮-૨૦૦૮ના દિને ૨૦-૧૧ કલાકે જાહેર કરી રહ્યા છીએ. અમે નમ્રતાપૂર્વક અને પરમ આદરથી તેમને અંજલિ અને પ્રણિમાન અર્પીએ છીએ. તેમના વિશે આપણા પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ ખૂબ ઊંચો અભિપ્રાય ધરાવતા હતા.

પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ છેલ્લા ત્રણથી ચાર વર્ષ માંદગીના બિછાને હતા, પણ બધાને આશ્ચર્ય થાય તેવી રીતે સંસ્થા - દિવ્ય જીવન સંઘ-ના આધ્યાત્મિક મુખી તરીકે તેમના જીવનની છેલ્લી ઘડી સુધી આશ્રમની ખૂબ કાળજીથી જવાબદારીનું વહન કર્યું. સ્વામીજી મહારાજને આ ૨૪મી સપ્ટેમ્બરે ૯૨ વર્ષ પૂરાં થાત. ૨૬મી ઓગસ્ટ મંગળવારે સવારે અણધારી તેમની તબિયત બગડી અને કોમામાં સરી ગયા. તેમની તબિયતનું ધ્યાન રાખનાર ડૉક્ટરો સતત હાજર હતા. સ્વાસ્થ્યમાં ખાસ સુધારો ન જણાતાં બીજા દિવસે તેઓ રહેતા હતા તે રૂમમાં ઇન્ટેન્સીવ કેર યુનિટ (ICU)ની વ્યવસ્થા ઊભી કરી. પણ બીજા દિવસે અનિવાર્ય સમાપ્તિ થઈ. ત્યાર પછી સૂર્યોદય પહેલાં તેમના મૃતદેહને પવિત્ર ગંગા માતામાં પધરાવવાની તેમની લાગણીભરી ઈચ્છાની ચોક્કસ સંમતિ પ્રમાણે તે મહાન વિધિની તૈયારીઓ કરવાનું ૨૯મી ઓગસ્ટના વહેલી સવારથી શરૂ કર્યું. સ્વામીજીના દેહને એક ખુરશીમાં પાછળ તેમજ આજુબાજુ પુષ્પો ગોઠવી બેસાડવામાં આવ્યો અને તેને ગુરુદેવની સમાધિમાંથી આશ્રમના ભજન હોલ અને ગુરુદેવની કુટીર થઈ ૐ નમઃ શિવાય, ૐ નમો નારાયણાય, ૐ નમો ભગવતે શિવાનંદાય અને મહામંત્રના કીર્તન સાથે આશ્રમના ગંગા ઘાટ પર લાવવામાં આવ્યો. પછી દૂધ અને ગંગાજળથી અભિષેકનો વિધિ કરી પુરુષસૂક્ત અને નારાયણસૂક્તના ગાન સાથે દેહને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં. હાર અને ચંદન અને કુમકુમ ચઢાવવામાં આવ્યાં. પૂજ્ય સ્વામીજીની ઈચ્છા પ્રમાણે ૐ નમો ભગવતે શિવાનંદાયનો મંત્ર ૭ વખત, મહામંત્ર ૫ વખત, મહામૃત્યુંજય મંત્ર ૫ વખત અને પ્રણવ મંત્ર ૐનો ૧૬ વખત દેહને કોથળામાં દાખલ કરતાં પહેલાં ઉચ્ચારવામાં આવ્યા. પછી સિનિયર સ્વામીજીઓ અને આશ્રમના હોદ્દેદારો બે બોટમાં, દેહ સાથે બેઠા અને પવિત્ર ગંગા માતામાં પધરાવવામાં આવ્યો.

આપણા વહાલા વાચકો પૂજ્ય સ્વામીજી મહારાજનું જીવન, તેમની પ્રવૃત્તિઓ વગેરેથી લાંબા સમયથી જ્ઞાત છે. સ્વામીજીનાં દર્શન સાથે તેમના કીર્તન અને ઉપદેશાત્મક વાતોથી પણ પૂરા જ્ઞાત છે. છતાં તે વિશે ટૂંકમાં જોઈએ.

પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનો જન્મ તા.૨૪-૯-૧૯૧૬ના દિને પાંચ બાળકોમાં બીજા બાળક તરીકે થયો અને શ્રીધર રાવ નામ પાડવામાં આવ્યું. તેમના પિતાશ્રી શ્રીનિવાસ રાવ સમૃદ્ધ જમીનદાર હતા. તેમની પાસે કેટલાંયે ગામ અને ખેતરો હતાં. તેમનાં માતુશ્રી સરોજિની દેવી ખૂબ ધાર્મિક અને સંત પ્રકૃતિ ધરાવતાં હતાં. સંપત્તિ, શિસ્ત અને આધ્યાત્મિક પ્રોત્સાહનના વાતાવરણમાં યુવાન શ્રીધર રાવે કુદરતી રીતે બુદ્ધિ અને લાગણી સાથે સંકળાયેલા બધા મહાન ગુણો આત્મસાત્ કર્યા હતા. શ્રીધર મદ્રાસની પ્રખ્યાત અને જાણીતી ખ્રિસ્તી લોયલા કૉલેજમાંથી ૧૯૩૮માં ડિસ્ટીંક્શન સાથે તેજસ્વી વિદ્યાર્થી તરીકે ગ્રેજ્યુએટ થયા અને સાથે સાથે તેમણે સરળતાથી ખ્રિસ્તી ધર્મના આદર્શો અને સંતોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેને લીધે તેમને ખ્રિસ્તી ધર્મ અને હિંદુ ધર્મમાં રહેલી સમાનતાનો પરિચય થયો.

સત્યની શોધ માટેના ઉમંગથી ઉત્સાહિત એવા તેઓ એક વાર ઘર છોડી ગયા અને દક્ષિણ ભારતના તિરુપતિ પાસેના એક આશ્રમમાં જોડાઈ ગયા પરંતુ કુટુંબના સભ્યો તેમને શોધી કાઢી પાછા ઘેર લાવ્યા; પણ યુવાન શ્રીધરે પોતાનો આધ્યાત્મિક અભ્યાસ ઘેર રહીને લક્ષ્યને અનુલક્ષીને ચાલુ રાખ્યો.

દક્ષિણ કર્ણાટક રાજ્યના મેંગલોર શહેરના ઉચ્ચતર સ્તરના સમાજના ઉમદા અને અમીરી કુટુંબમાંથી તેઓ આવતા હતા. તેઓ જીવનની શરૂઆતથી જ ઉમદાપણું, ઉદારતા, મહાનતા, કરુણા અને બીજા અનેક શ્રેષ્ઠ કોટીના સદ્‌ગુણો ધરાવતા હતા, જે મનુષ્યને મહાન વ્યક્તિત્વ બક્ષી શકે. એટલે, તેઓ બીજાઓથી વિશેષ હતા એમ કહેવું તે પણ તદ્દન તેમને માટે છીછરું ગણાય.

પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ શ્રીધર રાવ તરીકે શિવાનંદ આશ્રમમાં ૧૯૪૩માં જોડાયા અને તેમના મળતાવડા સ્વભાવ અને સંસ્થા તરફની સમર્પણ ભાવનાથી તેઓ ટૂંક સમયમાં આશ્રમમાં બધાંને પ્રિય થઈ પડ્યા. થોડા જ સમયમાં પૂજ્ય ગુરુદેવને તેમનામાં રહેલા સુપ્ત સંતત્વની પિછાણ થઈ. ૧૯૪૯માં ગુરુદેવે તેમને સંન્યાસદીક્ષા આપી અને આશ્રમના જનરલ સેક્રેટરી બનાવ્યા. આ સેવા તેમણે તે રહ્યા ત્યાં સુધી ખૂબ ચાહનાથી શોભાસ્પદ રીતે નિભાવી.

પૂજ્ય સ્વામીજી આશ્રમમાં માંદાની માયાળુ દેખભાળ અને કુષ્ઠરોગી તથા માંદા પશુઓની સારવાર માટે પ્રસિદ્ધ હતા. તેઓ તેજસ્વી પ્રવચનો આપતા, આત્માને વલોવી નાખતા લેખો લખતા અને યોગ સંબંધી શ્રેષ્ઠ જ્ઞાન આપતા યોગ મ્યુઝિયમની સ્થાપના કરી. આ બધાને લીધે કુદરતી રીતે ગુરુદેવની પ્રશંસા પ્રાપ્ત કરી અને ગુરુદેવે તેમને પોતાના આધ્યાત્મિક પ્રતિનિધિ તરીકે આખી દુનિયાના પ્રવાસે મોકલ્યા.

૧૯૫૦માં સ્વામીજી મહારાજ, ગુરુદેવ અને તેમના બીજા શિષ્યો સાથે ભારત અને શ્રીલંકાના શકવર્તી બે માસના પ્રવાસમાં જોડાયા. આશ્રમમાં આવ્યા પછી લગભગ શરૂઆતથી જ તેઓ ગુરુદેવના વધુમાં વધુ પ્રીતિપાત્ર અને પસંદગી પામેલા શિષ્ય રહ્યા. કોઈ પણ મહત્ત્વની ઉચ્ચ પદવી ધરાવનાર કે સરકારની ઉચ્ચ પદવીવાળા ઓફિસર કે સંત આશ્રમની મુલાકાતે પધારે ત્યારે સ્વામીજી મહારાજ હાજર રહી તેમની સાથે જરૂરી વાતચીત કરતા અને ગુરુદેવના આધ્યાત્મિક ધ્વજ નીચે કાર્યરત આશ્રમના હેતુઓ અને પ્રવૃત્તિઓનો પૂરેપૂરો ખ્યાલ આપતા. તેઓ દરેક શક્ય તકનો ઉપયોગ ગુરુદેવનો મહિમા વધારવામાં કરતા અને તેમના પર તેમના આશીર્વાદની રેલમછેલ રહેતી.

૧૯૫૬માં જ્યારે ગુરુદેવે પોતાના હૃદયની વાત કરતાં સ્વામીજીને જણાવ્યું કે તેઓ તેમને પોતાના ઉત્તરાધિકારી તરીકે નીમવા ઇચ્છે છે ત્યારે તેમના જીવનમાં એક નિર્ણાયક ઘડી આવી. પૂરી નમ્રતા સાથે સ્વામીજી મહારાજે તે માગને ન સ્વીકારતાં જણાવ્યું કે સંસ્થાના જનરલ સેક્રેટરીની ભારે જવાબદારી વહન કરવાની હોવાથી અત્યાર સુધી પોતાની આધ્યાત્મિક સાધના તરફ પૂરતું લક્ષ આપી શક્યા નથી એટલે તેમની પસંદગી તે સાધના કરવાની છે, પરંતુ ગુરુદેવ હૃદયપૂર્વક જાણતા હતા કે શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ જ હકદાર લાયક વારસ હતા. ૧૯૬૨ના બીજા પ્રસંગે પણ ગુરુદેવે તે વિચાર ફરીથી રજૂ કર્યો હતો પણ આવાં જ કારણોસર ગમે તેમ પણ સફળતા મળી ન હતી. તે સમયે એટલું તો સ્પષ્ટ થઈ જ ગયું હતું કે વારસ માટેની પસંદગી નક્કી હતી. એટલે જ શ્રી ગુરુદેવની પ્રબળ ઇચ્છા-પછી તેને તેમનો સત્સંકલ્પ કહો કે ભાવિની આગાહી ગણો - બીજી બધી જ પરિસ્થિતિ પર અગ્રવર્તી બની અને પૂજ્ય સ્વામીજી મહારાજ ૧૯૬૩ ઓગસ્ટ માસમાં પૂજ્ય ગુરુદેવની મહાસમાધિ પછી આખી દુનિયામાં સુપ્રસિદ્ધ 'દિવ્ય જીવન સંઘ'ના પ્રમુખપદે નીમાયા.

પૂજ્ય શ્રી સ્વામી કૃષ્ણાનંદજી મહારાજની જનરલ સેક્રેટરી તરીકેની બાહોશીભરી મદદ સાથે પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજે સંસ્થાનો કારભાર કુશળતાથી ચલાવ્યો, તેને પ્રગતિ તરફથી વધુ પ્રગતિ તરફ દોરી ગયા અને તમે આજે જે જુઓ છો તે ગુરુદેવના મિશનનું સમર્થ વૈશ્વિક આંતરરાષ્ટ્રીય સંસ્થામાં રૂપાંતર કર્યું. ખરેખર આદરણીય ગુરુનો આદરણીય શિષ્ય !

પૂજ્ય સ્વામીજી મહારાજે પૃથ્વીના ખૂણે ખૂણાનો અનેકવાર વિસ્તૃતપણે પ્રવાસ કર્યો અને તે દરમિયાન કે જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે તેમણે ગુરુદેવના

(અનુસંધાન પાન-૨૦ પર)

# ઉપનિષદ-યાત્રા

શ્રી ગુણવંતભાઈ શાહ

## પુત્રો શિષ્યવત્ બન્યા, શિષ્યો પુત્રવત્ બન્યા

**ઋષિના શબ્દો : सुदीप्तात् पावकात् विस्फुलिंगाः प्रभवन्ते ।** (મુણ્ડક ઉપનિષદ, દ્વિતીય મુણ્ડક, પ્રથમ ખંડ, મંત્ર ૧)

ભાવાર્થ **: સહસ્ર ચિનગારીઓ, પાવકે પ્રજ્વળી ઊઠે; ભાવસૃષ્ટિ ઊગે ન્યારી, અક્ષર બ્રહ્મ થકી પૂરી.**

### ખલિલ જિબ્રાનની કવિતા

ખલિલ જિબ્રાને અરબી ભાષામાં 'આત્મા' પર નાની કવિતા લખેલી, જેનું શીર્ષક હતું : 'O Soul.' કવિતાની છેલ્લી પંક્તિઓ છે :

હે આત્મન્ !
જો કોઈ મૂર્ખ તને કહે કે
શરીરની માફક આત્મા પણ
નાશ પામે પછી
પાછો આવતો નથી,
તો એને કહેજે કે
ફૂલ નાશ પામે તોય બીજ મરતું નથી
અને આપણી સમક્ષ રહસ્ય છતું કરે છે કે
જીવન શાશ્વત છે.

### ઉપનિષદની પુત્ર-પરંપરા અને શિષ્ય-પરંપરા

બ્રહ્માએ સૌથી મોટા પુત્ર અથર્વાને બ્રહ્મવિદ્યા સમજાવી. અથર્વાએ એ વિદ્યા અંગિરાને અને અંગિરાએ ભારદ્વાજ ગોત્રમાં જન્મેલા સત્યવહનને સમજાવી. કાળક્રમે ગુરુ-શિષ્ય પરંપરામાં (આગલા અંગિરાથી જુદા) અંગિરા ઋષિને એ વિદ્યા પ્રાપ્ત થઈ. ભારતીય પરંપરામાં પુત્રો અને શિષ્યો દ્વારા અખંડ વિચારધારા, સંસ્કારધારા અને આનંદધારા વહેતી રહી છે. એક દિવસ ઋષિ અંગિરા પાસે કુલપતિ શૌનક ગયા. તેઓ નૈમિષારણ્યના નિવાસી હતા.

ઉપનિષદમાં એક મજાનો શબ્દ છે મહાશાલ. મહાશાલ એટલે બૃહત્ વિદ્યાલય. 'યુનિવર્સિટી' શબ્દ પણ મૂળે 'યુનિવર્સ' પરથી આવેલો છે. શૌનક એવા વિશ્વવિદ્યાલય (આચાર્યકુળ)ના અધિષ્ઠાતા હતા. અત્યંત વિનમ્ર ભાવે શૌનક અંગિરા ઋષિને પૂછે છે : 'હે ભગવન્ ! જે જાણવાથી બધી બાબતોનું જ્ઞાન થઈ જાય એ તત્ત્વ કયું ?' આવા ગહન પ્રશ્નથી જે સંવાદ શરૂ થયો તે મુણ્ડક ઉપનિષદમાં વાંચવા મળે છે. ઉપનિષદોમાં આવી સમૃદ્ધ સંવાદ-પરંપરા દ્વારા બ્રહ્મવિદ્યાની ઉપાસના થઈ છે.

### અંગિરા અને શૌનકનો સંવાદ

અંગિરા અને શૌનક વચ્ચે જે સંવાદ થયો તેના એક વળાંક પર સૃષ્ટિની ઉત્પત્તિ અંગે ઋષિ અંગિરાએ મંત્ર ઉદ્ગાર્યો :

તદેતત્સત્યં યથા સુદીપ્તાત્પાવકાદ્ વિસ્ફુલિંગાઃ
સહસ્રશઃ પ્રભવન્તે સરૂપાઃ ।
તથાક્ષરાદ્ વિવિધાઃ સોમ્ય ભાવાઃ
પ્રજાયન્તે તત્ર ચૈવાપિયન્તિ ॥

ઋષિ કહે છે :

હે સોમ્ય !
તે સત્ય આ પ્રમાણે છે :
જે રીતે પ્રજ્વલિત અગ્નિમાંથી
તેના જેવા જ સ્વરૂપ (ગુણધર્મ)વાળી હજારો
ચિનગારીઓ પ્રગટ થાય છે,
તે જ રીતે
અવિનાશી બ્રહ્મમાંથી
વિવિધ પ્રકારના જડચેતન પદાર્થો
ઉત્પન્ન થાય છે
અને તેમાં જ વિલીન થાય છે.

આપણી આસપાસ એક નજર દોડાવીએ તો શું જોવા મળે છે ? ક્યાંક લીલું તૃણ ઊગ્યું છે. ક્યાંક પક્ષીઓનો કલરવ સંભળાય છે. ક્યાંક કોઈ માણસ જમીન ખોદી રહ્યો છે. ક્યાંક કોઈ સ્ત્રી બાળકને ધવડાવી રહી છે. ક્યાંક પતિ-પત્ની ઝઘડી રહ્યાં છે. ક્યાંક રસ્તા પર ગાયો બેઠી છે. ક્યાંક પુષ્પ ખીલ્યું છે. જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં પરમ ચેતનાના સ્ફુલિંગો (તણખા) પ્રગટ થતા જણાય છે. સૃષ્ટિમાં સાક્ષીભાવે અત્ર-તત્ર-સર્વત્ર

પ્રગટતી-પ્રચરતી સૂક્ષ્મ ચેતનલીલા નીરખવી અને પરખવી એ પણ સહજ પ્રાર્થના ગણાય. આપણું હોવું (બીઈંગ) પણ ચેતનાના સ્ફુલિંગનું હોવું જ ગણાય. આવો સ્ફુલિંગભાવ એ જ આત્મભાવ ! મુણ્ડક એટલે મૂંડેલા માથાવાળો સાધુ. જગતને સ્ફુલિંગભાવે જોવાની વૃત્તિને મુણ્ડકવૃત્તિ કહી શકાય. નાનીશી ચિનગારીમાં પણ અગ્નિતત્ત્વ (મહાનલ)નાં સઘળાં લક્ષણો રહેલાં છે. પરમ ચેતનાની આ લીલા અનંત અને અનાદિ છે. આવો ભાવ ધીરે ધીરે સ્થાયી ભાવ બનતો રહે તે જ જીવનસાધના.

**વિશ્વની ઉત્પત્તિ શી રીતે થઈ ?**

ઋષિ પ્રથમ મુણ્ડકમાં (પ્રથમ ખંડના સાતમા મંત્રમાં) ત્રણ ઉપમાઓ પ્રયોજી ચૂક્યા છે. તેઓ કુલપતિ શૌનકને કહે છે :

જેવી રીતે કરોળિયો (ઊર્ણનાભ)
જાળું ઉત્પન્ન કરે છે
અને પાછું પોતાનામાં સમાવી દે છે,
જેવી રીતે પૃથ્વીમાંથી
વનસ્પતિઓ ઉત્પન્ન થાય છે
અને
જેવી રીતે મનુષ્યના શરીર પર
વાળ અને રુંવાટી આપોઆપ ઊગે છે
તેવી જ રીતે
અક્ષર બ્રહ્મમાંથી અહીં સઘળું (વિશ્વ)
ઉત્પન્ન થાય છે.

આમ એક જ મંત્રમાં સૃષ્ટિની ઉત્પત્તિ અંગે ત્રણ-ત્રણ ઉપમાઓ પ્રયોજવામાં આવી છે. બ્રહ્મજિજ્ઞાસુ શિષ્ય પ્રત્યેની અપાર કરુણાને કારણે ઋષિ પોતાની વાત આપણા જેવા ઠોઠ નિશાળિયાઓને પહોંચાડવા માટે આવી ઉપમાઓ પ્રયોજે છે. સરળ બાબતને અઘરી બનાવનારા શિક્ષકોની આજે ખોટ નથી. ગહન બાબતને સરળ બનાવીને ઉપદેશવામાં પ્રત્યાયન સુપેરે થતું જણાય છે. સંવાદની સાર્થકતા પ્રત્યાયન વિના સિદ્ધ ન થાય. અણુવિજ્ઞાની અને તત્ત્વચિંતક ફ્રીટજોફ કાપ્રાનાં લખાણોમાં વારંવાર કરોળિયા દ્વારા રચાતા જાળા સાથે બ્રહ્મને સરખાવવામાં આવ્યું છે. એમના એક મનનીય પુસ્તકનું મથાળું છે : 'ધ વેબ ઑફ લાઈફ.' પુસ્તકમાં અનેક વાર આજના વિજ્ઞાનના સંદર્ભમાં, સૃષ્ટિમાં રહેલી ચરમ એકતાનું પ્રતિપાદન થયું છે. ગીતામાં કર્મને 'અક્ષર-સમુદ્‌ભવમ્ બ્રહ્મ' ગણવામાં આવ્યું છે. (૩,૧૫)

સાંખ્યદર્શનમાં સૃષ્ટિની ઉત્પત્તિને સમજાવવા માટે ત્રણ બાબતોનો વિચાર થયો છે :

(૧) મૂળ પ્રકૃતિ બધા સર્જનનું કારણ છે, પરંતુ એનું (મૂળ પ્રકૃતિનું) કોઈ કારણ નથી.

(૨) મૂળ પ્રકૃતિમાંથી महान्★ ઉત્પન્ન થાય છે અને महान् अहंकारને જન્મ આપે છે. આમ महान् કારણ પણ છે અને કાર્ય પણ છે.

(૩) अहंकारમાંથી પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન પેદા થાય તે કાર્ય છે, પરંતુ એમાંથી કશું પેદા થતું નથી.

આમ પ્રથમ ગણાવી તે મૂળ પ્રકૃતિ પરિશુદ્ધ પ્રકૃતિ છે. તેમાંથી ઉત્પન્ન થાય તે महान् પ્રકૃતિ-વિકૃતિનું સંયોજન છે અને अहंकार થકી જે પેદા થાય તે વિકૃતિ છે.

**ઋષિપત્નીના ઉપકારો ભૂલશો નહીં**

ઋષિ અંગિરા શૌનકને કહે છે : 'જે (અક્ષર પુરુષ) સર્વજ્ઞ છે અને સર્વને સમજનાર છે તે પરબ્રહ્મનું જ્ઞાન એ જ તપ છે (યઃ સર્વજ્ઞઃ સર્વવિદ્‌યસ્ય જ્ઞાનમયં તપઃ'). આપણા ઋષિઓ જ્ઞાની હતા અને તપસ્વી પણ હતા. બ્રહ્મવિદ્યાની આવી ઉપાસના કરનારા ઋષિ અંગિરા અને કુલપતિ શૌનકના આનંદની કલ્પના કરવા જેવી છે. નૈમિષારણ્યમાં શૌનકે જે 'જ્ઞાનમય તપ' કર્યું તે અખંડ આનંદધારાનું વહન બની રહ્યું હશે. સદીઓ સુધી આપણો આવો વિચાર-વારસો અને જ્ઞાનવૈભવ જળવાઈ રહ્યો તે માટે ઋષિઓના આશ્રમોમાં જેનું સંગોપન થયું તેવા સ્વસ્થ ગૃહસ્થાશ્રમને પણ યશ આપવો પડે. તપ અને વન વચ્ચેના સુમેળને કારણે અનેક તપોવનો સર્જાયાં. તપોવનોમાં જ સંવાદો થયા તે આજ સુધી જળવાયા કારણ કે ઋષિઓના પુત્રો શિષ્યવત્ અને શિષ્યો પુત્રવત્ બની રહ્યા. એક વાત

★ महान् એટલે સૃષ્ટિની પ્રક્રિયાનો આરંભ થયો ત્યારે મૂળ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું સૌથી પહેલું તત્ત્વ. એ છે ચિત્તના પરિશુદ્ધ અનુભવનું તત્ત્વ અથવા અહંકારનું તત્ત્વ અનુભવ કરનારની સભાનતાનું તત્ત્વ. મૂળ શબ્દ महत् છે. महत् એટલે, 'experiencing principle.'

કદી ન ભૂલવી જોઈએ. ઋષિકુળમાં પતિને, પુત્રોને અને શિષ્યોને સ્નેહપૂર્વક જાળવનારી અનેક ઋષિપત્નીઓના આપણે સૌ ઉપકૃત છીએ. જર્મન વિદ્વાન અને ભારતપ્રેમી મેક્સમૂલર કહે છે :

મને જો પૂછવામાં આવે
કે પ્રાચીન વિશ્વમાં
શિક્ષણ અને સંસ્કારની દૃષ્ટિએ
કયો દેશ આગળ પડતો હતો,
તો હું કહું કે
એ દેશ ભારત હતો.

ગૃહસ્થાશ્રમનું અનોખું સૌંદર્ય તપોવનોમાં પ્રગટ થયું તે વાત ખાસ મહત્ત્વની છે. બીજા ત્રણ આશ્રમો ગૃહસ્થાશ્રમને આધારે ટકેલા છે. ગૃહસ્થાશ્રમને 'મધ્યાશ્રમ' પણ કહ્યો છે અને મહાકવિ કાલિદાસે આદર્શ ગૃહસ્થ રાજાને मध्यमाश्रमतपस्वी કહ્યો છે. સંસારમાં રહીને સાધના થઈ શકે તે માટે ચાર આશ્રમોની સંકલ્પનામાં ભારતીય સંસ્કૃતિનું સૌંદર્ય આબાદ પ્રગટ થાય છે. એ સંસ્કૃતિનું વાહન ગણી શકાય એવી સંસ્કૃત ભાષાની અવગણના થઈ રહી છે તેથી જીવ બળે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય સંસ્કૃતના અભ્યાસ વગર અધૂરો ગણાય. સંસ્કાર, સંસ્કૃત અને સંસ્કૃતિના સુમેળ વિનાનો ભારતીય નાગરિક વાસ્તવમાં અનાથ ગણાય.

'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

## શ્રદ્ધાંજલિ

પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજશ્રીની મહાસમાધિ પછી દિવ્ય જીવન સંઘ, વડોદરા શાખાની પ્રાર્થનાસભામાં શ્રી સ્વામી અશેષાનંદજી ઉપસ્થિત રહ્યા હતા. પોતાનાં સર્વે સંસ્મરણો કહ્યા પછી તેમણે સૌને ૐ નમો નારાયણાય કહીને કહ્યું હતું, હવે આ શરીર લાંબુ ટકવાનું નથી, માટે સૌને હવે છેલ્લીવારના ૐ નમો નારાયણાય છે. બીજી ઓક્ટોબરે તેમનો જન્મ થયો હતો. બીજી ઓક્ટોબરે રાત્રે જ ઊંઘમાં જ તેમનું દેહાવસાન થયું.

તેમનું નામ વિજયભાઈ હતું. અલ્હાબાદ - પ્રયાગ વિશ્વવિદ્યાલયથી તેઓ એમ.એ. પાસ થયા હતા. શ્રી લક્ષ્મીકાંતભાઈ દવેને તેઓ ગીતા આશ્રમ (સ્વર્ગાશ્રમ) ખાતે મળ્યા હતા. તેમની સાથે ૧૯૭૧માં તેઓ શિવાનંદ આશ્રમ આવ્યા હતા. જ્ઞાનસંન્યાસ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજ અને વિરજાહોમ કૈલાશ આશ્રમ ખાતે લીધો હતો. તેઓ ખૂબ ભાવુક લેખક હતા. 'માનવતા કે પ્રતિક સ્વામી ચિદાનંદ' પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયું હતું. સન્યાસ પૂર્વે જવાહરલાલ નહેરુ, લાલ બહાદુર શાસ્ત્રી વગેરે સાથે યુવક કોંગ્રેસનું તેમણે ખૂબ કામ કરેલું. બાલદિવસ તેમણે આરંભ કરેલો. બાહોશ ખંતીલા જીવનના યાત્રી સાચા અર્થમાં સંન્યાસી હતા, ૩૮ વર્ષના તેમના સંન્યસ્ત જીવનમાં તેઓએ ૩૮ આશ્રમો બદલ્યા હશે. તેમની ષોડશી શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે તા.૧૭મી ઓક્ટોબરના રોજ સમાપન થઈ. દિવંગતની આત્મશાંતિ અને સદ્‌ગતિ માટે પ્રાર્થના. ૐ શાંતિ.

**(શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની સ્મૃતિગાથા....અનુસંધાન પાન-૧૭ પરનું ચાલુ)**

જીવનનું રૂપાંતર કરી નાખે તેવા ઉપદેશોનો અસરકારક રીતે પ્રચાર કરવામાં કંઈ જ બાકી ન રાખ્યું. ગુરુદેવની જ્ઞાનયજ્ઞની મશાલને પ્રજ્વલિત રાખવાની તેમના ગુરુ અને તેના મિશન તરફની પવિત્ર ફરજ અદા કરવા માટે તેમણે તે માટેની મબલક તકો ઊભી કરી એમ કહીએ તો તે યોગ્ય ગણાશે. પૂજ્ય સ્વામીજી મહારાજના જીવન દરમિયાન તેઓશ્રી હજારો લોકોના તેમને અંગત રીતે મદદ કરીને, તેમની સાથે પત્રવ્યવહાર કરીને, તેમને આશ્રમના સંચાલનમાં મદદ કરીને તથા બીજા અનેક વિવિધ કામોમાં મદદ તથા માર્ગદર્શન આપીને-અંગત સંપર્કમાં રહ્યા હતા. પણ કોઈ વ્યક્તિ એ વાત ન ભૂલી જાય કે આપણા માનનીય જનરલ સેક્રેટરી પૂજ્ય શ્રી સ્વામી વિમળાનંદજી મહારાજે ૧૯૫૩માં આશ્રમમાં આવ્યા ત્યારથી આજ સુધી ૫૫ વર્ષ પૂજ્ય ચિદાનંદજી મહારાજની અડગ, થાક્યા વગર અને નેક દિલે સેવા કરેલી.

ભક્તો, આધ્યાત્મિક વ્યક્તિઓ, આશ્રમના મુખીઓ તથા દુનિયાના વિવિધ ભાગોમાંથી વિદ્વાન લોકો તરફથી ભક્તિભાવ તથા ઉમળકાભર્યા પ્રસંશાપત્રો આવતા જાય છે; અંગ્રેજી અને બીજી ભાષાઓની ઘણી ટીવી ચેનલોએ પૂજ્ય સ્વામીજી મહારાજ વિશે વિસ્તારપૂર્વક લેખો પ્રગટ કર્યા છે.

સંન્યાસ પરંપરાના રિવાજ પ્રમાણે બારમી સપ્ટેમ્બરે સમાધિનો સોળમો દિવસ (ષોડશી) ગંભીર ધાર્મિક પ્રસંગ તરીકે પળાશે.

- The Divine Life Society

'The Divine Life'માંથી સાભાર અનુવાદ

I J

# વિષ્ણુ-ષટ્પદી

K L

શ્રી રમણલાલ સોની

[શ્રીમદ્ શંકરાચાર્યજીએ અનેક સુંદર સ્તોત્રો લખ્યાં છે, જેમાંનું આ એક છે. આ સ્તોત્રો મધુર છે, સુંદર છે. ઝરણું વહે તેમ એ વહે છે. વળી એ ઝટ કંઠસ્થ થઈ જાય તેવાં છે. ષટ્પદ એટલે છ પગવાળો ભમરો. આ કવિતા છે, એટલે એને ષટ્પદી કહી. ષટ્પદી એટલે છ પદ (કડી)વાળી કવિતા, સ્તોત્ર. આ સ્તોત્રમાં ભગવાન વિષ્ણુની સ્તુતિ છે અને પ્રાર્થના છે. સાતમી કડી સમાપનની છે.]

## ષટ્પદી : ચોથું પદ

**उद्धतनग नगमिदनुज दनुजकुलामित्र मित्रशशीदृष्टे ।**
**दृष्टे भवति प्रभवति न भवति किं भवतिरस्कार: ॥ ४ ॥**

આ પંક્તિઓ વાંચતા-સાંભળતામાં તરત એની શબ્દરચના આપણું ધ્યાન ખેંચે છે. પહેલી પંક્તિમાં ચાર શબ્દજોડકાં છે અને બીજી પંક્તિમાં ‘ભવતિ’ શબ્દ ચાર વખત વપરાયો છે. આથી કાવ્યની મધુરતા અધિક મિષ્ટ બને છે અને તે કંઠસ્થ કરવામાં આનંદ આવે છે.

જેવું એનું આ શબ્દલાલિત્ય છે તેવું જ અર્થલાલિત્ય પણ છે. આમાં બાલકૃષ્ણની બાળલીલાનો સંદર્ભ છે. એક પછી એક શબ્દ-જોડકાં જોઈએ. उद्धतनग એટલે ગિરિરાજ ગોવર્ધન (નગ)ને ઊંચકનાર કૃષ્ણ.

नगभिदनुज - બલરામ. પહાડને ભેદનાર, વશ કરનાર (નગભિદ્)નો નાનો ભાઈ (અનુજ) કૃષ્ણ.

दनुजकुलामित्र - દાનવકુળનો દુશ્મન (અમિત્ર)

मित्रशशीदृष्टे - સૂર્ય (મિત્ર), ચંદ્ર (શશી) જેનાં નેત્ર છે તેવા કૃષ્ણ.

આ ચારે કૃષ્ણનાં વિશેષણો છે. વ્રજમાં બારે મેઘ ખાંગા થયા. મનુષ્યો અને ગાયોની સલામતી જોખમાઈ ત્યારે કૃષ્ણે ગોવર્ધન પહાડને અદ્ધર ઊંચો કરી તેની નીચે સૌને સલામત આશ્રય આપ્યો હતો, તેથી તેમને ‘उद्धतनग’ કહ્યા છે.

આપણે એમને ગિરિધારી, ગોવર્ધનધારી કહીએ છીએ. મીરાંબાઈ ગિરિધર ગોપાલ કહે છે.

બલરામ મહાબલવાન હતા. તેમણે પર્વતોને જમીન સરસા કરી ભૂમિને ખેડાણ હેઠળ આણી હશે કે પર્વતોમાં ખાણો ખોદી હશે અને ધાતુઓ કે મૂલ્યવાન પથ્થરો કાઢ્યા હશે. જે હોય તે, તેઓ ‘નગભિદ્’ કહેવાયા છે. બલરામ હતા પણ બળિયા. મલ્લયુદ્ધ અને ગદાયુદ્ધમાં તેઓ ઉસ્તાદ હતા, આચાર્ય હતા. દુર્યોધન એમનો શિષ્ય બની એમની પાસે ગદાયુદ્ધ શીખ્યો હતો. દુર્યોધનની ગદાયુદ્ધમાં પ્રવીણતા જોઈ બલરામ તેના પર પ્રસન્ન હતા. કુરુક્ષેત્રના યુદ્ધ પછી ભીમ અને દુર્યોધનનું ગદાયુદ્ધ થયું ત્યારે બલરામ ત્યાં હાજર હતા. બલરામ મલ્લયુદ્ધમાં પાવરધા હતા, તો કૃષ્ણ કાચા નહોતા. તેઓ આ વિદ્યા શીખ્યા ક્યાં ? ત્યાં, વ્રજમાં જ ! કંસ પણ મલ્લયુદ્ધનો ઉસ્તાદ હતો. તેણે પોતાની તહેનાતમાં સેંકડો મલ્લોને રાખ્યા હતા અને તેમને રોજ ખોબેખોબા દહીં-માખણ ખવડાવી તગડા કરતો હતો. મલ્લો માટે આ દહીં-માખણ જોઈએ તેથી તેણે વ્રજવાસીઓને તેમનાં દહીં-માખણ મથુરામાં જ વેચવાની ફરજ પાડી હતી. કૃષ્ણે કહ્યું : ‘આ ન ચાલે. આપણાં દહીં-માખણ આપણે જ ખાઈએ અને આપણે જ પુષ્ટ બનીએ !’ એટલે દહીં-માખણ વેચવા જતી મહિયારીઓને તેઓ રોકતા અને દાણ માગતા. આ દાણ એટલે દહીં-માખણ - ચમચો બે ચમચા નહિ, પણ આખી મટકી. મહિયારીઓને કૃષ્ણનાં આવાં અળવીતરાં ગમતાં એટલે જાણી જોઈને દાણ નહિ આપવાની હઠ કરતી અને કૃષ્ણ એમની મટકી ફોડી નાખતા.

વ્રજમાં કૃષ્ણની આ લીલા બહુ લોકપ્રિય બની ગઈ હતી. વ્રજના ગોપગોવાળો ત્યાંના જ દહીં-માખણ ખાઈ, કુસ્તીઓ લડી વજ્ર જેવા થયા હતા. ભય એમનામાં રહ્યો નહોતો. હવે કંસની કે કંસના કષ્ટોની તેમને બીક નહોતી. બલરામનું કદાવર શરીર એમની શક્તિની ચાડી ખાતું હતું, જ્યારે કૃષ્ણનું સુકોમળ શરીર એ શક્તિને છુપાવતું હતું.

હવે. આચાર્યજી કૃષ્ણને ‘દનુજકુલ’ના (દાનવકુળના) અમિત્ર (દુશ્મન) કહે છે. કોણ હતા દાનવ ? દાનવો ને દેવો બંને એક જ કુળના હતા. જેમ કૌરવો અને પાંડવો એક જ કુરુકુળના હતા, બંને કૌરવ હતા. કૃષ્ણે ગીતામાં અર્જુનને એકાદ સ્થળે કુરુકુળના કૌરવ તરીકે સંબોધ્યો પણ છે, પરંતુ કૌરવો અનાચાર અને રાજ્યલોભના રસ્તે ચડી ગયા, એટલે કૌરવ શબ્દનો અર્થ બદલાઈ ગયો. પાંડવો અને કૌરવો અલગ રીતે ઓળખાતા થયા. એવું જ દેવોનું છે. દેવો પણ દાનવકુળના હોઈ દાનવો જ છે, પણ દાનવો

અનાચાર અને અત્યાચારના માર્ગે વળી ગયા. સુખસાહ્યબી, વિલાસવૈભવ દેવોને પણ એટલાં જ પ્રિય હતાં, પણ દાનવોને લોકોને રિબાવી દુઃખી કરી સુખસમૃદ્ધિ મેળવવાનો માર્ગ ટૂંકો લાગ્યો અને એ માર્ગે વળી ગયા. આથી દાનવ નામ વગોવાઈ ગયું. કૃષ્ણ દાનવોના દુશ્મન હતા, એટલે અત્યાચારીઓ, અનાચારીઓ અને આતતાયીઓના દુશ્મન હતા.

કંસ આવો આતતાયી હતો. વ્રજનાં તમામ ધાવણાં બાળકોને મારી નાખવા તેણે પૂતનાને મોકલી તે કેવો દુષ્ટ હશે !

આજે ઘણાને રામકથા, કૃષ્ણકથા કે ગાંધીકથા વાંચતાં થાય કે હું એમના યુગમાં જન્મ્યો હોત તો જરૂર એમની જોડે આતતાયીઓ સામે લડ્યો હોત, પણ શું થાય ? હું એકવીસમી સદીમાં આવી પડ્યો ! અરે ભાઈ ! કેટલા નૃશંસ આતતાયીઓ છે, જે નિર્દોષ પ્રજાનાં હીર ચૂસી રહ્યા છે ! એ બધાનો સામનો કરો ! થાઓ આગળ ! આ જ છે કૃષ્ણનો આદેશ, રામનો આદેશ અને ગાંધી મહાત્માનો આદેશ ! તેઓ તમારા નેતા છે અને તમારી સાથે જ છે. કૃષ્ણ આવા દાનવકુળના દુશ્મન હતા અને આજે પણ છે. ખરેખર તો તેઓ કોઈનાયે દુશ્મન નથી. હોય તો તેઓ માત્ર સૌના મિત્ર છે, અંતરંગ મિત્ર છે. દાનવોનાય તેઓ તો મિત્ર છે. તેઓ જે કંઈ કરે છે તે દાનવોના હિત માટે જ કરે છે.

કૃષ્ણ (ભગવાન) શું કહીને શું કરે છે તેની આપણને ખબર નથી પડતી તેથી આપણને અવળોસવળો ભ્રમ થાય છે. એટલે તો સંતો કૃષ્ણને સમજવા માટે કહે છે કે : कृष्णः हि भगवान स्वयम् । આ વાત લક્ષમાં રાખીએ તો કૃષ્ણની લીલાનો મર્મ પમાય.

હવે આચાર્યજી કૃષ્ણને 'મિત્ર (સૂર્ય), શશી (ચંદ્ર) જેનાં નેત્ર છે' એમ કહે છે.

અર્જુને કૃષ્ણનું વિશ્વરૂપદર્શન કર્યું, ત્યારે તેની સ્તુતિ કરતાં અર્જુન કૃષ્ણને 'શશી-સૂર્ય-નેત્ર' કહે છે. સાથે કહે છે કે ભગવન્ ! હું ચારેકોર તમારાં અસંખ્ય મુખ, નેત્ર વગેરે જોઉં છું. કૃષ્ણ સર્વવ્યાપી છે. એક અણુ જેટલી જગા પણ કૃષ્ણ વગરની નથી. અણુએ-અણુએ કૃષ્ણ બિરાજમાન છે. અણુએ-અણુએ કૃષ્ણનાં મુખ-નેત્ર વગેરે જે કહો તે છે. ભગવાનથી કશું ગુપ્ત નથી. ઘોર અંધકારમાં કે દરિયાને તળિયે છુપાઈને તમે કંઈ કરો, તો એ પણ ભગવાન જુએ છે. આમાં આચાર્યજીએ કૃષ્ણને 'મિત્ર-શશી-નેત્ર' કહીને તેમનો મહિમા ગાયો છે. આગળ ત્રીજી પંક્તિમાં આચાર્યજી કહે છે : હે ભગવાન ! તમારો પ્રભાવ કેવો અદ્‌ભુત છે ! આપનું પ્રભાવવંતું મુખ જોઈને ('दृष्टे भवति प्रभवति') સંસાર પ્રતિ અણગમો ('भवतिरस्कार') જાગ્યા વિના રહે જ નહિ ! ('किं न भवति ।')

ભગવાનના વદનકમળની ઝાંખી આવી ચમત્કારી છે. સંતો આ વાતના સાક્ષી છે. મીરાંબાઈ કહે છે - 'મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું !' ભગવાન ! તારું મુખ જોયું કે આખું જગત મારે મન ખારું-ખારું બની ગયું. મારું મન સંસાર પરથી ઊઠી ગયું.

આ જ વાત આચાર્યજી કહે છે. આમ તો આચાર્યજીનાં બધાં જ સ્તોત્રો રમણીય છે, માધુર્યથી ભરેલાં છે અને કંઠસ્થ કરવામાં કે ગાવામાં આનંદ આપે તેવાં છે. આ સ્તોત્ર પણ તેવું જ એક છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું એક સ્તોત્ર 'મધુરાષ્ટક' આ પ્રકારનાં સ્તોત્રમાં મોખરે બિરાજે તેવું છે.

અહીં પહેલી પંક્તિમાં સમાસો છે. દરેક સમાસનો છેલ્લો શબ્દ તે પછીના સમાસનો પહેલો અક્ષર બને છે. દા.ત. 'ઉદ્ધતનગ'નો 'નગ' શબ્દ તે પછીના સમાસમાં પહેલો બને છે. તેવી રીતે બીજા સમાસનો છેલ્લો શબ્દ 'દનુજ' ત્રીજા સમાસનો પહેલો શબ્દ બને છે. ત્રીજાનો 'મિત્ર' શબ્દ ચોથાનો પહેલો શબ્દ બને છે, ને ચોથાનો છેલ્લો શબ્દ 'દૃષ્ટે' બીજી પંક્તિનો પહેલો શબ્દ બને છે. બીજી પંક્તિમાં વળી જુદી કવિલીલા ચાલે છે. તેમાં 'ભવતિ' શબ્દ ચાર વખત આવે છે. भवति, प्रभवति, न भवति किं भवतिरस्कारः ? કાવ્યમાં આવી મધુરતા આણવાનું કવિઓ માટે સુલભ છે, સ્વાભાવિક છે. એ માટે પ્રયત્નપૂર્વક કોશિશ કરવી પડતી નથી. કરે તો લખાણ કૃત્રિમ બની જાય છે. એની ધારી અસર થતી નથી અને કેટલીક વાર તો એ અર્થહીન શબ્દોનું અર્થહીન જાળું બની રહે છે ને હાસ્યાસ્પદ બને છે.


હવે જે વિચાર્યું તે ટૂંકમાં જોઈએ :

૧. ભગવાનના પ્રભાવનો ને મહિમાનો પાર નથી. ગમે તેટલાં નામમાં પણ એનો મહિમા પૂરો વર્ણવી શકાતો નથી.

૨. એક વાર જેને ભગવાનના શ્રીમુખની જરા ઝાંખી થઈ તે સદાય તેમનો જ બની રહે છે. પછી સંસારવ્યવહાર કે ભૌતિક સુખસમૃદ્ધિ એને આકર્ષતાં નથી.

# શિવાનંદ કથામૃત-૪

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટીર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]



## અંતર્નાદ

**મેં અંદરથી નાદ સાંભળ્યો : “શિવ, જાગ્રત થા !**
**અને તારા જીવનના પાત્રને આ અમૃતથી ભરી દે;**
**તેને બધાની સાથે વહેંચ,**
**હું તને તે માટે બળ, શક્તિ, સામર્થ્ય અને જ્ઞાન આપીશ.”**
**હું તેના આદેશને અનુસર્યો;**
**તેણે પાત્રને ભરી જ દીધું;**
**અને મેં તે બધાંને વહેંચ્યું.**

**- શિવાનંદ**

### કુનેહ અને અનુકૂળ થવાની ક્ષમતા

ગુરુદેવની એક મહિલા ભક્ત સારું ગાઈ શકતી હતી. ગુરુદેવે તેને કહ્યું : ‘તમારી દીકરી બુદ્ધિશાળી છે. તેને તમે સંગીત કેમ શીખવતાં નથી ?’

મહિલાએ જવાબ આપ્યો : ‘સ્વામીજી, તે મારી પાસેથી કંઈ પણ શીખવા માગતી નથી.’ તેની દીકરી ત્યાં હાજર હતી, તેણે કહ્યું : ‘ભણાવવાના નામે તે મને ઠપકો આપ્યા કરે છે.’ ગુરુદેવે તેને શાંત પાડી અને કહ્યું : ‘જો તારી માતા તને ઠપકો આપે તો તેમાં શું વાંધો ?’ માતાએ કહ્યું : ‘હું જ્યારે જ્યારે તેને શીખવાડું ત્યારે તેને હું ધમકાવું છું એવું તેને લાગે છે.’

પછી ગુરુદેવે કહ્યું : ‘તમે તેને એક વખત ધમકાવી હશે, નહિતર તેને તમે ધમકાવો છો તેવી છાપ કેવી રીતે પડે. તેની સાથે કામ પાડવાની તમારે કોઈ બીજી રીત શોધી કાઢવી જોઈએ.’

‘આપણે બીજા લોકોના સ્વભાવને સમજીને તેમને અનુકૂળ થવાનું રહેશે. ફક્ત ધમકાવવાથી કોઈ પરિણામ મળશે નહીં. અહીં એક બહેન છે તેને કોઈ વિનોદ કરે તે ગમતું નથી. હું તેનો સ્વભાવ સમજું છું અને તેની હાજરીમાં વિનોદ ન થાય તેનું ધ્યાન રાખું છું. આજ પ્રમાણે આપણે બીજાઓના સ્વભાવ અને રુચિનો અભ્યાસ કરી તેમની સાથે કુનેહથી વર્તવું જોઈએ.’

### વચન આપો ત્યારે સાવધાન રહો

જ્યારે ગુરુદેવ સત્સંગ પૂરો કર્યા પછી ત્યાંથી જતા હતા ત્યારે એક મુલાકાતી તેમને મળ્યો અને ઈન્ટરવ્યૂ માટે થોડોક સમય આપવા વિનંતી કરી.

ગુરુદેવે કહ્યું : ‘કાલે પાંચ વાગે, પણ વચન આપતો નથી.’

પછી, આજુબાજુના લોકો તરફ ફરતાં તેમણે કહ્યું : ‘કદી વચન આપવું નહીં. તમે કોઈ સ્થળે ૧૦ વાગે સવારે ચોક્કસ પહોંચવાના હો છતાં ‘હું આવીશ જ’ એમ કહેતા નહીં. ‘હું આવવાનો પ્રયત્ન કરીશ’ એમ કહો. આ મારી રીત છે. નહિતર જો તમે જઈ ન શકો તો લોકો કહેશે કે તમે વચન આપ્યું પણ પાળ્યું નહિ.’

### રખડવાની ટેવ

જ્યારે ગુરુદેવે જાણ્યું કે ધ્યાનનો અભ્યાસ કરતો અમુક આશ્રમવાસી આશ્રમ છોડીને બીજે ફક્ત સ્થળના ફેરફાર માટે જઈ રહ્યો છે. ગુરુદેવે કહ્યું : ‘શું લોકો આ સ્થાન છોડીને બીજે જશે ? આ સ્થળમાં બ્રહ્મલોકનું લોકશાસન છે. મોહિત કરતી ગંગા છે અને હિમાલયની કુદરતી સુંદરતા છે. ઘંટ વાગે કે તરત જ ચા અને ભોજન મળે છે. શું આ બધી વસ્તુઓ બીજે મળવાની છે ?’

પછી ગુરુદેવ મૂક બની ગયા.

આગળ આવા પ્રસંગે જ્યારે બીજી કોઈ વ્યક્તિ વિવિધ સ્થાનોએ જઈ રહી હતી ત્યારે ગુરુદેવે તેને કહ્યું હતું : 'જો માણસને આધ્યાત્મિક પથ પર આગળ વધવાની ઇચ્છા હોય તો તેણે તેને મારવામાં આવે તો પણ આ સ્થળ છોડવું જોઈએ નહીં.'

બીજા પ્રસંગે, કેટલાક આશ્રમવાસીઓની ભટકવાની ટેવનો ઉલ્લેખ કરીને કહ્યું :

''A rolling stone gathers no moss''

### સેવા એજ પ્રભુપૂજા

ગુરુદેવે આશ્રમમાં ડૉ. અધ્વર્યુએ યોજેલા 'આઈ રિલીફ કેમ્પ'ની મુલાકાત લીધી. સ્વયંસેવકોને કામ કરતા જોઈને તેમણે કહ્યું, 'જો કોઈ દરેક દરદી ભગવાન પોતે જ છે એવી લાગણી સાથે સેવા કરે તો પછી ધ્યાનની શી જરૂર છે ? ભગવાન તેની સેવાથી ખૂબ ખુશ થશે અને તેને મોક્ષ સાથે આશીર્વાદ આપશે. નિષ્કામ સેવા એટલે ભક્તિ અને જ્ઞાનનું પૂર્વ-અસ્તિત્વ. શિબિર છોડતાં પહેલાં ડૉ. અધ્વર્યુએ ઓપરેશન કરેલા દરદીઓના કલ્યાણ માટે ગુરુદેવે કીર્તન અને મહામૃત્યુંજય મંત્રના જપ કર્યા.'

એક ભક્તિમાન ગૃહસ્થે ગુરુદેવને બે વિનંતી કરી. પહેલી પ્રાર્થના તેણે ગુરુદેવને અમુક માંદી વ્યક્તિના સ્વાસ્થ્ય માટે કરવાનું કહ્યું અને બીજી પ્રાર્થના તેનો દીકરો તેની પરીક્ષામાં પહેલા વર્ગમાં પાસ થાય તે માટે કરવાનું કહ્યું.

ગુરુદેવે પહેલી વિનંતી સંબંધી કહ્યું : 'હું દરરોજ દુનિયાના બધા લોકોના સ્વાસ્થ્ય માટે મહામૃત્યુંજય મંત્રના જપ કરું છું. હું દરરોજ 'સર્વેષાં સ્વસ્તિ ભવતુ' પ્રાર્થના પણ કરું છું. હું તમારા મિત્રની રોગમુક્તિ માટે પ્રાર્થના કરીશ.'

બીજી વિનંતી સંબંધી ગુરુદેવે કહ્યું : 'હું તમારો દીકરો પહેલા વર્ગમાં પાસ થાય તે માટે પ્રાર્થના કરી શકું નહિ. જો તે અભ્યાસ જ ન કરે તો તે પ્રથમ વર્ગમાં કેવી રીતે પાસ થઈ શકે ? પણ હું તેને માટે સામાન્ય રીતે પ્રાર્થના કરી શકું.'

બીજા દિવસે ગુરુદેવે સત્સંગમાં કહ્યું : શ્રી અ ની રોગમુક્તિ માટે પ્રાર્થના કરીએ અને શ્રી બ નો દીકરો તે પ્રથમ વર્ગમાં પાસ થાય તે માટે પણ કરીએ.

પછી ગુરુદેવે સામૂહિક કીર્તન કર્યું.

### વિવિધ પ્રકારનાં મિથ્યાભિમાન

શ્રીમતી લીલા વ્લાચાઉ સવારમાં પોતાનો રોજનો માલિસનો વર્ગ લેતાં હતાં ત્યારે તેમણે એક વિશિષ્ટ પ્રકારના માલિસની સમજુતી આપતાં જણાવ્યું કે તે કટિવા (Lumbago) માટે અનુકૂળ છે.

ગુરુદેવે વિનોદ કરતાં કહ્યું : 'શું તે મિથ્યાભિમાનના વાને મટાડી શકે ?'

આગળ બોલતાં કહ્યું : 'મિથ્યાભિમાનના કણ કેટલીક વાર પીઠ પર એકઠા થાય છે અને 'મિથ્યાભિમાન વા' કરે છે. આ રોગના લોકો બીજાઓને નમી શકતા નથી. મંદિરમાં મૂર્તિની સામે પણ તે નમી શકતા નથી. વિવિધ પ્રકારના વા હોય છે - પ્રોફેસરનો વા, મુખ્યમંત્રીનો વા, પ્રિન્સિપાલનો વા અને એન્જિનિયરનો વા !'

### દરેક વસ્તુ ભગવાન છે

ગુરુદેવે પોતાની હાજરીમાં એક મુલાકાતી એક વૃદ્ધ વ્યક્તિને સાષ્ટાંગ પ્રણામ કરતો હતો ત્યારે પૂછ્યું, 'સાષ્ટાંગ પ્રણામના શું ફાયદા છે ?'

તેણે કહ્યું : 'તેનાથી એકતાની ભાવનાનો વિકાસ થાય છે અને એક અસ્તિત્વના વિચાર તરફ મન દોરાય છે. તે નમ્રતાનો વિકાસ કરે છે.'

ગુરુદેવે કહ્યું : 'હા. તેનાથી નમ્રતાનો વિકાસ થાય છે. સાષ્ટાંગ પ્રણામ દરેકને કરવા જોઈએ, મળ, પથ્થરો અને પગરખાંને પણ.'

ગુરુદેવે પ્રશ્ન કર્યો : 'તમે આવું કદી કર્યું છે ?' પછી આગળ વધતાં કહ્યું : 'હું દરરોજ સવારે પથારીમાંથી ઊઠીને તરત જ દરેકને પ્રણામ કરું છું. દરેક વસ્તુ ફક્ત ચૈતન્ય છે. નિષ્ક્રિય દ્રવ્ય જેવું કંઈ છે જ નહિ. બહારથી વસ્તુ નિષ્ક્રિય લાગે પણ અંદરથી તે પૂરા ચૈતન્યવાળી હોય છે. તમારે તમારા નોકરોને કૂતરાઓને અને ગધેડાને પ્રણામ કરવા જોઈએ. મહારાષ્ટ્રના સંતની એક વાત છે. એક ગધેડું મરી ગયું હતું. તે મરેલા ગધેડાને તે સંતે દંડવત્ પ્રણામ કરતાં તે સંતની ભક્તિના પ્રતાપે જીવતું થઈ ગયું હતું.' (ક્રમશઃ)

'Sivananda's Gospel of Divine Life'નો સાભાર અનુવાદ

# શ્રી ચૈતન્ય મહાપ્રભુજી - જીવન પ્રસંગો

શ્રી કનૈયાલાલ મ. પંડ્યા

## નિમાઈ (શ્રી ચૈતન્ય મહાપ્રભુ)નું મહાભિનિષ્ક્રમણ

નિમાઈ (ગૌરાંગ શ્રી ચૈતન્ય મહાપ્રભુ)ની પંડિતાઈ તો સંપૂર્ણ ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતી. ન્યાય, છંદ, અલંકાર, વ્યાકરણ, વેદાંત આદિના તેમના અનંત જ્ઞાનની ઈર્ષ્યા થવા લાગી હતી. તેમણે આજીવિકાના સાધનરૂપ અધ્યાપનકાર્ય છોડી આસાખવૃત્તિ પર જીવવા માંડ્યું હતું. શ્રીકૃષ્ણકીર્તનસમ્રાટ બનીને ઘેર ઘેર સંકીર્તનનો પ્રચાર કરી જીવોનો ઉદ્ધાર કરવા તેમણે નવદ્વીપમાં જગપ્રસિદ્ધ નગર-કીર્તન યોજી કાજીના હૃદયને જીતી લીધું. જગાઈ-મધાઈ જેવા દુષ્ટાત્માઓને મહાત્મા બનાવી દીધા, અંતર્યામી ઈશ્વરપણું પ્રત્યક્ષરૂપે દર્શાવી આપ્યું. મોટા મોટા પંડિતોએ શાસ્ત્રાર્થમાં સ્વયં હાર સ્વીકારી લીધી; અતિશય નમ્રતા, ક્ષમા, કરુણા વગેરે દિવ્ય ગુણો ઉપરાંત તેમનું અનુપમ સૌંદર્ય - આ બધાં પરિબળોથી તેમના ઈર્ષાળુ વિરોધીઓની સંખ્યા વધવા માંડી હતી. પ્રભુએ એ વિરોધીઓના ઉદ્ધાર માટે સંન્યસ્ત ગ્રહણ કરવાનો નિર્ણય લઈ લીધો.

મહાપ્રભુએ પોતાના આત્મસ્વરૂપ નિતાઈ (નિત્યાનંદ)ને કહ્યું, 'જીવોનું દુઃખ મારાથી હવે જોયું જતું નથી. હવે હું મારા રૂપાળા કેશ કપાવી મુંડન કરાવી ઘેર ઘેર ભિક્ષા માગીશ. જેથી મારા ઉપર ડસ રાખનારા અજ્ઞાની જીવોને શાંત કરી શકું. મને ભિક્ષાના ટુકડા માગતો જોઈ તેમને તેમના બૂરા ભાવોનો પસ્તાવો થશે. એ પસ્તાવો તેમના માટે કલ્યાણ-માર્ગ બનશે. મને વર્તમાન દશામાં શાંતિ કે સાચું સુખ દેખાતું નથી. હવે હું પૂર્ણ શાંતિ અને સાચા સુખની શોધમાં દ્વાર દ્વાર પર અપરિગ્રહી સંન્યાસી બની ભટકીશ.' નિતાઈએ ગદ્ગદ્ કંઠે કહ્યું, 'પ્રભો ! આ ભક્તો આપના વિના કેવી રીતે રહી શકશે ? આપની વૃદ્ધ વિધવા માતા શચીદેવી પ્રાણ કેવી રીતે ધારણ કરશે ? આપનાં પત્ની વિષ્ણુપ્રિયાજી નિઃસંતાન છે, આજીવિકાનું કોઈ સાધન નથી, વળી તેમની યુવાવસ્થા છે; તેમની શું દશા થશે ?'

આ વાત પ્રભુએ મુકુંદ, શ્રીવાસ, પંડિત અને ગદાધરને કહી. ગદાધર તો ધૈર્ય ગુમાવી બેહોશ થઈ ગયા. શ્રીવાસે તો પ્રભુના સંકીર્તન માટે પોતાનું ઘર પ્રભુને સોંપી દીધું હતું. શ્રીવાસને પ્રભુ પોતાના પિતાતુલ્ય પ્રેમ કરતા હતા. બધા સજળ નેત્રે પ્રભુની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયા. પ્રભુના દૃઢ નિર્ણય સામે કોઈ કંઈ બોલી ન શક્યું. તે બધાએ પ્રભુનાં ચરણો અશ્રુથી ભીંજવી દીધાં.

પ્રભુના સંન્યાસની વાત શચીમાતા અને વિષ્ણુપ્રિયાજીના કાને પણ આવી. બંનેએ પોતાની કરુણ દશાનું વર્ણન કરી પ્રભુને પણ એક વાર ધ્રૂજાવી દીધા. નિમાઈનો અફર નિર્ણય જાણી શચીમાતાએ કહ્યું, 'બેટા, તને જેનાથી પ્રસન્નતા થાય તેમ કર. તારી પ્રસન્નતામાં મારી પ્રસન્નતા છે. જ્યાં પણ રહે, સુખી થજે, સુખથી રહેજે. હું તો તને કદાપિ ભૂલી શકવાનો નથી. ભગવાન તારું કલ્યાણ કરે. પરંતુ જવાનો હોય ત્યારે મને કહ્યા વિના ન જતો.' મહાપ્રભુએ માતાની અનુમતિ લઈ તેમની ચરણવંદના કરી. શચીમાતાને આશ્વાસન આપતાં પ્રભુ બોલ્યા, 'માતા ! તમે યોગ્ય માતાને અનુકૂળ વર્તાવ કર્યો છે. જઈશ ત્યારે તમને કહ્યા વિના નહિ જાઉં.'

વિષ્ણુપ્રિયા આ વખતે પિતાના ઘેરથી આવેલાં હતાં. આ પહેલાં લોકોમાં થયેલી ચર્ચાથી અજાણ હતાં. પરંતુ વાસ્તવિકતા સામે આવી જ ગઈ. એકાંતમાં પ્રભુને તેમણે કહ્યું, 'દેવ ! આપના સિવાય બીજા કોઈ કૃષ્ણને હું જાણતી નથી. મારા તો તમે જ ઈશ્વર છો. મને કોઈ સંસારના સુખની ઈચ્છા નથી. હું આપની ચરણસેવામાં જ જીવન વિચાવવા ઈચ્છું છું. મારા દેવતા ! જો જીવોના કલ્યાણમાં હું બાધક હોઉં તો હું આપનાં શ્રીચરણોના સોગંદ ખાઈને કહું છું કે હું સદાયે પિતૃગૃહે રહીશ. આપ ગંગાસ્નાન કરવા જશો ત્યારે છુપાઈને તમારાં દર્શન કરી લઈશ. હું તો મારા હૃદયને વજ્ર બનાવી પહાડ જેવાં દુઃખોને સહન કરીશ, પરંતુ આ વૃદ્ધ માતાની શું દશા થશે. તેમનું આગળ-પાછળ કોઈ નથી. તેમનું જીવન તો કેવળ આપની ઉપર નિર્ભર છે. તે આપના વિરહમાં પ્રાણોને ત્યાગી દેશે.'

કંઈક રુંધાયેલા સ્વરે પ્રભુએ તૂટક તૂટક શબ્દોમાં કહ્યું, 'પ્રિયે ! હું સદાયે તમારો છું અને રહીશ તમારો

નિઃસ્વાર્થ પ્રેમ હું કદી ભૂલી શકીશ નહિ. એવો કયો અભાગિયો તમારા જેવી સર્વગુણસંપન્ન જીવનસહચરીનો ત્યાગ કરી શકે? પરંતુ પ્રિયે! હું સત્ય-સત્ય કહું છું કે હવે મારું મન મારા વશમાં નથી. જીવોનું દુઃખ હવે મારાથી જોયું જતું નથી. હું સંસારી રહીને અને ઘરમાં રહીને જીવોનું પૂર્ણ કલ્યાણ નહિ કરી શકું. જીવો માટે મારે તમારો શરીરથી ત્યાગ કરવો પડશે. મનથી તો તમારો પ્રેમ ભૂલી શકવાનો જ નથી. તમે નિરંતર વિષ્ણુચિંતન કરતાં પોતાનું નામ 'વિષ્ણુપ્રિયા' સાર્થક કરો. સૌથી આગળપાછળ શ્રીહરિ છે. તેમના સિવાય પ્રાણીઓનો બીજો કોઈ આશ્રય નથી. હું વિવશ છું. મારે સંન્યાસી થઈને નવદ્વીપનો ત્યાગ કરી અન્યત્ર જવું જ પડશે. તમે મને સદાયે સુખી બનાવવાની ચેષ્ટા કરતાં રહ્યાં છો. તમે મારી પ્રસન્નતા માટે સર્વ સુખોનો ત્યાગ કર્યો છે. મને જો જબરદસ્તીથી અહીં રહેવાનો તમે આગ્રહ કરશો તો મને સુખ નહિ જ મળે. માતાજીની મેં આજ્ઞા લઈ લીધી છે. મને આશા છે કે તમે મને પ્રસન્નતાપૂર્વક સંન્યાસ ગ્રહણ કરવાની અનુમતિ આપશો.' હૃદયને કઠોર કરી, પોતાના દુઃખના આવેગને બળપૂર્વક રોકતાં વિષ્ણુપ્રિયાજી બોલ્યાં, 'જો માતાજીએ સંન્યાસની આજ્ઞા આપી જ દીધી હોય તો હું તમારા માર્ગમાં નહિ આવું. તમારા હૃદયમાં જ રાખજો, મને ભૂલશો નહિ. મને આપનાં શ્રીચરણોનું જ સદા ધ્યાન રહે એવા આશીર્વાદ આપતા જાઓ. પ્રસન્નતાપૂર્વક તો કેવી રીતે કહું, પણ આપની પ્રસન્નતા માટે મને બધું સ્વીકાર્ય છે. આપ સમર્થ છો, મારા સ્વામી છો, સ્વતંત્ર છો અને પતિતોના ઉદ્ધારક છો. હું તો આપનાં ચરણોની દાસી છું. સ્વામીના સુખ માટે દાસી બધું જ સહન કરી શકે છે, પરંતુ મારું સદાય સ્મરણ રાખજો, એ જ પ્રાર્થના છે.'

વિષ્ણુપ્રિયાજીને પ્રેમપૂર્ણ આલિંગન આપી પ્રભુ બોલ્યા, 'ધન્ય છે. તમે એક વીરપત્ની જેવી વાત કહી છે. આવું સાહસ તમારા જેવી સતી-સાધ્વી સ્ત્રી જ કરી શકે. તમે સદા મારા હૃદયમાં રહેશો.'

કમાઘમાસનો શુકલ પક્ષનો ચંદ્રમા અસ્ત થઈ ગયો હતો. બે ઘડી રાત શેષ હતી. સંપૂર્ણ નગરનાં નરનારી સુખની નિદ્રામાં પોઢ્યાં હતાં, પરંતુ પ્રભુનાં નેત્રોમાં નિદ્રા ક્યાં ? વિષ્ણુપ્રિયા તેમના ચરણ પકડી બેઠાં હતાં. પ્રભુ ઘર છોડવાનો અવસર શોધી રહ્યા હતા. ભાવી પ્રબળ છે. રાત્રિભર જાગતાં રહેલાં વિષ્ણુપ્રિયાને નિદ્રાદેવીએ પોતાના અંકમાં પોઢાડી દીધાં. તે પ્રભુની શય્યા પર જ તેમનાં ચરણોમાં પડીને સૂઈ ગયાં.

પ્રભુએ આ ઉત્તમ અવસર જોયો. ઘણી જ સાવધાનીથી તેમણે પોતાનાં ચરણોને વિષ્ણુપ્રિયાજીના ખોળામાંથી ખેંચ્યાં. નિદ્રાધીન વિષ્ણુપ્રિયાજીને ખબર ન પડી. પ્રભુ ધીરેથી શય્યા પરથી નીચે ઊતર્યા. પોતાનું વસ્ત્ર પહેર્યું, પ્રાણપ્યારી ઉપર છેલ્લી દૃષ્ટિ નાખી. મંદ મંદ પ્રકાશ રેલાવતા દીપકની જ્યોતિમાં વિષ્ણુપ્રિયાજીના મુખની જ્યોતિ અધિક શોભી રહી હતી. હૃદયને કઠોર બનાવી પ્રિયા તરફથી મુખ ફેરવી લીધું અને શયનગૃહની બહાર નીકળ્યા. દરવાજે શચીમાતા બેહોશ પડી રુદન કરી રહ્યાં હતાં. પ્રભુએ દુખિયારી માતાની ચરણરજ માથે ચડાવી મનોમન પ્રણામ કર્યા. તેમણે માનસિક પ્રાર્થના કરી કે, 'હે માતા! તમે મારા માટે ઘણાં કષ્ટ ઉઠાવ્યાં. ખવડાવી-પીવડાવી મોટો કર્યો, વિદ્યાવાન બનાવ્યો. છતાં પણ હું તમારી સેવા ન કરી શક્યો. માતા! હું તમારો જન્મોજન્મ ઋણી રહીશ' એમ કહી જલદીથી બહાર નીકળી જઈ પ્રભુ ગંગાકિનારે પહોંચ્યા. જે ઘાટ ઉપર તે આવ્યા, એ જ ઘાટ પરથી તેમના મોટાભાઈ વિશ્વરૂપ પણ સંન્યાસી બનીને ચાલી નીકળ્યા હતા. ઘાટ ઉપર ઊભા રહી પ્રભુએ નવદ્વીપ-નગરીનાં અંતિમ દર્શન કર્યાં અને હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે બોલ્યા : 'હે રાત્રિ! તું મારા ગૃહત્યાગની સાક્ષી છે. હે દિશાઓ! તમે મને ઘર-ગામ છોડતો જોઈ રહી છો. હે ધર્મ! હું જીવોના કલ્યાણ માટે ઘરબાર છોડી રહ્યો છું. હે બ્રહ્માંડના પાલનકર્તા! હું મારી વૃદ્ધ માતા અને યુવાન પત્નીને તમારા સહારે છોડું છું. તમારું નામ વિશ્વંભર છે, તમે સર્વના પાલનકર્તા છો, તેથી હું નિશ્ચિંત થઈ જઈ રહ્યો છું' એમ કહી પ્રભુએ નવદ્વીપ-નગરી અને ભગવતી ભાગીરથીને પ્રણામ કર્યા પછી તે ગંગાજીને તરીને પાર કરી કંટકનગરમાં ભીનાં વસ્ત્રે કેશવભારતીજીના ગંગાતટ પરના આશ્રમમાં ગયા. આ નિર્દય ઘાટ વિશ્વરૂપ અને નિમાઈ બંને ભાઈના સંન્યાસનો સાક્ષી હોવાથી આજે પણ 'નિર્દય ઘાટ' તરીકે પ્રસિદ્ધ છે અને પોતાની લોકપ્રસિદ્ધ નિર્દયતાની ઓળખ આપી રહ્યો છે.

'ભગવદ્‌ગીતાનું દિવ્ય રહસ્ય અને શ્રી ચૈતન્ય મહાપ્રભુ જીવન અને તત્ત્વદર્શન'માંથી સાભાર

# અસતો મા સદ્‌ગમય

-ડૉ. હરીશ દ્વિવેદી

સત્ય અને અસત્ય, દેવદૂત અને શેતાન વચ્ચેનો સંઘર્ષ અનાદિકાળથી ચાલ્યો આવ્યો છે. એમાં અસત્ય પર હંમેશાં સત્યનો વિજય થતો હોય છે. 'સત્યમેવ જયતે નાનૃતમ્' પરંતુ આ સત્ય તે બધી જ મર્યાદાઓથી પર એવું નિર્ભેળ સત્ય હોવું જોઈએ. શાસ્ત્રના સિદ્ધાંતોમાં એ સનાતન સત્યને પકડી શકાતું નથી. એ તો ત્રિકાલાબાધિત કેવળ સત્ય હોય છે. આ સત્ય જ્યારે શાસ્ત્ર, સિદ્ધાંત કે સંસ્થાના સકંજામાં પકડાઈ જાય છે, પછી એની ભારે દુર્દશા થઈ જતી હોય છે. એ સત્ય પછી સત્ય રહેતું જ નથી. આ સંદર્ભમાં એક સરસ મજાનું દૃષ્ટાંત છે.

એકવાર શેતાન અને તેનો મિત્ર દુનિયામાં ફરવા માટે નીકળ્યા. ચારે બાજુ શેતાનનું સામ્રાજ્ય વ્યાપેલું છે. જ્યાં જુઓ ત્યાં બધે જુઠ્ઠાણાંનો જયજયકાર થતો હોય છે. રાજમાર્ગ પરથી પસાર થતા રસ્તાનો એક રાહદારી નીચો નમી કોઈક કિંમતી વસ્તુને ઉપાડી લે છે. એના આનંદનો કોઈ પાર નથી. એ જોઈ શેતાનનો મિત્ર તેને પૂછે છે, ભાઈ રસ્તામાંથી તને એવી તે કઈ મૂલ્યવાન વસ્તુ મળી ગઈ છે, જેથી તારો આનંદ સમાતો નથી ? રાહદારી ખૂબ જ પ્રસન્ન થઈ જવાબ આપે છે, 'મને આજે 'સત્ય' મળી આવ્યું છે.' જીવનભર હું એને શોધતો રહ્યો છું. આજે એ સત્ય મને પ્રાપ્ત થયું છે.

શેતાનનો મિત્ર તેને કહે છે, 'દોસ્ત, હવે તારા દિવસો ભરાઈ ગયા. તારું આવી બન્યું સમજો. દુનિયાના લોકોને હવે સત્ય મળી ગયું છે. તારું હવે લાંબું ચાલી શકશે નહિ. તારાં કાળાં કરતૂતોને લોકો હવે તરત ઓળખી પાડશે.'

શેતાનના પેટનું તો પાણીયે હાલ્યું નહીં. ખૂબ જ શાંતિથી જાણે કશું જ બન્યું નથી એ રીતે જવાબ આપતાં શેતાને કહ્યું : 'મિત્ર, દુનિયાને સત્ય મળી ગયું એથી આટલા ગભરાઈ જવાની જરૂર નથી. આપણું સામ્રાજ્ય તો યથાવત્ રહેવાનું છે ! અત્યાર સુધી એ પ્રમાણે બનતું આવ્યું છે. દુનિયાના લોકો સત્ય મળી ગયા પછી એને સંપ્રદાય, સંસ્થા અને શાસ્ત્રના સિદ્ધાંતોમાં એને બાંધી દેતા હોય છે અને સત્ય આ રીતે ગમે ત્યાં એકવાર બદ્ધ થઈ ગયા પછી સત્ય રહેતું નથી. ત્યાં પછી માત્ર રહી જતા હોય છે નીતિ-નિયમો, સિદ્ધાંતો અને વ્યર્થ પરંપરાઓ. એટલા માટે એવા શાસ્ત્રબદ્ધ કે સંસ્થાગત થઈ ગયેલા સત્યથી ગભરાવાની જરૂર નથી.'

શેતાનના મિત્રે કહ્યું : 'દોસ્ત, તું શું કહેવા માગે છે, મને તો કંઈ જ સમજાતું નથી.' પ્રત્યુત્તર આપતાં શેતાને કહ્યું : 'દુનિયામાં લોકોને જે સત્ય મળતું હોય છે, તે નિર્ભેળ એક માત્ર કેવળ સત્ય રહેતું નથી. લોકો એને કોઈ ને કોઈ સિદ્ધાંત કે સંસ્થાની સાથે જોડી દેતા હોય છે. આવું સિદ્ધાંત કે સંસ્થાના સકંજામાં પકડાયેલું સત્ય એ પછી સત્ય રહેતું જ નથી અને ત્યાં પણ પછી સત્યના નામે અનેક બખડજંતર શરૂ થઈ જતાં હોય છે. એટલા માટે એવા સત્યથી ડરી જવાની કોઈ જરૂર નથી.'

વાત ખૂબ વિચારવા જેવી છે. આપણા યુગના મહાન તત્ત્વચિંતક શ્રી જે. કૃષ્ણમૂર્તિનાં જીવનદર્શનમાં આ વાતને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એમના માટે જીવન એ જ એક ઉપનિષદ હતું. જીવનની પ્રત્યેક પળ એ શાશ્વતીની એક નાનકડી પ્રતિકૃતિ બનીને ઉપસ્થિત થતી હોય છે. એ ક્ષણને જીવંત બનાવી જીવવાની કળા આપણે એમની પાસેથી શીખવાની છે.

શ્રી કૃષ્ણમૂર્તિ એમનાં પ્રવચનોમાં વારંવાર કહેતા : 'સત્યનો કોઈ નિશ્ચિત માર્ગ હોતો નથી. એ સત્યને કદી કોઈ શાસ્ત્રમાં, સિદ્ધાંતમાં કે સંસ્થાના પિંજરામાં બંધ કરી શકાતું નથી. એ તો ખુલ્લા આકાશમાં વિહાર કરતું મુક્ત પંખી છે. એને પ્રસ્થાપિત કરવા કોઈ દેવળની જરૂર નથી કે કોઈ શાસ્ત્રગ્રંથોની આવશ્યકતા નથી. દરેક વ્યક્તિ જો પોતાના સત્ય તરફ વળે તો દુનિયાની લગભગ બધી જ સમસ્યાઓનો અંત આવી જાય.'

આથી વિશેષ આપણે જોઈએ પણ શું ? આપણી બધી જ સમસ્યાઓનો નિકાલ થઈ જાય એનાથી રૂડું બીજું શું ? પરંતુ એને માટે આપણે સહુએ પોતાની

વ્યક્તિગત ચેતનાના સત્યને પિછાણવું પડે, આપણી બધી જ સમસ્યાઓનું મૂળ ત્યાં રહેલું છે. આપણી એ ચેતનાના સ્તર ઉપર સહુપ્રથમ પરિવર્તન લાવવું પડશે. બાકી બહારના ઢાંચાને આપણે ગમે તેટલા બદલીશું એનાથી કોઈ ફેર પડવાનો નથી.

વાસ્તવમાં મનુષ્ય જાતિનો સાચો ઈતિહાસ માનવીય ચેતનાના પરિવર્તનનો, એના ઊર્ધ્વારોહણનો ઈતિહાસ છે. તેમાં વ્યક્તિએ અનેક સિદ્ધાંતોનાં બંધનમાં તથા પરંપરાઓમાં જકડાયેલી પોતાની જાતને સહુ પ્રથમ મુક્ત કરવાની છે. એ જ આપણી સાચી મુક્તિ છે. ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણે આપણે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. એ વાતને વારંવાર દોહરાવતાં કહ્યું છે, 'ઉદ્ધરેદાત્મનાત્માનં આત્માનં નાવસાદયેત્' આપણે જ પોતાના મિત્ર અને શત્રુ છીએ. આપણે સહુએ પોતાનો ઉદ્ધાર પોતાની જાતે કરવાનો છે. ભગવાન બુદ્ધે આ જ વાતને સહેજ જુદી રીતે સમજાવતા 'આત્મદીપો ભવ' અર્થાત્ આપણે સ્વયં દીપક બની અને પ્રકાશ ફેલાવવાની વાત કરી છે.

ત્યારે આપણે તરત બોલી ઊઠીશું કે, આ તો બહુ અઘરી વાત છે. આપણા જેવા સામાન્ય મનુષ્યનું તો કામ નહીં. એ તો કોઈ બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ કે ઈસુ ખ્રિસ્ત જેવી મહાન વિભૂતિઓ માટે જ શક્ય હતું. પરંતુ આપણે જોઈએ છીએ તે પ્રમાણે એ પરંપરાને અનેક સંત-મહાત્માઓએ આજપર્યંત જીવંત રાખી છે. એટલું જ નહીં, પરંતુ એને સમુજજ્વળ બનાવી છે. અને એક વાત તો આપણે સ્વીકારવી પડશે કે એક વ્યક્તિ માટે કોઈપણ સમયે એક વસ્તુ શક્ય હોય એનો અર્થ એ થયો કે દરેક વ્યક્તિ કોઈપણ સમયે એ કરવા શક્તિમાન છે.

એને માટે આપણે કોઈ ખાસ પ્રયત્ન પણ કરવાનો નથી. જીવનને જેવું છે તેવું કોઈપણ પ્રકારના વિરોધ વિના સ્વીકારી લેવાનું છે, જીવનની એ સહર્ષ સ્વીકૃતિમાં બધું જ સમાવિષ્ટ છે. સર્વત્ર વ્યાપીને રહેલાં ચૈતન્યની સાથે એકરૂપ થવાનો એ સહજમાર્ગ છે. આપણું મન બધાં જ બંધનોમાંથી મુક્ત થવું જોઈએ. તે ભૂતકાળના અનુભવોથી અભડાયેલું ન હોવું જોઈએ અને નવું જાણવા-શીખવા માટે હંમેશાં તૈયાર હોવું જોઈએ. આપણે દરેક પ્રકારના પૂર્વગ્રહો, પૂર્વાનુભવો અને સ્મૃતિઓથી સદંતર મુક્ત બની જીવતાં શીખવાનું છે.

જીવન તો પ્રત્યેક ક્ષણે નિત-નવીન હોય છે. પ્રતિક્ષણે એ નવલાં રૂપો ધારણ કરતું હોય છે. દરરોજ સવારે પૂર્વ દિશામાં સૂર્ય ઊગતો હોય છે છતાં પ્રત્યેક સૂર્યોદય એ નવો જ સૂર્યોદય હોય છે. સૂર્યોદયનો સંદેશો લઈને આવતી પ્રત્યેક ઉષા જીવનને વિવિધ રંગોથી, ઉલ્લાસથી ભરી દેવાની આશા લઈને આવતી હોય છે. ઋગ્વેદનાં ઉષાસુક્તમાં આપણા પૂર્વજ ઋષિઓએ જે હર્ષોલ્લાસથી ઉષાદેવીનું અભિવાદન કર્યું છે. તે પ્રમાણે આજે પણ એ રોજ સવારે પૂર્વાકાશમાં વિવિધ રંગોના સાથિયા તે પૂરતી હોય છે.

પ્રત્યેક ક્ષણ એ શાશ્વતી (Eternity)ની એક નાનકડી પ્રતિકૃતિ હોય છે. જીવનની એ ક્ષણોને જીવંત બનાવી એમાં શાશ્વતીનો ધબકાર સાંભળતાં શીખવાનું છે. આપણા જીવનની એ ક્ષણોને જ્યારે આપણે સાચા અર્થમાં જીવતાં શીખીશું ત્યારે આપણને તે અનંતની સાથે જોડી દેશે અને ત્યારે આપણા જીવનની પ્રત્યેક ક્ષણ એ સત્ય, શિવ અને સુંદરની ઉપાસના બની જશે.

## શ્રદ્ધાંજલિ

**॥ ૐ શ્રી રામ જય રામ જય જય રામ ॥**

શ્રી રામદાસ આશ્રમ કનહાનગઢના પરમાધ્યક્ષ પૂજ્યશ્રી સ્વામી સચ્ચિદાનંદજી મહારાજનો દેહવિલય થયો. પૂજ્ય પપ્પા રામદાસજી અને પૂજ્યા શ્રી કૃષ્ણાબાઈ માતાજીના તેઓ માનસપુત્ર હતા. પૂજ્યા કૃષ્ણાબાઈ માતાજીના દેહવિલય પછી પૂજ્ય પુરુષોત્તમ પપ્પા અને પૂજ્યા શ્રી કૃષ્ણાબાઈ માતાજીનાં દર્શન ભક્તો સ્વામી સચ્ચિદાનંદજીમાં કરતા. આપણા સદ્‌ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજ પ્રત્યે સ્વામી સચ્ચિદાનંદજી મહારાજની અનન્ય ભક્તિ હતી. તેઓ હોમિયોપેથી દવાઓના સુજ્ઞ તબીબ હતા. દવા અને દુવાના અધિકૃત જ્ઞાતા પૂજ્ય સ્વામીજી મહારાજની ખોટ કદી પૂરી કરી શકાશે નહીં. તેમનો દેહવિલય થયો છે, પરંતુ પૂજ્ય પુરુષોત્તમ પપ્પા રામદાસજીના અનેક ભક્તોનાં હૃદયે તેઓસદા સર્વદા શાશ્વત ચિરંજીવ રહેશે.

**॥ ૐ શ્રી રામ જય રામ જય જય રામ ॥**

# પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૮

**રોમ (જ્યોર્જિયા) :** પૂજ્ય ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના પવિત્ર પ્રાકટ્ય દિવસે સવારે બ્રાહ્મમુહૂર્ત પ્રાર્થના-સત્સંગ બ્લુમીંગ્ટન (ઇન્ડિયાના)માં કર્યાં. પછી પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ઢળતી બપોરે એટલાન્ટા એરપોર્ટ આવી પહોંચ્યા હતા. ઇન્ડિયા ટ્રીબ્યુન-એટલાન્ટાના પ્રમુખ સંપાદક શ્રી રવી પોનાન્ગી તથા રોમ-જ્યોર્જિયાના શ્રી જયકીસનભાઈ પટેલે પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. રોમ એટલાન્ટાથી ૬૫ કિ.મી. દૂર છે. ત્યાંના શ્રીરામ મંદિરમાં દરરોજ તા.૨૯ની સવાર સુધી યોગસત્ર અને સાંજે જાહેર પ્રવચનો થયાં. પ્રવચનો શ્રી શિવ મહિમા, ગાયત્રી મંત્ર મહિમા, મૃત્યુંજય મંત્ર મહિમા, રામાયણ રહસ્ય, શ્રીકૃષ્ણ યુગ પુરુષ વિષયો પર થયાં. ૨૭મીના રોજ ગ્લોબલ મોલમાં અને ૨૮મીના રોજ સિનિયર સિટીઝન ગ્રુપ્સ માટે સુપ્રસિદ્ધ ભારતીય રેસ્ટોરાંમાં પ્રવચનો યોજાયાં.

એટલાન્ટાની મુલાકાત દરમિયાન પૂજ્ય પ્રમુખ સ્વામીજી મહારાજના BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શને પણ પૂજ્ય સ્વામીજી પધાર્યા. બંકીમહામ-અલાબામાથી પાછા ફરતાં પણ પૂજ્ય સ્વામીજી શ્રી જયકીસનભાઈનાં એકસો વર્ષનાં જ્ઞાન અને વયોવૃદ્ધ માતાશ્રીનાં દર્શને ફરીથી રોમ-જ્યોર્જિયા તા.૫મી ઓક્ટોબરની રાત્રે પધાર્યા હતા. રોમ ખાતેના સર્વે કાર્યક્રમોનું આયોજન આદરણીય શ્રી જયકીસનભાઈ દંપતીના પ્રેમે કરીને થયું.

**શાર્લોટ (નોર્થ કેરોલીના) :** તા.૨૯મી સપ્ટેમ્બરની ઢળતી બપોરે પૂજ્ય સ્વામીજી શાર્લોટ આવી પહોંચ્યા હતા, ત્યાં આદરણીયા શ્રી અને શ્રીમતી ભવાની સરકાર પરિવારે પૂજ્ય સ્વામીજીનું શાર્લોટ બંગાળી સમાજે મહાલય નિમિત્તે વિશેષ સત્સંગનું આયોજન કર્યું હતું. પૂજ્ય સ્વામીજીએ દુર્ગાપૂજા-નવરાત્રી એટલે આત્મસંયમ અને આત્મ ઉપાસના વિષયક ખૂબ જ મનનીય પ્રવચન કર્યું હતું. ૩૦મી સપ્ટેબરે પ્રથમ નવરાત્રીની સવારે શ્રી દુર્ગાપૂજા, ચંડી હોમ પછી સાંજે ભક્તોને ત્યાં પધરામણી બાદ જાહેર સત્સંગ થયો હતો. ઑક્ટોબરની પહેલી તારીખે સવારે શ્રી સુમીત સરકારને ત્યાં શ્રી સત્યનારાયણ પૂજન હિન્દુ મંદિરના આચાર્યશ્રીએ કરાવ્યું હતું. કથાસાર પૂજ્ય સ્વામીજીએ કહ્યો હતો. બપોરે શ્રી ચંડી-દુર્ગાપૂજા શ્રીમતી ઈલા અને શ્રી પરેશ પટેલને ત્યાં કર્યા બાદ સાંજે શ્રીમતી શેનોયને ત્યાં દક્ષિણ ભારતીય ભક્તો અને પરિવાર સાથે ખૂબ જ દિવ્ય સત્સંગ થયો. શાર્લોટ ખાતે પાંચમી ઓક્ટોબરે પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ થવાનું હતું; તે પ્રતિમાનું પૂજન અને સર્વધર્મ પ્રાર્થના બીજી ઑક્ટોબરે સવારે પૂજ્ય સ્વામીજીએ કર્યાં હતાં. આ પ્રતિમા ૮$^{1}/_{2}$ ફૂટ ઊંચી અને ૧,૨૦૦ કિલો વજનની છે, ૮૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય તો પણ સ્થિર રહે, તે પ્રમાણે તેનું ફાઉન્ડેશન કરવામાં આવ્યું છે. શાર્લોટ ખાતેના તમામ કાર્યક્રમો ખૂબ જ ભક્તિભાવપૂર્વક શ્રીમતી ભવાની સરકારે આયોજન કર્યું હતું.

**બંકીમહામ (અલાબામા) :** ઓક્ટોબરની બીજી સાંજેથી પાંચમી સાંજ સુધી બંકીમહામના હિન્દુ મંદિરના વિશાળ સભાગારમાં પૂજ્ય સ્વામીજીનાં પ્રવચનો અને ત્રીજી તારીખથી પાંચમી સવાર સુધી યોગવર્ગો યોજાયા. 'બંકીમહામ ન્યૂઝ' સમાચારપત્રે પૂજ્ય સ્વામીજી મહારાજ સાથે હિન્દુધર્મ, પૂજા, દેવી દેવતાઓ, ઉત્સવો, કર્મકાંડ, દેવસેવા અને પૂજ્ય સ્વામીજીની અમેરિકા ખાતે તથા ભારતમાં પ્રવૃત્તિ વિશે લાંબો લેખ લખ્યો, અને છાપ્યો. બંકીમહામ ખાતેનાં સર્વે આયોજનો શ્રી ઇન્દ્રજીતભાઈ સોની પરિવારે કર્યાં. અનેક ભક્તોને ત્યાં પધરામણી થઈ, પૂજ્યશ્રીએ સૌને આશીર્દાન આપી કૃતાર્થ કર્યા.

**ટેમ્પા-ફ્લોરીડા :** આદરણીય શ્રી રામ જાખોટિયા દંપતીના પ્રયાસે ટેમ્પાનાં ઇન્ડિયન કલ્ચરલ સેન્ટર (ભારતીય સાંસ્કૃતિક ભવન)ના વિશાળ સભાગારમાં સવારે તથા સાંજે યોગવર્ગો યોજાયા. ભક્તોને ત્યાં પધરામણીઓ થઈ. તદુપરાંત દક્ષિણ ભારતીય સમાજ સંસ્થાપિત મંદિરમાં દુર્ગાપૂજામાં પણ પૂજ્યશ્રી સ્વામીજી ઉપસ્થિત રહ્યા.

**કોર્પસ ક્રીસ્ટી (ટેક્ષાસ) :** શ્રીમતી ભક્તિબેન નાડકર્ણી અને કુ. નીલાબેન પટેલના ઉત્સાહથી કોર્પસ ક્રીસ્ટીના સુપ્રસિદ્ધ શ્રી વેંકટેશ મંદિરમાં તા.દસથી બાર સુધી સાંજે સત્સંગ અને તા. અગિયારથી તેરની સવાર સુધી યોગવર્કશોપ આયોજાયાં. પૂજ્યશ્રી સ્વામી વેંકટેશાનંદજી મહારાજનાં શિષ્યા અને સદ્ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનાં અનન્ય ભક્ત પૂજ્યા મણિબા પટેલનાં દર્શને પૂજ્ય સ્વામીજી પધાર્યા હતા. આ ઘર મૂરહેડ ખાતે પૂજ્ય ગુરુદેવની પ્રસાદીનું ઘર છે. ત્યાં પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ બે વખત પધાર્યા છે. અમદાવાદ શિવાનંદ આશ્રમના રસોડાંના બાંધકામ માટેનું પવિત્ર દાન પૂજ્યા મણિબાના દિવંગત

પતિદેવ શ્રીરામભાઈ પટેલે શ્રી સ્વામી વેંકટેશાનંદજી મહારાજની સ્મૃતિમાં આપેલું. આ પવિત્ર દાનના પ્રતાપે અમદાવાદ શિવાનંદ આશ્રમમાં અન્નપૂર્ણામાતા શાશ્વત પ્રકટ છે, અને શ્રી ગુરુકૃપા વડે અખંડ ભોજન સૌને પ્રાપ્ત થાય છે. આ સિવાય ડૉ. જાનકીને ત્યાં પણ પૂજ્યશ્રીએ પધરામણી કરી હતી.

શ્રીમતી ભક્તિબેન અને શ્રી ગોવિંદ નાડકર્ણીના માતાપિતા પહેલાં અમદાવાદમાં હતાં. તેમનો સર્વેનો પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી પ્રત્યે ખૂબ જ સદ્ભાવ છે. તેમની સેવાઓ અને અનન્ય ભક્તિ માટે શિવાનંદ આશ્રમ અમદાવાદ તેમનો ઋણી રહેશે. સત્સંગ, યોગ વર્કશોપ ઉપરાંત પૂજ્ય સ્વામીજીના નેતૃત્વમાં કોર્પસ ખાતે શ્રી સત્યનારાયણ મહાપૂજાનું સામૂહિક આયોજન થયું હતું.

**રોઈદોસો (ન્યુ મેક્સિકો)** : અલ્બુકીરકી એરપોર્ટથી ત્રણ કલાકના મોટર રસ્તે રોઈદોસો સમુદ્રતટથી ૭,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. ગગનચુંબી હિમગિરિ શ્રૃંગો અને આકાશને આલોપતો દેવદાર તથા ચીડનાં વૃક્ષોના દિવ્ય અને ભવ્ય વનસમૂહ વચ્ચે વસેલાં રોઈદોસોમાં પૂજ્ય સ્વામીજી ઓક્ટોબરની તેરમી તારીખે બપોરે આવી પહોંચ્યા ત્યારે ૩૧° F તાપમાન હતું. અર્થાત્ આપણાં શૂન્યથી પણ ઓછું. અહીંનાં યોગ સ્ટુડિયોનાં આચાર્યા શ્રીમતી માયરા રોમીરો જામનગર આયુર્વેદિક યુનિવર્સિટીમાં શોર્ટ ટર્મ કોર્સ માટે આવેલાં, ત્યારે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજીને મળેલાં. તેમનાં નિમંત્રણે પૂજ્ય સ્વામીજી અત્રે બીજી વાર પધાર્યા. યોગ, પ્રાણાયામથી વિશેષ અહીંના સાધકો ધ્યાનપ્રેમી છે. એક મેક્સિકન સાધક શ્રી એલને સીતારવાદન કર્યું હતું, પૂજ્યશ્રીએ ધ્યાનવર્ગનું સંચાલન કર્યું હતું. પૂજ્ય સ્વામીજીનો ઉતારો શ્રીમતી મંજુબેન અને શ્રી હસમુખભાઈને ત્યાં હતો. અહીં આખા શહેરમાં માત્ર પાંચ ભારતીય પરિવારો જ છે. અહીંની મેક્સિકન પ્રજા ખૂબ જ સરળ, નિષ્કપટ અને પવિત્ર ચરિત્ર પ્રજા છે. શ્રીમતી માયરા રોમીરો શ્રીકૃષ્ણ ભક્ત છે. પૂજ્યશ્રીએ તેને પવિત્ર મીરાં નામ આપેલું છે.

**ટુશાન (એરીઝોના)** : તા. પંદરમીની બપોરે પૂજ્ય સ્વામીજી અલ્બુકીરકીથી ફીનીક્ષના એરપોર્ટે આવી પહોંચ્યા હતા. શ્રીમતી નિલમ શેટી અને શ્રીમતી પૂનમ જૈન પૂજ્ય સ્વામીજીને ટુશાન હંકારી ગયાં હતાં. સાંજે વિશાળ ઉદ્યાનમાં ખુલ્લા નીલા આકાશ નીચે ચાંદનીમાં 'દૈનિક જીવનમાં ભગવદ્‌ગીતા' પ્રવચન આયોજાયું હતું. એક વિશાળ શ્રોતા સમુદાયમાં અધિકાંશ અમેરિકન પ્રજા ઉપરાંત ભારતના સર્વે ભાષા-ભાષી લોકો ઉપસ્થિત હતા. એરીઝોના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રશ્નોત્તરી અને ધ્યાન પશ્ચાત્ સૌને માટે ભોજનની વ્યવસ્થા પણ હતી. સમગ્ર વ્યવસ્થા આરક્ષિત નિમંત્રણથી કરવામાં આવી હતી, ૧૨૦ મિત્રોની ઉપસ્થિતિ નોંધાઈ હતી. તા.૧૬મીની સવારે પૂજ્ય દલાઈલામાનાં ભક્ત શ્રીમતી પેગીનાં વિશાળ ઉદ્યાનની લોનમાં યોગવર્ગ ૮-૩૦ થી ૧૧-૦૦ સુધી આયોજાયો હતો. 'વિજ્ઞાન અને ધર્મ વચ્ચે અંતર કેમ ઓછું કરી શકાય ?' આરક્ષણ અને નિમંત્રણથી આવેલા ૧૮૦ અમેરિકન ડોક્ટરો, મેડિકલ અને પેરામેડિકલ શ્રોતાઓએ પૂજ્ય સ્વામીજીનાં ઉદ્‌બોધનને મંત્રમુગ્ધ થઈને સાંભળ્યા હતા. ટુશાનના સુપ્રસિદ્ધ સર્જન અને સમીક્ષક શ્રી સ્ટીવ ગોલ્ડમેને કહ્યું, 'મારા જીવનનો એક અદ્‌ભુત આધ્યાત્મિક અનુભવ ! તેઓનું સામીપ્ય દિવ્યતાનો અનુભવ આપી ગયું.' ટુશાન મેડિકલ સેન્ટરના ડાયરેક્ટર શ્રી પામર ઈવન્સે કહ્યું, 'અમારી સંસ્થાના ઇતિહાસમાં આજે એક અદ્‌ભુત પ્રસંગ ઉજવાયો છે, પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિથી અમો સૌ ધન્ય થયાં છીએ.' તેમની વિનંતીથી પૂજ્ય સ્વામીજીએ નવજાત શિશુઓનાં ક્રીટીકલ કન્ડીશન વિભાગમાં જઈને બાળકોનાં સુખદ સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્યની પ્રાર્થના કરી હતી. આ સભામાં બે હજાર ડોલરનાં પુસ્તકો અને સીડી, ડીવીડીનું વેચાણ થયું હતું.

તા.૧૭મીની સવારે ટુશાન મેડિકલ સેન્ટરનાં કાર પાર્કિંગ લોટમાં વિશાળ યોગવર્ગનું આયોજન થયું હતું. આ સમગ્ર આયોજન શ્રીમતી નિલમ અને શ્રી ગુલશન શેટીના પ્રેમાળ પ્રયાસ અને ઉત્સાહ વડે થયું હતું. ડૉ. ગુલશન અમેરિકન સેનેટના મેમ્બર છે. એરીઝોના યુનિવર્સિટી અને ટુશાન મેડિકલ સેન્ટરના સલાહકાર મંડળના ડાયરેક્ટર છે. તેમણે પચાસ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન કર્યાં છે. દસ હજારથી વધુ બાયપાસ સર્જરી કરેલ છે. આ દંપતીનાં પ્રથમ પુત્રીનો પહેલો જન્મદિવસ પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં નૈનીતાલમાં ઉજવવામાં આવ્યો હતો. શ્રીમતી નિલમનાં માતાપિતા શ્રીમતી રાજ અને શ્રી ડૉ. કર્નલ મધુસુદન પૂજ્ય સ્વામીજીનાં ૧૯૭૬થી ભક્તો છે. ટુશાનથી પૂજ્ય સ્વામીજી ફીનીક્સ એરપોર્ટ આવ્યા હતા. રસ્તામાં એક્સિડન્ટને કારણે મોડા પડતાં પ્લેન ઉપડી ગયું હતું. પછી યુ.એ. એરલાઈન્સે નવી વ્યવસ્થા કરી આપતાં પૂજ્ય સ્વામીજી બેકર્સફીલ્ડ ખાતે બપોરે ૩-૩૦ને બદલે રાત્રે સાડા નવ વાગ્યે પહોંચ્યા હતા. આમ થવાથી બેકર્સફીલ્ડ ખાતે આયોજાયેલો સાંજનો સત્સંગ શ્રી અશોક ભટ્ટનાં ભક્તિ સંગીત સાથે પૂરો થયો હતો.

**બેકર્સફીલ્ડ (કેલિફોર્નિયા)** : તા.૧૮મી ઓક્ટોબરની સવારે 'ગોકુલ' ખાતે શ્રી ચિન્મય મિશનમાં સવારે ૯-૦૦ થી ૧૦-૩૦ સુધી યોગ સેમિનાર અને સવારે અગિયારથી બપોરે બાર વાગ્યા સુધી યોગમય જીવન પર પૂજ્યશ્રી સ્વામી

અધ્યાત્માનંદજીનું ઉદ્‌બોધન થયું. સાંજે શ્રી અશોકભાઈ અને શ્રીમતી સુધાબેન ભટ્ટને ત્યાં સત્સંગ પછી રાત્રે પૂજ્ય સ્વામીજી લોસ એન્જલ્સ જવા રવાના થયા હતા. બેકર્સફીલ્ડ ખાતે શ્રી અશોકભાઈ ભટ્ટ અને શ્રી સતીષ દેસાઈ દંપતીએ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

**લોસ એન્જલ્સ (કેલિફોર્નિયા)** : એશિયન ડેન્ટલ સર્જન એસોસિયેશનના સભ્ય ડૉ. શ્રી વિનોદ રાણાના પ્રયત્નો અને ઉત્સાહ થકી પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજના સત્સંગ પ્રવચનોના કાર્યક્રમો લોસ એન્જલ્સ ખાતે રવિવાર તા.૧૯-૧૦ અને સોમવાર તા.૨૦-૧૦ના રોજ આયોજાયા.

રવિવારે સવારે ૧૧-૩૦ થી બપોરે ૧-૩૦ વાગ્યા સુધી શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અને સાંજે વેલી ખાતેના હિન્દુ ટેમ્પલમાં જાહેર પ્રવચનો થયાં. સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામીજી લોસ એન્જલ્સનાં નૂતન નિર્માણાધીન BAPS મંદિરમાં ગયા. ત્યાં હેલ્થફેર - સ્વાસ્થ્ય મેળા ઉપરાંત કોઠારી સ્વામીજી ઠાકોરજીનાં દર્શને લઈ ગયા. પ્રસાદીની માળાની પ્રસાદ-દક્ષિણા ઇત્યાદિથી પૂજ્ય સ્વામીજીનું સન્માન કર્યું. નૂતન નિર્મિત હવેલીનાં દર્શન કરાવ્યાં. હવેલી અને મંદિર વચ્ચે નવું પેવીંગ થતું હતું, ત્યાં પૂજ્ય સ્વામીજી મહારાજે શ્રમદાન કર્યું; અને ઈંટો ધામ-ધામી તથા મુક્ત માટે (ત્રણ) મૂકી.

લક્ષ્મીનારાયણ મંદિરના પ્રવચનનો ખૂબ પ્રચાર હતો, ત્યાં અંગ્રેજીમાં દીપાવલી-પર્વ અને લક્ષ્મીપૂજન વિષે મનનીય પ્રવચન થયું. સાંજે હિન્દુ મંદિરમાં દૈનિક જીવનમાં યોગ-આહાર-વિહાર વિશે હિન્દીમાં પ્રવચન થયું. તા.૨૦ને સોમવારના રોજ ભક્તોને ત્યાં પધરામણી તથા સત્સંગો થયા. સાંજે ૮-૦૦ થી ૮-૩૦ મધ્યપ્રદેશ ભાનપુરા પીઠના શ્રીમત્ શંકરાચાર્ય શ્રી દિવ્યાનંદ તીર્થશ્રીની ઉપસ્થિતિમાં સત્સંગ થયો.

લોસ એન્જલ્સના સર્વે કાર્યક્રમો આદરણીય ડૉ. વિનોદ રાણા અને ડૉ. શ્રીમતી સુરેખા વશીના સુભગ પ્રયત્નોથી સંપન્ન થયા.

**કેલગરી (કેનેડા)** : તા.૨૧-૧૦ થી ૨૮-૧૦ સુધી કેલગરીના શ્રી સનાતન મંદિરમાં સવારે યોગવર્ગો અને સાંજે જાહેર કાર્યક્રમો યોજાયા. પૂજ્ય સ્વામીજીના રેડિયો ઇન્ટરવ્યૂ તથા છાપામાં પણ પ્રવચન સાર છપાયા. આ સર્વે કાર્યક્રમોની સફળતાનો યશ શ્રી સલીલ નંદા સાહેબને મળે છે.

**વીનીપેગ (કેનેડા)** : તા.૨૮-૧૦ના રોજ પૂજ્યશ્રીનું આગમન થયું. દીપાવલીના પર્વમાં પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના આગમનથી સૌને આનંદ થયો. અહીં પૂજ્યશ્રીની યોગશિબિર તથા પ્રવચનો, પધરામણીઓ તા.૬-૧૧ સુધી ચાલશે.

## વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ** : શિવાનંદ આશ્રમ અમદાવાદને અખિલ ભારતીય સ્વૈચ્છિક રક્તદાન દિન-પહેલી ઓક્ટોબરના રોજ "સિલ્વર સ્ટાર એચિવર બ્લડ ડોનર ઇન્સ્ટિટ્યૂટ"ના એવોર્ડથી સન્માનવામાં આવ્યો. સંસ્થા વતી આશ્રમના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝા તથા મંત્રી શ્રીમતી પૂનમબેન થવાણીએ આ સન્માન સ્વીકાર્યું.

પવિત્ર નવરાત્રિ પર્વે ધામધૂમ સાથે માતૃવંદના-ભક્તિપર્વ ખૂબ જ ધામધૂમ સાથે ઊજવાયું. દરરોજ સવારે શ્રીમદ્ ભગવદ્‌ગીતા પારાયણ અને સાંજે શ્રી દુર્ગા સપ્તશતિ (ચંડીપાઠ) પારાયણ સામુહિક રીતે શ્રી કમલેશકુમાર ઝા દ્વારા કરાવવામાં આવ્યું જેમાં વિશાળ ભક્ત સમુદાયે સહર્ષ ભાગ લઈ શક્તિ ઉપાસના આધ્યાત્મિક લાભ મેળવ્યો. અષ્ટમીના રોજ યજ્ઞ તથા બટુક-કન્યા પૂજામાં ૨૦૦ ઉપરાંત ૭ વર્ષથી નીચેના બાળપ્રભુની પૂજા-અર્ચના-ભોજન-પ્રસાદ અર્પણ કરીને માતૃભક્તિ કરવામાં આવી. દરરોજ રાત્રે ૯ થી ૧૨ સુધી આશ્રમની વિશાળ લોનમાં ૪૦૦ ઉપરાંત ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી મનીષભાઈ મજમુદાર અને શ્રીમતી પ્રમા મંકોડીના સ્વરે ફરતા ગરબા કરવામાં આવ્યા. જેમાં વિશેષતઃ સોની મહિલા મંડળ વિશેષ ગરબા તથા શ્રી જયેશ નાયક અને શ્રીમતી સીમા ત્રિવેદીના સાંનિધ્યમાં વૃદ્ધાશ્રમના વડીલો સાથે ગરબાની રંગત જામી. પ્રતિવર્ષની જેમ સમસ્ત નાગર સંકલન સમિતિ અમદાવાદ દ્વારા વિશેષ ફરતા ગરબાનું આયોજન અને શરદપૂર્ણિમાના રોજ શ્રીમતી મયૂરીકાબેન તથા એમના વૃંદ દ્વારા ગરબા કરાવવામાં આવ્યા.

શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ દીક્ષિત શ્રી સ્વામી અષેશાનંદજી મહારાજની ષોડશી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે તા.૧૮-૧૦ના રોજ પરંપરાગત રીતે કરવામાં આવી.

શ્રી લુણાવાડા નાગર મંડળના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે શિવાનંદ આશ્રમ ખાતે ૫૧ કુંડી ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો. આ પ્રસંગે મંડળે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વડીલોનું સન્માન કાર્યક્રમ તથા સાંજના ગરબાનું આયોજન પણ કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં મંડળના સભ્યોએ ઉપસ્થિત રહી આશ્રમના દિવ્ય વાતાવરણને મન ભરીને માણ્યું.

ધનતેરસના રોજ સાંજે પરંપરાગત રીતે શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે સામૂહિક શ્રીયંત્ર પૂજન કરવામાં આવ્યું.

દીપાવલી નિમિત્તે શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે વિશાળ અન્નકૂટ દર્શન કરીને આ પ્રસાદ ગરીબનારાયણને ઘરે ઘરે પહોંચાડવામાં આવ્યો.

## ટાઈટલ–૧

## આધ્યાત્મિક ભૂખ રાખો

તમને સાચેસાચ આધ્યાત્મિક ભૂખ છે ? તમારે ખરેખર ભગવાન જોઈએ છે ? પ્રહ્લાદ જેવા આવેશથી પ્રાર્થના કરો, રાધાની માફક ગાઓ, વાલ્મીકિની જેમ નામજપ કરો. આ જ સેકંડે તમને દર્શન થશે.

**- સ્વામી શિવાનંદ**

## ટાઈટલ–૪

તમારા આત્માનો અવાજ સાંભળવા તમારા હૃદયના રેડિયોને ચાલુ કરો. ભગવાનને પવિત્રતા, આત્મસંયમ, વિનમ્રતા, ભક્તિ અને જ્ઞાનરૂપી ફૂલો અર્પણ કરો. એ જાણી લો કે જે બનવાનું છે, તે બનીને જ રહેશે. તેથી શાંત રહો. ચિંતા છોડી દો. બધી જ વસ્તુને અનાસક્ત ભાવે જુઓ. તમે સુખી થશો.

**- સ્વામી ચિદાનંદ**




ભવ્ય બટુક-કન્યાપૂજા (શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન)



નવરાત્રીમાં ગીતા તેમજ ચંડીપાઠના
સામૂહિક પારાયણમાં મગ્ન ભક્તો




શ્રીમત્ સ્વામી નારાયણસ્વરૂપાનંદજીના હસ્તે
નવરાત્રી અષ્ટમી હોમની પૂર્ણાહુતિ



કેલગરી, કેનેડા ખાતે યોગશિબિરમાં પૂજ્ય સ્વામીજી



શ્રી લુણાવાડા નાગર મંડળ દ્વારા આશ્રમમાં
આયોજિત ૫૧ કુંડી ગાયત્રી યજ્ઞ



SRI SWAMI ADHYATMANANDAJI

# A Life Divine

*Yogi Dr Malik has an inspirational meeting with Sri Swami Adhyatmanandaji of the Divine Life Society, regarded as one of today's spiritual giants.*

Sri Swami Adhyatmanandaji is a living genius. His life-long study and dedication to propagating the teaching of yoga and Vedanta sets him apart from many yoga practitioners. His mastery of the ancient Sanskrit texts, as well as English, allows him to impart a richness and depth of knowledge that would be difficult to access by many. His interest in this path has also led him to study other religions and spiritual practices.



RELIGION

Hispanic Baptists dedicate new space

'In harmony'

Indian swami teaching at Pelham temple

[illegible]



Piyal Patel, 30, joins the dance celebration during a Hindu festival, the Durga Puja, honoring the goddess Durga.

"Religion is a discipline. It is not a dogma or ritual."

The swami pointed around the temple at the various representations of deities, including Shiva, Vishnu and Radha Krishna, who is believed to have spoken the Bhagavad Gita, one of the sacred scriptures of Hinduism. A shrine to Radha Krishna occupies a central place in the Pelham temple.

Some of the deities are animal representations, such as Ganesh, the elephant god, and Hanuman, the monkey god.

[illegible]

Men practice in a yoga class at the Hindu Temple in Pelham.

[illegible]

See HINDUISM | Page [illegible]

Postal Registration No. GAMC 1417/upto 31-12-2008 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad - 380 002. Annual Subscription Rs. 100/-



લોસ એન્જલસ મુકામે ભાનપુરાપીઠ (મધ્યપ્રદેશ)ના
શ્રીમત્ શંકરાચાર્ય શ્રી દિવ્યાનંદતીર્થ સાથે પૂ. સ્વામીજી



શાર્લોટ ખાતે ગાંધીપાર્કમાં ગાંધીજયંતી નિમિત્તે
રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અર્પતા પૂજ્ય સ્વામીજી



શાર્લોટ ખાતે નવરાત્રી પ્રારંભ પ્રસંગે
ભવ્ય દુર્ગાપૂજન પ્રસંગે માતૃસેવા નિરત સ્વામીજી



રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા
શિવાનંદ આશ્રમનું વધુ રક્તદાન શિબિરોના
આયોજન બદલ કરાયેલ સન્માન
સ્વીકારતા શ્રી અરુણભાઈ ઓઝા

તમારા આત્માનો અવાજ સાંભળવા તમારા હૃદયના રેડિયોને ચાલુ કરો. ભગવાનને પવિત્રતા, આત્મસંયમ, વિનમ્રતા, ભક્તિ અને જ્ઞાનરૂપી ફૂલો અર્પણ કરો. એ જાણી લો કે જે બનવાનું છે તે બનીને જ રહેશે. તેથી શાંત રહો. ચિંતા છોડી દો. બધી જ વસ્તુને અનાસક્ત ભાવે જુઓ. તમે સુખી થશો.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision